Investors may contact the Company Secretary and Compliance Officer or the Registrar to the Offer in case of any pre-Offer or post-Offer related grievances including non-receipt of letters of Allotment, non-credit of Allotted Equity Shares in the respective beneficiary account, non-receipt of refund orders or non-receipt of funds by electronic mode, etc. For all Offer related queries and for redressal of complaints, Investors may also write to the BRLMs.

**AVAILABILITY OF THE RHP:** Investors are advised to refer to the RHP and the section titled *"Risk Factors"* on page 49 of the RHP, before applying in the Offer. A copy of the RHP shall be available on website of SEBI at www.sebi.gov.in, websites of the Stock Exchanges i.e. BSE Limited and National Stock Exchange of India Limited at www.bseindia.com and www.nseindia.com, respectively, and on the website of the Company at www.tatacapital.com; and on the websites of the **BRLMs**, i.e. Kotak Mahindra Capital Company Limited, Axis Capital Limited, BNP Paribas, Citigroup Global Markets India Private Limited, HDFC Bank Limited, HSBC Securities and Capital Markets (India) Private Limited, ICICI Securities Limited, IIFL Capital Services Limited *(formerly known as IIFL Securities Limited)*, J.P. Morgan India Private Limited and SBI Capital Markets Limited at https://investmentbank.kotak.com, www.axiscapital.co.in, www.bnpparibas.co.in, www.online.citibank.co.in/rhtm/citigroupglobalscreen1.htm, www.hdfcbank.com, www.business.hsbc.co.in, www.icicisecurities.com , www.iiflcap.com, www.jpmipl.com and www.sbicaps.com, respectively.

**AVAILABILITY OF THE ABRIDGED PROSPECTUS:** A copy of the abridged prospectus shall be available on the website of the Company, the BRLMs and the Registrar to the Offer at www.tatacapital.com, https://investmentbank.kotak.com, www.axiscapital.co.in, www.bnpparibas.co.in, www.online.citibank.co.in/rhtm/citigroupglobalscreen1.htm, www.hdfcbank.com, www.business.hsbc.co.in, www.icicisecurities.com , www.iiflcap.com, www.jpmipl.com and www.sbicaps.com and https://in.mpms.mufg.com/, respectively.

**AVAILABILITY OF BID CUM APPLICATION FORMS:** Bid cum Application Forms can be obtained from the Registered and Corporate Office of **TATA CAPITAL LIMITED, Tel:** +91 022 6606 9000; **BRLMs : Kotak Mahindra Capital Company Limited, Telephone:** +91 22 4336 0000, **Axis Capital Limited, Telephone:** +91 22 4325 2183, **BNP Paribas, Telephone:** +91 22 3370 4000, **Citigroup Global Markets India Private Limited, Telephone:** +91 22 6175 9999, **HDFC Bank Limited, Telephone:** +91 22 3395 8233, **HSBC Securities and Capital Markets (India) Private Limited, Telephone:** +91 22 6864 1289, **ICICI Securities Limited, Telephone:** +91 22 6807 7100, **IIFL Capital Services Limited,** *(formerly known as IIFL Securities Limited)* **Telephone:** + 91 22 4646 4728, **J.P. Morgan India Private Limited, Telephone:** +91 22 6157 3000 and **SBI Capital Markets Limited, Telephone:** +91 22 4006 9807, **Syndicate Members: HDFC Securities Limited, Telephone:** +91 22 3075 3400, **Kotak Securities Limited, Telephone:** +91 6218 5410, **Investec Capital Services (India) Private Limited, Telephone:** +91 22 6849 7400, **SBICAP Securities Limited , Telephone:** +91 22 6931 6411 and at the select locations of the Sub-syndicate Members (as given below), SCSBs, Registered Brokers, RTAs and CDPs participating in the Offer. Bid cum Application Forms will also be available on the websites of BSE and NSE and the Designated Branches of SCSBs, the list of which is available at websites of the Stock Exchanges and SEBI.

**Sub-Syndicate Members:** Axis Securities Limited, Almondz Global Securities Limited, Amrapali Capital & Finance Services Ltd. Anand Rathi Share & Stock Brokers Limited, Anand Share Consultancy, ANS Pvt Limited, Asit C. Mehta Investment Interrmediates Limited, Centrum Broking Limited, Centrum Wealth Management Ltd., Choice Equity Broking Private Limited, Dalal & Broacha Stock Broking Private Limited, DB (International) Stock Brokers Ltd., Eureka Stock & Share Broking Services Ltd., Finwizard Technology private Limited, G Raj & Co. (Consultants) Limited, IDBI Capital Markets & Securities Limited, Innovate Securities Pvt Limited, Jhaveri Securities, JM Financial Services Limited, Jobanputra Fiscal Services Private Limited, Kalpataru Multiplier Limited, Kantilal Chhaganlal Securities Pvt. Ltd., Keynote Capitals Limited, KJMC Capital Market Services Limited, Lakshmishree Investment & Securities Pvt Limited, LKP Securities Limited, Inventure Growth & Securities Ltd., Marwadi Shares & Finance, Motilal Oswal Financial Services Limited, Motilal Oswal Securities Limited, Nirmal Bang Securities Pvt Limited, Nuvama Wealth and Investment Limited (Edelweiss Broking Limited), Patel Wealth Advisors Pvt Limited, Pocketful Fintech Capital Private Limited, Prabhudas Lilladher Pvt Limited, Pravin Ratilal Share and Stock Brokers Ltd., RR Equity Brokers Pvt Limited, Sharekhan Limited, SMC Global Securities Limited, Systematix Shares and Stocks (India) Limited, Tanna Financial Services, Trade Bulls Securities (P) Ltd., Viren M Shah, Way2wealth brokers Pvt Ltd., YES Securities (India) Limited.

**Escrow Collection Bank :** HDFC Bank Limited • **Refund Bank :** HDFC Bank Limited
**Public Offer Account Bank :** ICICI Bank Limited • **Sponsor Banks:** HDFC Bank Limited and ICICI Bank Limited

**All capitalized terms used herein and not specifically defined shall have the same meaning as ascribed to them in the RHP.**

For **TATA CAPITAL LIMITED**
On behalf of the Board of Directors
*Sd/-*
**Ms. Sarita Kamath**
Chief Legal and Compliance Officer & Company Secretary

Place: Mumbai
Date: October 5, 2025

**TATA CAPITAL LIMITED** is proposing, subject to receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offering of its Equity Shares and has filed the RHP with RoC on September 26, 2025. The RHP will be available on the website of SEBI at www.sebi.gov.in, as well as on the websites of the Stock Exchanges i.e. BSE and NSE at www.bseindia.com and www.nseindia.com, respectively, on the website of the Company at www.tatacapital.com; and on the websites of the BRLMs, i.e. Kotak Mahindra Capital Company Limited, Axis Capital Limited, BNP Paribas, Citigroup Global Markets India Private Limited, HDFC Bank Limited, HSBC Securities and Capital Markets (India) Private Limited, ICICI Securities Limited, IIFL Capital Services Limited *(formerly known as IIFL Securities Limited)*, J.P. Morgan India Private Limited and SBI Capital Markets Limited at https://investmentbank.kotak.com, www.axiscapital.co.in, www.bnpparibas.co.in, www.online.citibank.co.in/rhtm/citigroupglobalscreen1.htm, www.hdfcbank.com, www.business.hsbc.co.in, www.icicisecurities.com , www.iiflcap.com, www.jpmipl.com and www.sbicaps.com, respectively. Any potential investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, see *'Risk Factors'* on page 49 of the RHP. Potential investors should not rely on the UDRHP-I filed with SEBI and Stock Exchanges for making any investment decision and should instead rely on the RHP, for making any investment decision.

The Equity Shares have not been and will not be registered under the U.S. Securities Act of 1933, as amended (the "**U.S. Securities Act**") or any state securities laws in the United States and, unless so registered, may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable state securities laws in the United States. Accordingly, the Equity Shares are being offered and sold (i) within the United States only to persons reasonably believed to be "qualified institutional buyers" (as defined in Rule 144A under the U.S. Securities Act) in transactions exempt from or not subject to the registration requirements under the U.S. Securities Act, and (ii) outside the United States in "offshore transactions" as defined in and in reliance on Regulation S under the U.S. Securities Act and the applicable laws of the jurisdiction where those offers and sales occur. The Equity Shares have not been and will not be registered, listed or otherwise qualified in any other jurisdiction outside India and may not be offered or sold, and Bids may not be made by persons in any such jurisdiction, except in compliance with the applicable laws of such jurisdiction. There will be no public offering of the Equity Shares in the United States.

# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 236 ■ વિક્રમ સંવત ૨૦૮૧
આશ્વિન સુદ-૧૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 6 October 2025, Monday ■ REGD.No. MCS/058/2024-26

સોમવાર, ૬ ઑક્ટોબર ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | ધર્મતેજ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# દાર્જિલિંગમાં ભેખડો ધસતા ૨૦ મોત

## ભારે વરસાદને લીધે ઊભી થયેલી ભયંકર પરિસ્થિતિ પર છે નજર: મોદી


SCAN FOR TODAY'S GOLD RATE
ANTARA GOLD RATE
જુના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
ANTARA GOLD & DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565


કોલકાતા: ભારે વરસાદને લીધે શનિવારે ઉત્તર પશ્ચિમ બંગાળના દાર્જિલિંગમાં અનેક જગ્યાએ ભેખડ ધસી પડતા ૨૦ જણનાં મોત થયાં હતાં. ભારે વરસાદને લીધે ઘરો તણાઈ ગયાં હતાં, રોડને નુકસાન થયું હતું અને અનેક અંતરિયાળ ગામો વિખૂટી પડી ગયાં હતાં. એનડીઆરએફ અને જિલ્લા વહીવટીતંત્રે તૈયાર કરેલા અહેવાલ પ્રમાણે સસાલી, જસબીરગાંવ, મિરિક બસ્તી, ધરગાંવ (મેચી), નાગરકટા અને મિરિક લેક એરિયા જેવા અનેક વિસ્તારોમાં જાનહાનિ

(જુઓ પાનું ૨) ▸▸



**વિનાશ:** દાર્જિલિંગમાં ભેખડો ધસી પડતા ભારે તારાજી થઈ હતી. (એજન્સી)

## નેપાળમાં વરસાદી આફતમાં ૫૧ મોત

કાઠમંડુ: નેપાળમાં ભારે વરસાદને કારણે છેલ્લા ૨૪ કલાકમાં ૫૧ લોકોનાં મોત થયા છે, જ્યારે જાહેર પરિવહન સહિત હવાઈ સેવા પર પણ અસર પડી છે. નેપાળના પૂર્વ પ્રાંતમાં સૂર્યોદય અને મંગસેબુંગ નગરપાલિકાના વિસ્તારોમાં અનેક લોકો ભોગ બન્યા છે. ભારે વરસાદને કારણે મોટી જાનહાનિને કારણે પ્રશાસન દ્વારા બચાવ કામગીરી હાથ ધરવામાં આવી છે, જ્યારે હજુ મૃતકોની સંખ્યામાં વધારો થઈ શકે છે. રાહત અને બચાવ કામગીરી માટે સુરક્ષા એજન્સીને અસરગ્રસ્ત વિસ્તારોમાં તહેનાત કરવામાં આવી છે.

આજે સવારના સૂર્યોદય નગરપાલિકા વિસ્તારમાં ભૂસ્ખલનને

(જુઓ પાનું ૨) ▸▸



દસ ઓવરમાં ૨૦ રનમાં ત્રણ વિકેટ લેનાર માત્ર બાવીસ વર્ષની ક્રાંતિ ગૌડ

## મહિલા વર્લ્ડ કપમાં ભારતે પાકિસ્તાની ટીમને ૮૮ રનથી કચડી નાખી

કોલંબો: ભારતની મહિલા ક્રિકેટરોએ અહીં રવિવારે વન-ડે વર્લ્ડ કપની લીગ મેચમાં પાકિસ્તાનને ૮૮ રનથી હરાવીને પોઇન્ટ્સ ટેબલમાં મોખરાનું સ્થાન મેળવી લીધું હતું.

ભારતીય ખેલાડીઓની ફીલ્ડિંગ ખરાબ ન હોત તો ભારતને વહેલો વિજય મળી ગયો હોત. ખાસ કરીને વિકેટકીપર રિચા ઘોષે ત્રણ કેચ છોડ્યા હતા.

પાકિસ્તાનની સિદ્રા અમીને ૧૦૬ બોલમાં સૌથી વધુ ૮૧ રન કર્યા હતા. ક્રાંતિ ગૌડ અને દીપ્તિ શર્માએ ત્રણ-ત્રણ વિકેટ તેમ જ સ્નેહ રાણાએ બે વિકેટ લીધી હતી. બે ખેલાડી રનઆઉટ થઈ હતી. પાકિસ્તાનની ટીમ ૨૪૮ રનના ટાર્ગેટ સામે ૧૫૯ રનમાં ઑલઆઉટ થઈ ગઈ હતી.

પાકિસ્તાનની બેટર્સ ભારતીય બોલર્સના પ્રેશરમાં આવીને અત્યંત ધીમું રમી હતી. ૨૪૮ રનના લક્ષ્યાંક સામે પહેલી ૧૫ ઓવરમાં તેઓ માંડ ૩૦ રન કરી શકી હતી અને એટલા નાના સ્કોરમાં તેમની ત્રણ વિકેટ પડી ચૂકી હતી. સામાન્ય રીતે ટેસ્ટ મેચમાં કરવામાં આવતી હોય એનાથી પણ સ્લો બેટિંગ પાકિસ્તાની બેટર્સે કરી હતી. સ્ટેડિયમમાં બેઠેલી પાકિસ્તાની ક્રિકેટરોની ઘણી ચાહકો પણ તેમની રમત જોઈને કંટાળી ગઈ હતી. પાકિસ્તાની બેટરના એક-બે રનના સામાન્ય સ્કોરિંગ શોટમાં તેમની ચાહકો બૂમો પાડીને ખુશી વ્યક્ત કરી લેતી હતી. રન દોડવામાં ઘણી બેટર્સ વચ્ચે તાલમેલ પણ નહોતો. એ પહેલાં, ભારતીય ટીમે બેટિંગ કરવાનું આમંત્રણ મળ્યા પછી ૫૦ ઓવરમાં ૨૪૭ રન કર્યા હતા. ભારત વતી એક પણ હાફ સેન્ચુરી નહોતી થઈ, પરંતુ નવ બેટરે નાના-મોટા યોગદાન આપ્યા હતા: હર્લીન દેઓલ (૪૬), રિચા ઘોષ (અણનમ ૩૫), જેમાઈમા (૩૨), પ્રતીકા રાવલ (૩૧), દીપ્તિ શર્મા (૨૫), સ્મૃતિ (૨૩), હરમનપ્રીત (૧૯), સ્નેહ રાણા (૨૦), ક્રાંતિ ગૌડ (૮). પાકિસ્તાન વતી પેસબોલર ડાયના બેગે સૌથી વધુ ચાર વિકેટ લીધી હતી. ■

## મહારાષ્ટ્રમાં કોલ્ડ્રિફ કફ સિરપ પર પ્રતિબંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્ર સરકારે કોલ્ડ્રિફ કફ સિરપના વેચાણ અને ઉપયોગ પર પ્રતિબંધ મૂક્યો છે. રવિવારે જારી કરાયેલા આદેશમાં જણાવાયું છે કે આ ઉત્પાદનનો કોઈપણ તારીખનો સ્ટોક જપ્ત કરવો. મધ્ય પ્રદેશ અને રાજસ્થાનમાં બાળકોના મૃત્યુ બાદ મહારાષ્ટ્ર સરકારે આ નિર્ણય લીધો છે.

આદેશમાં જણાવાયું છે કે મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશનને મધ્ય પ્રદેશ અને રાજસ્થાનમાં બાળકોના દુ:ખદ મૃત્યુ વિશે માહિતી મળી છે. આ ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, બધા લાઇસન્સધારકો અને સામાન્ય લોકોને કોલ્ડ્રિફ સિરપ (બેચ નં. એસઆર-૧૩) નું વેચાણ, વિતરણ અથવા ઉપયોગ તાત્કાલિક બંધ કરવાનો નિર્દેશ આપવામાં

(જુઓ પાનું ૨) ▸▸



## ગિરનારના ગોરખનાથ મંદિરમાં તોડફોડ કરાતાં રોષનો જ્વાળામુખી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જૂનાગઢમાં ગિરનાર પર્વત પર આવેલી નાથ સંપ્રદાયના ગુરુ ગોરખનાથની પવિત્ર જગ્યા (ગોરખ ટૂંક)માં મોડીરાત્રે અજાણ્યા શખ્સો દ્વારા તોડફોડ કરવામાં આવતા સંતો અને ભાવિકોમાં રોષની લાગણી ફેલાઈ હતી. તોફાની તત્ત્વોએ મંદિરમાં તોડફોડ કરીને ગોરખનાથની પ્રતિમાને નુકસાન કરીને બહાર જંગલમાં ફેંકી દીધી હતી. રાત્રિના સમયે અજાણ્યા ચાર શખ્સો દ્વારા તોડફોડને અંજામ આપવામાં આવ્યો હોવાનો મંદિરના પૂજારી દ્વારા આક્ષેપ કર્યો હતો. સમગ્ર મામલામાં મંદિરના પૂજારી સોમનાથ બાપુએ વિધિવત ફરિયાદ નોંધાવતા પોલીસે અલગ

(જુઓ પાનું ૨) ▸▸

## ભારત તેનાં યુદ્ધવિમાનોના કાટમાળ હેઠળ દબાઈ જશે: પાકિસ્તાનની શેખી

ઈસ્લામાબાદ: પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફે ભારતને ભવિષ્યમાં કોઈ પણ લશ્કરી અથડામણ કરવા સામે ચેતવણી આપતાં કહ્યું હતું કે આવી દુશ્મનાવટનો જડબાતોડ જવાબ આપવામાં આવશે. અલ્લાહની ઈચ્છા હશે તો પહેલા કરતા સ્કોર સારો હશે અને ભારત તેનાં યુદ્ધવિમાનના કાટમાળ હેઠળ દબાઈ જશે. ભારતના સંરક્ષણ પ્રધાન

(જુઓ પાનું ૨) ▸▸

## નામોનિશાન મિટાવી દઈશું: હમાસને ટ્રમ્પની ફરી ધમકી

### ઈઝરાયલે કર્યો બૉમ્બમારો: શાંતિ યોજના ખતરામાં

વૉશિંગ્ટન : અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે રવિવારે ચેતવણી આપી હતી કે જો હમાસ ગાઝા પરનો સત્તા-અંકુશ નહીં છોડે તો તેને મીટાવી દઈશું. બીજી બાજુ ઈઝરાયલે શનિવારે ફરી

(જુઓ પાનું ૨) ▸▸


MARUTI SUZUKI

NEXA

CELEBRATIONS JUST GOT BIGGER.
WITH GST BENEFITS + LIMITED PERIOD FESTIVE OFFERS*

| | PRICE REDUCTION OF UP TO# | NOW STARTING AT# | ADDITIONAL FESTIVE OFFERS OF UP TO* |
|---|---|---|---|
| FRONX | ₹1 12 600 | ₹6 84 900 | ₹75 000 |
| GRAND VITARA | ₹1 07 000 | ₹10 76 500 | ₹1 34 100 + 5 Year Extended Warranty |
| BALENO | ₹86 100 | ₹5 98 900 | ₹87 500 |
| IGNIS | ₹71 300 | ₹5 35 100 | ₹62 500 |
| INVICTO | ₹61 700 | ₹24 97 400 | ₹1 40 000 |
| XL6 | ₹52 000 | ₹11 52 300 | ₹35 000 |
| JIMNY | ₹51 900 | ₹12 31 500 | ₹70 000 |



SCAN TO CONNECT TO A SHOWROOM NEAR YOU

NEXA SAFETY SHIELD

*FESTIVE OFFERS VALID TILL 06TH OCT ONLY

UP TO 100% WAIVER ON CAR LOAN PROCESSING FEE (ONLY TILL 31ST OCT)##

E-BOOK TODAY @ WWW.NEXAEXPERIENCE.COM

Contact us at 1800-200-6392 1800-102-6392

For detailed T&C kindly visit your nearest dealership. Features and accessories shown may not be a part of the standard fitment. Black glass shade on the vehicle is due to the lighting effect. Images used are for illustration purposes only. All offers are brought to you by NEXA dealers only. Offers and features may vary subject to the model and variant purchased. *The mentioned offers include "Consumer Offer + Booking offer + Exchange Bonus + Rural offer", and may vary from city to city. Please contact nearby dealership for more details. Maruti Suzuki reserves the right to withdraw offers at any point in time without any advance notice. All offers are applicable till 06th October '25 or till stocks last. Maruti Suzuki Smart Finance is now available pan India. Maruti Suzuki Subscribe is available only in selected cities. ##Offers include consumer offer, exchange bonus and institutional or rural offers (wherever applicable) on select models/variants. Finance is at the sole discretion of the financer by selected finance partners. #Prices and savings mentioned above are for select variants and may vary across cities/ variants.

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# કફ સિરપકાંડ, ત્રણ વર્ષમાં કશું બદલાયું નહીં

**ભારતમાં** માણસના જીવની કોઈ કિંમત નથી અને પૈસાને ખાતર આ દેશમાં લોકોના જીવ સાથે રમત કરતાં પણ ખચકાટ ના થાય એવી માનસિકતા વધી રહી હોવાનું કફ સિરપ કાંડે સાબિત કર્યું છે. કોલ્ડ્રિફ નામનું કફ સિરપ પીવાથી મધ્ય પ્રદેશમાં ૨૭ દિવસમાં ૧૧ બાળકોના મોત થયા છે. મોતને ભેટેલાં બધાં બાળકો એકથી પાંચ વર્ષની ઉંમરનાં હતાં. કફ સિરપ પીવાથી રાજસ્થાનમાં પણ ૩ બાળકોનાં મોત થયાં છે. આ બાળકોએ ડેક્સટ્રોમેથોર્ફન હાઇડ્રોબ્રોમાઇડ કફ સિરપ પીધુ હતું. આ ડેક્સટ્રોમેથોર્ફન હાઇડ્રોબ્રોમાઇડ કફ સિરપ કેસોન્સ ફાર્મા કંપની બનાવે છે અને તેનો પ્લાન્ટ જયપુરમાં છે.

મધ્ય પ્રદેશ અને રાજસ્થાન બંને રાજ્યોમાં સરકારી યોજના હેઠળ મફતમાં કફ સિરપ અપાય છે. બાળકોમાં ખાંસી, ઉધરસ વગેરે સામાન્ય છે તેથી બાળકો મોટા પ્રમાણમાં મફતમાં મળતા સરકારી કફ સિરપ પીવે છે. બાળકોની રોગ પ્રતિકારક શક્તિ ઓછી હોય તેથી તેમને ઝડપથી અસર થઈ પણ મોટી ઉંમરનાં કો પણ કફ સિરપનો ભોગ તો નથી.

આ કફ સિરપ કાંડે દેશભરમાં ખળભળાટ મચાવ્યો છે ત્યારે આઘાતજનક વાત એ છે કે, મધ્ય પ્રદેશ અને રાજસ્થાનની સરકારો કફ સિરપના કારણે બાળકો મોતને ભેટ્યાં હોવાનું સ્વીકારવા તૈયાર નથી. એક સાથે ૧૩ બાળકો ગુજરી ગયાં તેથી મધ્ય પ્રદેશ સરકારે કફ સિરપ પર પ્રતિબંધ મૂક્યો પણ કંપની સામે કોઈ પગલાં નથી લીધાં. સ્થાનિક સ્તરે અધિકારીઓને દંડીને બલિના બકરા બનાવી દેવાયા છે.

મધ્ય પ્રદેશના છિંદવાડામાં કફ સિરપ પીવાથી કુલ નવ બાળકોનાં મોત થયાં અને તેમાં પહેલું મૃત્યુ ૭ સપ્ટેમ્બરે થયેલું પણ પહેલો શંકાસ્પદ કેસ તેના પખવાડિયા પહેલાં ૨૪ ઑગસ્ટે નોંધાયો હતો. ૭ સપ્ટેમ્બરે પહેલા મોત પછી ૧૫ દિવસમાં કિડની નિષ્ફળ જવાથી એક પછી એક છ બાળકોનાં મોત થતાં તેમના કિડનીના નમૂના લેવામાં આવ્યા હતા તેમાં ડાયથિલિન ગ્લાયકોલ હોવાનું બહાર આવ્યું.

આઘાતની વાત પાછી એ છે કે, મૃતકોની કિડની કામ કરતી બંધ થઈ તેના માટે ડીઈજીને કારણભૂત ગણાવાયું છે પણ મધ્ય પ્રદેશમાં કફ સિરપના નમૂના લેવાયા તેમાં પણ કોઈ ગરબડ નહીં હોવાનો સરકારી રિપોર્ટ બહાર પાડી દેવાયો છે. આઘાતની વાત પાછી એ પણ છે કે, આ કફ સિરપના તમિલલનાડુમાં લેવાયેલા નમૂનામાં સિરપમાં લગભગ ૪૮.૬ ટકા જેટલો ડાયથિલિન ગ્લાયકોલ (ડીઇજી) હોવાનું લેબોરેટરીનો રીપોર્ટ કહે છે પણ મધ્ય પ્રદેશની સરકારી લેબોરેટરી આ વાતનો ઈન્કાર કરે છે.

તમિલનાડુના કાંચીપુરમમાં પ્લાન્ટ ધરાવતી શ્રેસન ફાર્માસ્યુટિકલ્સ નામની કંપની કોલ્ડ્રીફ કફ સિરપ બનાવે છે. મધ્ય પ્રદેશમાં બાળકોનાં મોતના પગલે તમિલનાડુ સરકારને સિરપના નમૂના લઈને લેબ ટેસ્ટ કરવા કહેવાયું હતું. તેમાં ડાયથિલિન ગ્લાયકોલ (ડીઇજી)નો ઉપયોગ કર્યો હોવાનું બહાર આવ્યું છે. રાજસ્થાનમાં કંપનીનો પ્લાન્ટ જયપુરમાં જ છે તેથી રાજસ્થાનના આરોગ્ય મંત્રી ગજેન્દ્ર સિંહ ખિમસરે પોતે જ કફ સિરપમાં કોઈ ગરબડ નહીં હોવાનું જાહેર કરી દીધું છે.

બે રાજ્યોની લેબોરેટરીના અલગ અલગ રિપોર્ટ આવે અને એક રાજ્યના આરોગ્ય મંત્રી ખાનગી કંપનીનો બચાવ કરવા મેદાનમાં કૂદી પડે તેનો અર્થ શો એ કહેવાની જરૂર નથી. સરકાર દ્વારા મફતમાં અપાતા કફ સિરપના સપ્લાયમાં ભ્રષ્ટાચાર થયો છે તેથી સરકાર કંપનીઓને છાવરી રહી છે. આ ભ્રષ્ટાચાર કોણે કર્યો તેની તપાસ કરવાના બદલે મંત્રી પોતે બચાવ કરે તેનો અર્થ એ થયો કે, મંત્રી કે તેમના મળતિયાઓએ મલાઈ ખાધી હોઈ શકે છે. પહેલાં નહીં ખાધી હોય તો કાંડ થયો પછી ખાધી હશે. એ સિવાય બચાવ શું કરવા કરવો પડે ?

તમિલનાડુના લેબોરેટરી રિપોર્ટમાં કફ સિરપમાં ડાયથિલિન ગ્લાયકોલ (ડીઇજી) હોવાનું બહાર આવ્યું છે. ડાયથિલિન ગ્લાયકોલ (ડીઇજી) ઝેરી પદાર્થ મનાય છે અને કફ સિરપમાં ડાયથિલિન ગ્લાયકોલ (DEG) નાંખી જ ના શકાય. ડાયથિલિન ગ્લાયકોલ (ડીઇજી) અને ડાયથિલિન ગ્લાયકોલ (ઇજી) ઉદ્યોગોમાં વપરાય છે. તેનો ઉપયોગ એન્ટિફ્રીઝ, પેઇન્ટ, બ્રેક ફ્લુઇડ્સ અને પ્લાસ્ટિક બનાવવામાં થાય છે.

આ બંને કાર્બન ઘટકો છે. સુગંધ અને રંગ વિનાના બંને ઘટકોનો સ્વાદ મીઠો હોય છે. બાળકોના સિરપમાં એટલા માટે ઉમેરવામાં આવે છે કે મીઠાશના કારણે બાળકો સરળતાથી પી જાય છે. આ બંને પદાર્થો સસ્તા પણ છે તેથી તેનો ઉપયોગ કરીને કફ સિરપ બનાવી દેવાયા તેમાં નિર્દોષ બાળકોનો ભોગ લેવાઈ ગયો.

કફ સિરપ કાંડ પછી કેન્દ્ર સરકાર પણ સફાળી જાગી છે અને ઘોડા છૂટી ગયા પછી તબેલાંને તાળાં મારવા હેલ્થ એડવાઇઝરી બહાર પાડી છે. આ હેલ્થ એડવાઈઝરીમાં બે વર્ષથી ઓછી ઉંમરના બાળકોને કફ સિરપ ન આપવાની સલાહ આપવામાં આવી છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના એક વિભાગની એડવાઈઝરીમાં કહેવાયું છે કે ,સામાન્ય રીતે પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને કફ સિરપ ન આપવી જોઈએ અને પાંચ વર્ષથી મોટી ઉંમરના બાળકોને આપવામાં આવે તો તેનો ઉપયોગ સાવધાની સાથે કરવો જોઈએ.

આ સલાહનો અત્યારે કોઈ મતલબ નથી. બાળકોનાં મોત માટે કેન્દ્ર સરકારના કોઈ વિભાગ તરફ આંગળી ચીંધી શકાય તેમ નથી કેમ કે આ રાજ્યોનો વિષય છે પણ આવા ગંભીર કાંડ વિશે આરોગ્ય મંત્રાલય તપાસ કરાવે એવી અપેક્ષા હોય જ. તેના બદલે આરોગ્ય મંત્રાલય સલાહો આપીને સંતોષ માની રહ્યું છે.

કફ સિરપ કાંડે ફરી એક વાર ભારતીય ફાર્મા કંપનીઓની નૈતિકતા સામે સવાલ ખડો કરી દીધો છે. ત્રણ વર્ષ પહેલાં ૨૦૨૨ના ઓક્ટોબરમાં વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન (હૂ) એ ભારતની મેઈડન નામની ફાર્માસ્યુટિકલ કંપનીએ બનાવેલાં ચાર કફ સિરપ વિશે એલર્ટ જાહેર કર્યું ત્યારે આ જ સવા ઉભા થયેલા, એ વખતે ગામ્બિયા નામના આફ્રિકન દેશમાં આ કફ સિરપ પીવાથી બાળકોને કિડનીના ગંભીર રોગ થયા હતા ને ૬૬ બાળકો તો મરી ગયાં હતાં. ડબલ્યુએચઓના રિપોર્ટમાં પણ ડાયથિલિન ગ્લાયકોલ અને ડાયથિલિન ગ્લાયકોલનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

આ રીપોર્ટ પછી ભારત સરકારે જાગવાની જરૂર હતી. ભારતમાં બનતા કફ સિરપમાં આ પ્રકારની ભેળસેળ નથી થતી તેના પર વોચ રાખવાની જરૂર હતી પણ મધ્ય પ્રદેશ અને રાજસ્થાનના કફ સિરપ કાંડે સાબિત કર્યું છે કે, કોઈ નજર રખાઈ નથી ને બાળકોને લાલચુ કંપનીઓના ભરોસે છોડીને સરકાર ઘોરતી રહી છે. ■

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

દક્ષિણાયન – સૌર શરદઋતુ, સોમવાર, તા. ૬–૧૦–૨૦૨૫,
પ્રતની પૂનમ, શરદપૂર્ણિમા, કોજાગરી પૂર્ણિમા.

ભારતીય દિનાંક ૧૪, માહે આશ્વિન, શકે ૧૯૪૭
વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, આશ્વિન સુદ–૧૪
જૈન વીર સંવત ૨૫૫૧, માહે આશ્વિન, તિથિ સુદ–૧૪
પારસી શહેનશાહી રોજ ૨૩મો દએપદીન, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૫
પારસી ફસલી રોજ ૨૩મો દએપદીન, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૫
પારસી ફસલી રોજ ૨૧મો રામ, માહે ૮મો આવાં, સને ૧૩૯૪
મુસ્લિમ રોજ ૧૩મો, માહે ૪થો રબીઉલ આખર, સને ૧૪૪૭
મીસરી રોજ ૧૪મો, માહે ૪થો રબીઉલ આખર, સને ૧૪૪૭
નક્ષત્ર ઉત્તરાભાદ્રપદા મધ્યરાત્રિ પછી ક. ૨૮–૦૧ સુધી, પછી રેવતી
ચંદ્ર મીનમાં
ચંદ્ર રાશિ નામાક્ષરઃ મીન (દ, ચ, ઝ, થ)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૩૧, અમદાવાદ ક. ૦૬ મિ. ૩૪, સ્ટા.ટા.,
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૨૨, અમદાવાદ ક. ૧૮ મિ. ૨૧, સ્ટા. ટા.
–ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :–
ભરતીઃ સવારે ક. ૧૧–૦૫, રાત્રે ક. ૨૩–૩૭
ઓટઃ સાંજે ક. ૧૭–૧૫, મધ્યરાત્રિ પછી ક. ૦૫–૩૪ (તા. ૬)
વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, આશ્વિન શુક્લ – ચતુર્દશી. વ્રતની પૂનમ, શરદપૂર્ણિમા, કોજાગરી પૂર્ણિમા, અગ્રહાયન નવાન્ન પૂર્ણિમા, કુલધર્મ, અન્વાધાન, કુમાર પૂર્ણિમા (ઓરિસ્સા), લક્ષ્મી વ. ઈન્દ્ર પૂજન (ઓરિસ્સા), પંચક, ભદ્રા બપોરે ક. ૧૨–૨૫થી ૨૨–૫૪. સૂર્ય મહાનક્ષત્ર હસ્તમાં, વાહન મોર.
શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
મુહૂર્ત વિશેષઃ શનિ–ચંદ્ર ગ્રહદેવતાનું પૂજન, અર્હિબુધ્ન્ય દેવતા, પૂષાદેવતાનું પૂજન, કુળદેવી દેવતા પૂજન, તીર્થયાત્રા શરદપૂર્ણિમા ઉત્સવ, રાજ્યાભિષેક, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક, અગાઉ વાસ્તુપૂજા થયેલ ઘરમાં રહેવા જવું, ધજા–કળશ–પતાકા ચઢાવવી, પ્રયાણ મધ્યમ, દુકાન નોકરી, વેપાર, નવાં વસ્રો, આભૂષણ, નામકરણ, દેવદર્શન અન્નપ્રાશન, મિત્રતા કરવી, ધાન્ય ભરવું, બી વાવવું, નવી તિજોરીની સ્થાપના, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠવાંચન, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન..
આચમનઃચંદ્ર–શનિ યુતિ મતલબી, ચંદ્ર–નેપ્ચૂન યુતિ સંગીતપ્રિય.
ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–શનિ યુતિ, ચંદ્ર–નેપ્ચૂન યુતિ.
ગ્રહગોચરઃ સૂર્ય કન્યા, મંગળ–તુલા, માર્ગી બુધ–તુલા, ગુરુ–મિથુન, શુક્ર–સિંહ, વક્રી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, વક્રી હર્ષલ–વૃષભ, વક્રી નેપ્ચૂન–મીન, વક્રી પ્લુટો–મકર. ■

## રશિયા દોસ્ત કે દુશ્મન?:પાકિસ્તાનને ચીને આપેલાં ફાઈટર જેટનાં એન્જિન આપશે

નવી દિલ્હીઃ રશિયા અને યુક્રેન યુદ્ધમાં ભારત પર એવો આરોપ લાગ્યો હતો કે રશિયા પાસેથી તેલની ખરીદી કરી યુદ્ધ માટે ફન્ડિંગ કરી રહ્યું છે, પરંતુ આ ચર્ચા વચ્ચે રશિયા તરફથી પાકિસ્તાનને અદ્યતન ફાઇટર જેટ એન્જિન આપવાના અહેવાલને કારણે જોરદાર વિવાદ જાગ્યો છે. રશિયા પાકિસ્તાનને ચીન દ્વારા જેએફ-૧૭ અપાયેલા થંડર બ્લોક થ્રી જેટ માટે આરડી-૯૩એમએ એન્જિન સપ્લાય કરી રહ્યું છે. આવા સમાચારોએ ભારતના સુરક્ષા અને વિદેશી સંબંધો પર પ્રશ્નો ઊભા કર્યા છે, જેમાં વિપક્ષ અને સત્તાધારી પાર્ટી વચ્ચે આમનેસામને પ્રહારો કરવામાં આવી રહ્યા છે.

કોંગ્રેસના વરિષ્ઠ પ્રવક્તા જયરામ રમેશે આ દાવાઓને આધારે મોદી સરકાર પર પ્રહાર કર્યો છે. તેમણે કહ્યું કે જો રશિયા, જે ભારતનો સૌથી વિશ્વસનીય રણનીતિક સાથી છે, તો પાકિસ્તાનને આવા અદ્યતન એન્જિન આપીને તે સરકારની વિદેશી નીતિની નિષ્ફળતા દર્શાવે છે. જયરામ રમેશે એસ-૪૦૦ જ-૪૦૦ મિસાઇલ સિસ્ટમ અને એસયુ-૫૭ સ્ટેલ્થ ફાઇટર જેવા સોદાઓ પર પણ પ્રશ્નો ઉઠાવ્યા, જેમાં તેમણે સરકારની છબિ-કેન્દ્રિત કૂટનીતિને જવાબદાર ઠેરવી છે.

જવાબમાં ભાજપના પ્રવક્તા અમિત માલવિયાએ કોંગ્રેસના આરોપોને સંપૂર્ણપણે નકારી કાઢ્યા છે. તેમણે તેમના એક્સ પોસ્ટમાં જણાવ્યું કે રશિયાએ પાકિસ્તાનને એન્જિન આપવાના તમામ દાવાઓને સ્પષ્ટપણે નકારી કાઢ્યા છે. માલવિયાએ કોંગ્રેસ પર અફવાઓ ફેલાવવાનો અને પાકિસ્તાન તરફી પ્રચારને આધારે રાજકારણ કરવાનો આરોપ મૂક્યો, જેને તેમણે દેશની સુરક્ષા માટે બેજવાબદારભર્યું વલણ તરીકે વર્ણવ્યું છે.

આ વિવાદનું મૂળ એક અજાણી વેબસાઇટ પર પ્રકાશિત થયેલા અહેવાલમાં છે, જેમાં રશિયાની રોસોબોરોનેક્સપોર્ટ કંપની દ્વારા પાકિસ્તાનને આરડી-૯૩ એમએ એન્જિન આપવાનો દાવો કરવામાં આવ્યો હતો. જોકે, રશિયા તરફથી કોઈ આધિકારિક પુષ્ટિ નથી મળી, અને આને અફવા તરીકે જોવામાં આવી રહી છે. આવા વિવાદો ભારત-રશિયા સંબંધો પર અસર કરી શકે છે, પરંતુ તે રાજકીય પાર્ટી વચ્ચેના તણાવને વધુ તીવ્ર બનાવી રહ્યા છે. ■

## ઍર ઈન્ડિયાની બર્મિંઘમ જઇ રહેલી ફ્લાઇટનું ઇમર્જન્સી લેન્ડિંગ

અમૃતસરઃ અમદાવાદ વિમાન દુર્ઘટના બાદ વિમાની તકનીકીઓ પર ખૂબ જ ગંભીરતાથી લેવામાં આવી રહી છે. ત્યારે એર ઇન્ડિયાની અમૃતસરથી બર્મિંઘમ જઈ રહેલી ફ્લાઇટ એઆઇ ૧૧૭માં ટેક્નિકલ ખામીને કારણે મોટી ઘટના બની હતી. વિમાનની લેન્ડિંગના થોડા સમય પહેલાં જ તેનું ઇમરજન્સી રેમ એર ટરબાઇન રેટ સિસ્ટમ અચાનક સક્રિય થઈ ગયું હતું. જોકે, તમામ મુસાફરો અને ક્રૂ સભ્યો સુરક્ષિત છે અને વિમાને બર્મિંઘમ એરપોર્ટ પર સુરક્ષિત લેન્ડિંગ કરી હતી. એર ઇન્ડિયા દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં જણાવાયું છે કે, ફ્લાઇટ એઆઇ ૧૧૭ના ઑપરેટિંગ ક્રૂને લેન્ડિંગ પહેલાં રેટના ડિપ્લોયમેન્ટની જાણ થઈ હતી. પ્રાથમિક તપાસમાં તમામ ઇલેક્ટ્રિકલ અને હાઇડ્રોલિક પરિમાણો સામાન્ય જણાયા હતા. ■

## કફ સિરપનો વિવાદ વકર્યોઃ
## કેન્દ્ર સરકારે રવિવારે ઈમર્જન્સી મીટિંગ બોલાવી

### જીવલેણ કફ સિરપ આપનાર ડૉક્ટરની ધરપકડઃ બૈતુલમાં વધુ બે બાળકનાં મોત

નવી દિલ્હીઃ મધ્ય પ્રદેશ અને રાજસ્થાનમાં કફ સિરપને લીધે બાળકોના મોતની ઘટનાએ સમગ્ર દેશમાં ચિંતાનો માહોલ ઊભો કરી દીધો છે. અન્ય રાજ્યોમાં પણ આ સમસ્યા વિકટ બની શકે તેમ છે, ત્યારે કેન્દ્ર સરકારે રવિવારના દિવસે ઈમર્જન્સી મીટિંગ બોલાવી હતી.

મધ્ય પ્રદેશ પોલીસે ડોક્ટર પ્રવીણ સોનીની ધરપકડ કરી છે, જેમણે ખોટું કફ સિરપ પ્રિસ્ક્રાઈબ કર્યું હતું. ડોક્ટરની આ બેદરકારીએ દસ બાળકના જીવ લીધા હતા. ઘટના બહાર આવતા મધ્ય પ્રદેશ પ્રશાસન હરકતમાં આવ્યું હતું. સિરપ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો ત્યારે હવે ડોક્ટર પણ ઝડપાઈ ગયો છે. મધ્ય પ્રદેશના છિંદવાડામાં આ ઘટના બની હતી. પોલીસે ડો. સોની અને સિરપ બનાવનારી કંપની સામે એફઆઈઆર નોંધી તપાસ આગળ વધારી હતી.

દરમ્યાન મધ્ય પ્રદેશના બૈતુલ જિલ્લાના અમલા બ્લોકમાં બે બાળકો કોલ્ડ્રીફ કફ સિરપ પીવાથી મરણ પામ્યા હોવાનો આક્ષેપ કરાય છે, એવી માહિતી આરોગ્ય અધિકારીઓએ રવિવારે આપી હતી. કોલ્ડરિફ સિરપના બેચમાં ઝેરી રસાયણ ડાઈથીલીન ગ્લાયકોલ હોવાનું પરીક્ષણમાં સાબિત થતાં આ સિરપ પર પ્રતિબંધ મુકાયો છે.

અમલા બ્લોક મેડિકલ ઑફિસર ડૉક્ટર અશૌક નરવરેએ માહિતી આપી હતી કે કમલેશ્વર ગામના રહેવાસી કમલેશના ચાર વર્ષના પુત્ર અને જામુન બિચુઓના નિખલેશના અઢી વર્ષના બાળક ગર્મિતનું મરણ થયું છે. તેમને તાવ આવતો હોવાથી નજીકના છિંદવાડામાં તબીબી સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા. ત્યાં તેમની હાલત કથળી હતી. આ મરણ કફ સિરપને લીધે થયા કે નહીં એ વાતની તપાસ ચાલુ છે. મેં વિગતવાર તપાસ કરીને અહેવાલ આપવાનો આદેશ બહાર પાડ્યો છે. ■

## બિહારમાં બાવીસ નવેમ્બર પહેલાં ચૂંટણીઃ ઈલેક્શન કમિશનર

### વૉટિંગ બૂથ પર ૧૨૦૦થી વધુ મતદાર નહીં હોયઃ ૧૭ નવી ચૂંટણી પહેલ, પછી દેશભરમાં અમલી બનશે

નવી દિલ્હી/પટણાઃ બિહાર વિધાનસભાની ચૂંટણીને લઈ દેશના રાજકારણમાં ગરમાવો આવ્યો છે. ચૂંટણી પંચે રવિવારે બિહારની મુલાકાતે પહોંચીને રાજકીય પાર્ટી અને ચૂંટણી પંચના અધિકારીઓ સાથે મહત્ત્વની બેઠક યોજી તેમ જ ચૂંટણીની તૈયારીઓની પણ સમીક્ષા કરવાની સાથે એસઆઈઆર (સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન)ની સફળતા બૂથ લેવલના અધિકારીઓની કામગીરીની ચૂંટણી પંચે પ્રશંસા કરી હતી. અહીંની બેઠકમાં ચૂંટણી પંચને ભારતીય જનતા પાર્ટી (ભાજપ)એ બે તબક્કામાં ચૂંટણી યોજવાની ડિમાન્ડ કરી હતી, જ્યારે ચીફ ઈલેક્શન કમિશનર જ્ઞાનેશ કુમારે કહ્યું કે એસઆઈઆર પ્રક્રિયા સંપૂર્ણપણે સફળ રહી છે, જ્યારે બાવીસ નવેમ્બર પૂર્વે ચૂંટણી યોજવામાં આવશે. ચૂંટણી પંચ દ્વારા આગામી બિહાર વિધાનસભા ચૂંટણીઓને સુચારુંરીતે સંપન્ન કરાવવા માટે ૧૭ નવી પહેલ શરૂ કરવામાં આવી છે. આ પહેલ આગામી ચૂંટણીઓમાં દેશભરમાં લાગુ કરવામાં આવશે, એમ મુખ્ય ચૂંટણી કમિશ્નર જ્ઞાનેશ કુમારે રવિવારે જણાવ્યું હતું.

તેમણે ૨૪૩ ઇઆરઓ અને ૯૦,૨૦૭ બીએલઓ સાથે મળીને લગભગ બાવીસ વર્ષ પછી મતદાર યાદીની શુદ્ધિકરણનું કાર્ય પૂર્ણ કર્યું છે. ■

## પહેલા પાનાનું ચાલુ

### દાર્જિલિંગમાં

થઈ હતી. દાર્જિલિંગ સબ ડિવિઝનલ ઑફિસર રિચર્ડ લેપચાએ કહ્યું હતું કે બચાવ અને રાહત કામગીરી પોલીસ, જિલ્લા વહીવટીતંત્ર અને ડિઝાસ્ટર રિસ્પોન્સ ટીમની મદદથી ચાલુ છે.

પશ્ચિમ બંગાળનાં મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ ભોગ બનેલાઓને વળતર આપવાની જાહેરાત કરી હતી. જોકે રકમ કેટલી આપવામાં આવશે એની જાહેરાત કરાઈ નથી. મુખ્ય પ્રધાને કહ્યું હતું કે હું આજે સોમવારે ઉત્તર બંગાળની મુલાકાત લઈને વિસ્તારની પરિસ્થિતિની સમીક્ષા કરીશ. આ વિસ્તારમાં મોટી સંખ્યામાં સહેલાણીઓ આવે છે અને તેમની હાલત કફોડી થઈ છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ થયેલી જાનહાનિ પર શોક વ્યક્ત કર્યો હતો. મોદીએ કહ્યું હતું કે ભારે વરસાદ અને ભૂસ્ખલનને લીધે દાર્જિલિંગ અને એની આસપાસના વિસ્તારમાં ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. ધરગાંવ અને નાગરકાટામાં ભેખડો ધસી પડવાથી અનેક ઘરો જમીનદોસ્ત થયા હતા. કાટમાળમાંથી ઓછામાં ઓછા ૪૦ જણને બચાવવામાં આવ્યા હતા. ઉત્તર બંગાળના વિકાસપ્રધાન ઉદયન ગુહાએ પરિસ્થિતિને ચિંતાજનક ગણાવી હતી અને બીજા અહેવાલો ટાંકીને મરણાંક ૧૮નો બતાડ્યો હતો. તેમણે માહિતી આપી હતી કે મિરિકમાં ૧૧ અને દાર્જિલિંગમાં સાત જણનાં મરણ થયા હતા. જોકે તેમણે કહ્યું હતું કે આ આંકડાને હજી સમર્થન મળ્યું નથી.

ભેખડો ધસી પડવાને લીધે મુખ્ય રોડ જેવા કે મિરિક-સુખૈપોખરીમાં ટ્રાફિક સ્થગિત થયો છે. મમતા હાલમાં રાજ્યના સચિવાલયમાંથી પરિસ્થિતિ પર નજર રાખી રહ્યાં છે. ભૂસ્ખલન અને રોડ બંધ થવાથી ઉત્તર બંગાળમાં અનેક સહેલાણીઓ રઝળી પડ્યા છે. મુખ્ય પ્રધાને ખાતરી આપી હતી કે તેમને સહીસલામત લાવવા વ્યવસ્થા કરાશે. તેમણે સહેલાણીને ગભરાઈ ન જવાની અને જગ્યા ન છોડવાની વિનંતી કરી હતી. તેમમે કહ્યું હતું કે અનેક સહેલાણીઓ રઝળી પડ્યા છે. હું તેમને ખોટી ઉતાવળ ન કરવાની વિનંતી કરું છું. હોટેલોએ તેમની પાસે વધારાના પૈસા ન લેવા જોઈએ. તેમની સુરક્ષાની જવાબદારી અમારી છે અને અમારું વહીવટીતંત્ર આની તકેદારી લેશે.

પોલીસના સિનિયર અધિકારીએ કહ્યું હતું કે ભારે વરસાદને લીધે બચાવ કામગીરીમાં મોટી અડચણ આવી છે. અનેક કુટંબોને બીજે ખસેડવામાં આવ્યા છે. હવામાન ખાતાએ હિમાલયન બંગાળમાં અતિ ભારે વરસાદની અલર્ટ જાહેર કરી છે. દરમિયાન કેન્દ્રના ગૃહપ્રધાન અમિત શાહે શનિવારે ભારે વરસાદને લીધે થયેલી જાનહાનિ બદલ શોક વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું હતું કે નેશનલ ડિઝાસ્ટર રેપિડ ફોર્સની કૂમકો મોકલવામાં આવી છે અને બીજી કૂમકોને તૈયાર રાખવામાં આવી છે. (એજન્સી) ■

### નેપાળમાં

કારણે પાંચ લોકોનાં મોત થયા છે, જ્યારે મંગસેમ્બુગ નગરપાલિકામાં ત્રણ અને ઈલમ નગરપાલિકામાં છ લોકોનાં મોત થયા છે. હાલના તબક્કે બચાવ કામગીરી હાથ ધરવામાં આવી છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં નેપાળની આર્મી, સશ્સ્ત્ર દળ અને નેપાળ પોલીસને તહેનાત કરવામાં આવ્યા છે. ભારે વરસાદને કારણે નદીઓમાં પૂર આવ્યા છે, જ્યારે નીચાણવાળા વિસ્તારો જળબંબાકાર બન્યા છે. કાઠમંડુના ઘાટી વિસ્તારોમાંથી અસરગ્રસ્તોને ખસેડવા માટે યુદ્ધનો ધોરણે એજન્સી કાર્યરત હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

શનિવારથી લઈને રવિવારના હજારો લોકોનું સ્થળાંતરણ કરવામાં આવ્યું છે, જ્યારે જરુરિયાતમંદ લોકોને મદદ પણ પહોંચાડવામાં આવી રહી છે. સરકારી એજન્સીએ તાકીદ કરતા સ્થાનિકોને જણાવ્યું છે કે નદીઓના પાણીની સપાટીમાં ગમે ત્યારે વધારો થઈ શકે છે, તેથી નદીકિનારાના આસપાસના વિસ્તારોથી દૂર રહીને ટ્રાવેલ કરવાનો અનુરોધ કરવામાં આવ્યો છે. હવામાન વિભાગે બાગમતી, હનુમંતે, મનોહરા, ધોબી કોલા, વિષ્ણુમતી, નક્ખુ અને બલ્ખુ નદીઓના જળસ્તરમાં વધારો થઈ શકે છે, તેથી લોકોએ સાવધાની રાખવી હિતાવહ રહેશે. ■

### મહારાષ્ટ્રમાં કોલ્ડ્રિફ

આવે છે. અહીં ઉલ્લેખનીય છે કે 'ઝેરી' કફ સિરપથી મૃત્યુ પામેલા બાળકોની સંખ્યા વધી રહી છે. મધ્ય પ્રદેશમાં અત્યાર સુધીમાં ૧૪ બાળકોનાં મૃત્યુ થયાં છે, જ્યારે રાજસ્થાનમાં ૩ બાળકોનાં મૃત્યુથી હોબાળો મચી ગયો છે. મધ્ય પ્રદેશમાં ૧૪ બાળકોના મૃત્યુ બાદ, કોલ્ડ્રિફ કફ સિરપ તપાસ હેઠળ છે અને તેના પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. એક ડોક્ટરની ધરપકડ કરવામાં આવી હતી, અને ઉત્પાદક કંપની સામે કેસ દાખલ કરવામાં આવ્યો હતો.

તપાસમાં ચિંતાજનક તારણો બહાર આવ્યાં હતાં. કોલ્ડ્રિફ કફ સિરપ ઉત્પાદકના કાંચીપુરમ યુનિટમાં હાથ ધરવામાં આવેલા પરીક્ષણમાં જાણવા મળ્યું હતું કે કોલ્ડ્રિફ કફ સિરપમાં ૪૮.૬ ટકા ડાયથિલિન ગ્લાયકોલ હતું, જેનું સ્તર ૦.૧% થી વધુ ન હતું. એવું કહેવામાં આવી રહ્યું છે કે ડાયથિલિન ગ્લાયકોલ ખૂબ ઝેરી છે. એવો દાવો કરવામાં આવે છે કે કફ સિરપ પીધા પછી બાળકોની કિડની ફેલ થઈ ગઈ હતી. બાળકો ગંભીર રીતે બીમાર પડ્યા અને મૃત્યુ પામ્યા. ■

### ગિરનારના

અલગ ટીમો બનાવીને તપાસ શરૂ કરી છે. ગોરખનાથની પ્રતિમાને નુકસાન કરવાની ફરિયાદ થતા જ જિલ્લા પોલીસવડા સહિત પોલીસનો કાફલો ગિરનાર પર્વત પહોંચ્યો હતો.

ગોરખનાથ મંદિરના મહંત સોમનાથબાપુએ પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, અવારનવાર હિન્દુ મંદિરોને જૈન સંપ્રદાય દ્વારા ટાર્ગેટ કરવામાં આવે છે, કદાચ આ કૃત્ય પણ જૈન સંપ્રદાય દ્વારા કરવામાં આવ્યું હોય તેવી અમને આશંકા છે.

આ ઘટનાથી ભવનાથ ક્ષેત્રના મહંત શેરનાથ બાપુ સહિત સમગ્ર સંત સમાજમાં ઉગ્ર આક્રોશ ફેલાયો છે. સંતોએ ધર્મભ્રષ્ટ કૃત્ય કરનારા શખ્સોને તાત્કાલિક પકડીને કડકમાં કડક સજા કરવાની માગ કરી હતી.

પોલીસે ખાતરી આપી હતી કે, ગિરનારની શાંતિ ડહોળવાના આ પ્રયાસને કદાપિ સાંખી લેવામાં નહીં આવે અને ટૂંક સમયમાં જ આરોપીઓને ઝડપી પાડીને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગિરનાર પર્વત પર અગાઉ પણ ધર્મસ્થાનોમાં તોડફોડ અને વિવાદની ઘટનાઓ બહાર આવી હતી. આજથી દોઢેક વર્ષ પૂર્વે દત્ત શિખર પર પણ આ જ પ્રકારે કેટલાક લોકોએ ગુરુદત્ત મહારાજની ચરણ પાદુકાને નુકસાન પહોંચાડવાની સાથે ત્યાં સેવા પૂજા કરી રહેલા પુજારીને પણ નુકસાન કરવાનો પ્રયાસ કર્યો હતો. સમગ્ર મામલામાં પોલીસ ફરિયાદ બાદ તપાસ ચાલુ છે, ઘણા વર્ષો પૂર્વે જે જગ્યા પર ગોરખનાથની પ્રતિમાને તોડીને મંદિર બહાર ફેંકી દેવામાં આવી છે, ત્યાંથી જ રામદેવપીરની એક પ્રતિમાની ચોરી થઈ હતી પરંતુ હજી સુધી આ પ્રતિમાનો કોઈ અતો પતો મળ્યો નથી. ■

### ભારત તેનાં

અને લશ્કરના વડા ઉપેન્દ્ર દ્વિવેદીએ પાકિસ્તાનને કોઈ દુઃસાહસ કરવા સામે ચેતવણી આપ્યા બાદ ખ્વાજાએ આ જવાબ આપ્યો છે.

હવાઈ દળના વડા એ. પી. સિંહે શુક્રવારે કહ્યું હતું કે ઑપરેશન સિંદૂર દરમિયાન એક ડઝન જેટલા અમેરિકન મૂળના એફ-૧૬ સહિતના ફાઈટર જેટ ભારતીય સ્ટ્રાઈકમાં નાશ કે નુકસાન પામ્યા હતા.

ભારત ભારપૂર્વક જણાવે છે કે ભારતે પાકિસ્તાનના વિવિધ લશ્કરી માળખાનો વિધ્વંસ કર્યા બાદ પાકિસ્તાને મેમાં દુશ્મનાવટનો અંત લાવવાની વિનંતી કરી હતી. નવી દિલ્હીના ટોચના સંરક્ષણ સત્તાવાળાઓ તરફથી આસિફના કહેવા મુજબ ઉશ્કેરણીજનક નિવેદન આવતાં તેમણે સોશ્યલ મીડિયામાં જવાબ આપ્યો હતો.

તેમણે ભારતના લશ્કરી અને રાજકીય નેતાના તાજેતરના નિવેદનને ગુમાવેલી વિશ્વસનીયતા ફરી સ્થાપવાના 'વિફળ પ્રયાસો' ગણાવ્યા હતા.

તેમણે લખ્યું હતું કે ભારતીય લશ્કરી અને રાજકીય નેતૃત્વનાં નિવેદનો ગુમાવેલી વિશ્વસનીયતા ફરી સ્થાપવાના વિફળ પ્રયાસો છે. ૦-૬ના સ્કોરથી નિર્ણાયક પરાજય બાદ તેઓ ફરી હુમલાનો પ્રયાસ કરશે તો સ્કોર આનાથી પણ બહેતર હશે. જોકે તેમણે સ્કોર ૦-૬ વડે તેઓ શું કહેવા માગે છે એ સ્પષ્ટ કર્યું નહોતું. (એજન્સી) ■

### નામોનિશાન

ગાઝા પર હુમલો કર્યો હતો અને એમાં ૪૫ લોકોના મરણ થયાં હતાં. આ હુમલામાં બે બાળકનાં પણ મોત થયા હતા. આને લીધે અમેરિકાના પ્રમુખનો પીસ પ્લાન સફળ થવાની આશાને ફટકો પડ્યો છે.

એક ન્યૂઝ આઉટલેટને મુલાકાત આપતાં ટ્રમ્પે કહ્યું હતું કે હમાસ શાંતિને પ્રતિબદ્ધ છે કે નહીં એની મને તત્કાળ ખબર પડી જશે.

શું ઈઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુ ગાઝા પર બૉમ્બમારો બંધ કરવા તૈયાર છે એવા સવાલના જવાબમાં ટ્રમ્પે કહ્યું હતું કે બીબી તૈયાર છે.

અગાઉ ટ્રમ્પે શનિવારે હમાસને શાંતિ કરાર પર ઝડપથી જવાબ આપવાનું કહ્યું હતું અને ચેતવણી આપી હતી કે જો શાંતિ કરાર નહીં કરે તો નેસ્તનાબૂદ થઈ જશે. ટ્રમ્પે ટ્રુથ સોશ્યલ પર એક પોસ્ટ મૂકીને શાંતિ યોજનાને તક આપવા હંગામી રીતે બૉમ્બમારો બંધ કરવા બદલ ઈઝરાયલનો આભાર માન્યો હતો. ટ્રમ્પે કહ્યું હતું કે હમાસ અને ઈઝરાયલ વચ્ચે શાંતિ કરાર કરવાના પ્રયાસમાં હું કોઈ વિલંબ નહીં ચલાવી લઉં.

ટ્રમ્પે કહ્યું હતું કે ઈઝરાયલે બૉમ્બમારો હંગામી રીતે અટકાવી દીધો છે જેથી બાનોની મુક્તિ થઈ શકે. હમાસે પણ ઝડપથી પગલાં લેવા પડશે નહીં તો તે ખતમ થઈ જશે. હમાસના શાંતિ યોજના પરના જવાબ પછી ટ્રમ્પે લખ્યું હતું કે હમાસ કાયમી શાંતિ ઈચ્છે છે. ■





# નવી મુંબઈ એરપોર્ટ અને બુલેટ ટ્રેનનું સ્ટેશન એક જ જગ્યાએ

મુંબઈ : મુંબઈથી અમદાવાદ વચ્ચેના બુલેટ ટ્રેન પ્રોજેક્ટનું કામ હાલમાં થાણે અને મુંબઈના ઉપનગરોમાં ચાલી રહ્યું છે. આગામી ત્રણથી ચાર વર્ષમાં આ પ્રોજેક્ટ પૂર્ણ થવાની શક્યતા છે. આ અંગે હવે વધુ એક મોટું અપડેટ સામે આવ્યું છે.

નાગરિકોને એરપોર્ટ સુધી પહોંચવા માટે વિવિધ વિકલ્પો ઉપલબ્ધ થશે અને રોડ, જળ અને ટ્રેન એમ ત્રણેય પ્રકારની કનેક્ટિવિટી મળશે. તે મુજબ અટલ સેતુ એટલે મુંબઈ ટ્રાન્સ હાર્બર લિંક દ્વારા તેને સીધું મુંબઈ સાથે જોડવામાં આવશે.

પ્રસ્તાવિત મેટ્રો લાઇન-૮ એટલે કે ગોલ્ડ લાઇન છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ, મુંબઈ અને નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટને જોડશે.

જ્યારે મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ અંતર્ગત નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર એક અન્ડરગ્રાઉન્ડ સ્ટેશન હશે. જેના કારણે મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેનના મુસાફરો પણ નવી મુંબઈ એરપોર્ટ સુધી સરળતાથી પહોંચી શકશે.

આ સાથે જ ભવિષ્યમાં નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ દેશનું પ્રથમ જળ પરિવહન ધરાવતું એરપોર્ટ બનશે. વોટર ટેક્સી દ્વારા તેને મુંબઈ અને આસપાસના દરિયાકાંઠાના વિસ્તારો સાથે સીધું જોડી શકાશે.

એરપોર્ટ પ્રોજેક્ટના મહત્વને ધ્યાનમાં રાખીને, એરપોર્ટની આસપાસના સ્થાનિક વિસ્તારોમાં વિકાસ અને માળખાકીય સુવિધાઓનું વ્યૂહાત્મક આયોજન કરવામાં આવશે.

નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ કાર્યરત થવાથી થાણે, કલ્યાણ, ભિવંડી, ડોમ્બિવલી જેવા વિસ્તારોના મુસાફરોને મોટી રાહત મળશે.

આ માટે, મુંબઈ મહાનગર પ્રદેશના વિવિધ ભાગોને નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ સાથે જોડવામાં આવશે. ■

## પ્રાર્થના સભા



**સ્વ. મણીભાઈ કિશોરભાઈ પટેલ**
(૨૯-૦૧-૧૯૩૬ - ૦૨-૧૦-૨૦૨૫)

એ નિખાલસતા એ આત્મીયતા આજે અમારી નજરોથી દૂર થયેલ છે. થઈ વસમી છે વિરહની આ ઘડી, ભૂલી શકીશું બધુજ પણ તમને ભૂલવા બહુજ કઠીન છે, તમે જે સમાજ માટે સેવા આપી એ કદી ભુલાશે નહીં.
પ્રભુ આપના આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના

• પ્રાર્થના સભા •
તા. ૦૬-૧૦-૨૦૨૫, સોમવારે સાંજના ૫-૦૦ થી ૭-૦૦
સ્થળ: સરદાર પટેલ હૉલ, ૧લે માળે, એસ.વી.રોડ, સીટી સેંટર સામે, જવાહરનગર, ગોરેગાંવ-વેસ્ટ, મુંબઇ -૪૦૦૧૦૪

• શોકાતુર •
અંબાલાલ કે પટેલ — દીપેશ એમ પટેલ
ગોરધનભાઈ કે પટેલ — કશ્યપ યુ મહેતા
ભાસ્કરભાઈ કે પટેલ — ઋષિલ ડી પટેલ
મિતલ જી પટેલ

કે.પી.પટેલ પરિવાર તથા
શ્રી લક્ષ્મી ઇંડસ્ટ્રિયલ એસ્ટેટ ના સ્ટાફ

# બીડની હૉસ્પિટલમાં નવ મહિનામાં ૪૨ જોડી ટ્વિન્સનો જન્મ

બીડઃ મહારાષ્ટ્રના બીડ જિલ્લાની સિવિલ હોસ્પિટલમાં જોડિયા બાળકોના જન્મની ઘટના ખૂબ જ સામાન્ય બની ગઈ છે, જે પહેલા દુર્લભ માનવામાં આવતી હતી. આ હોસ્પિટલમાં છેલ્લા નવ મહિનામાં ૪૨ જોડી ટ્વિન્સનો જન્મ થયો છે.

આ અસાધારણ સંખ્યા હોસ્પિટલ અને જિલ્લા માટે ગર્વનો વિષય બની છે.

ડોક્ટરોના મતે, આસિસ્ટેડ રિપ્રોડક્ટિવ ટેકનોલોજી, જેમાં ઇન-વિટ્રો ફર્ટિલાઇઝેશન (આઇવીએફ)નો સમાવેશ થાય છે અને પારિવારિક ઇતિહાસ જેવા પરિબળો જોડિયા બાળકોના જન્મમાં આ ઉછાળા માટે જવાબદાર છે. ઉપરાંત ૩૦ વર્ષથી વધુ ઉંમરની મહિલાઓમાં જોડિયા બાળકો થવાની સંભાવના થોડી વધી જાય છે.

બીડ સિવિલ હોસ્પિટલના રેસિડેન્ટ મેડિકલ ઓફિસર ડો. એલ.આર. તાંદલેએ પુષ્ટિ કરી કે હોસ્પિટલ આ વધેલા કાર્યભરને સંભાળવા માટે સંપૂર્ણપણે સુસજ્જ છે. તેમણે કહ્યું કે, છેલ્લા કેટલાક વર્ષોમાં ટ્વિન્સ અને ટ્રિપલેટ્સ બાળકોના જન્મનો દર ચોક્કસપણે વધ્યો છે અને છેલ્લા નવ મહિનામાં અમારી હોસ્પિટલમાં ૪૨ જોડી ટ્વિન્સ બાળકોનો જન્મ થયો છે. ■

# બાંદ્રામાં શૌચાલયમાં સગીરા પર બળાત્કારઃ યુવકની ધરપકડ

મુંબઈઃ બાંદ્રા વિસ્તારમાં શૌચાલયમાં ૧૬ વર્ષની સગીરા પર બળાત્કાર ગુજારવાના આરોપસર ૨૧ વર્ષના યુવકની ધરપકડ કરવામાં આવી હતી.

નિર્મલનગર પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે ૧ ઑક્ટોબરે આ ઘટના બની હતી અને બાદમાં આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. આરોપીને કોર્ટમાં હાજર કરવામાં આવતાં તેને સોમવારે સુધીની પોલીસ કસ્ટડી ફટકારવામાં આવી હતી.

બાંદ્રા વિસ્તારમાં રહેતી સગીરા રાતે ઘરે જઇ રહી હતી ત્યારે આ જ વિસ્તારમાં રહેનારો આરોપી તેને મળ્યો હતો. આરોપી તેને જબરજસ્તીથી સાર્વજનિક શૌચાલયમાં લઇ ગયો હતો, જ્યાં આરોપીએ તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું. આરોપીએ બનાવની કોઇને જાણ કરતાં મારી નાખવાની તેને ધમકી પણ આપી હતી.

દરમિયાન સગીરાએ પરિવારને આ અંગે જાણ કર્યા બાદ નિર્મલનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આ પ્રકરણે ગુનો દાખલ કરીને આરોપીની ધરપકડ કરી હતી, જે સ્થાનિક રાજકારણીનો પુત્ર છે. ■

# મુંબઈ એરપોર્ટ પર પ્રવાસી પાસેથી ૩૬ દુર્લભ પ્રાણી મળ્યાં

મુંબઈઃ કસ્ટમ્સ વિભાગના અધિકારીઓએ મુંબઈના આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર પ્રવાસી પાસેથી ૩૬ દુર્લભ પ્રાણી જપ્ત કર્યાં હતાં, જે બેંગકોકથી દાણચોરી કરીને લવાયાં હતાં.

બેંગકોકથી રવિવારે મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર આવી પહોંચેલા ભારતીય પ્રવાસીને કસ્ટમ્સ વિભાગના અધિકારીઓએ શંકાને આધારે આંતર્યો હતો.

પ્રવાસીના સામાનની તલાશી લેવામાં આવતાં તેમાંથી પ્રાણીઓ મળી આવ્યાં હતાં.

વનવિભાગના અધિકારીએ કહ્યું હતું કે ખિસકોલી વાનર, રાકૂન્સ, ઉગુઆના, મોનિટર લિઝર્ડસ અને બિયર્ડેડ ડ્રેગન્સ સહિત ૩૬ પ્રાણી જપ્ત કરવામાં આવ્યાં હતાં. પ્રાણીઓને બાદમાં રેસ્કિવંક એસોસિયેશન ફોર વાઇલ્ડ લાઇફ વેલ્ફેર (આરએડબ્લ્યુડબલ્યુ)ના નિષ્ણાતોને હવાલે કરવામાં આવ્યાં હતાં.

આમાંથી ત્રણ પ્રાણી મૃત્યુ પામ્યા હતાં, જ્યારે અમુકને ગૂંગળામણ અને ભૂખમરાની અસર થઇ છે, જેમના પર સારવાર ચાલી રહી છે. આ પ્રાણીઓ વાઇલ્ડ લાઇફ પ્રોટેકશન એક્ટની જોગવાઇઓ હેઠળ જ્યાંથી દાણચોરી કરાયાં છે તે દેશમાં પાછા મોકલી દેવામાં આવશે, એમ અધિકારીએ વધુમાં જણાવ્યું હતું. (પીટીઆઇ)■

# રામદાસ કદમનાં પત્નીનું અનિલ પરબના આરોપો પર સ્પષ્ટીકરણ

મુંબઇઃ શિવસેના (શિંદે)ની દશેરા રેલીમાં ભૂતપૂર્વ પ્રધાન રામદાસ કદમે બાળાસાહેબ ઠાકરેના મૃત્યુ અંગે નિવેદનો આપ્યા બાદ બંને પક્ષો તરફથી આરોપ-પ્રત્યારોપ થઈ રહ્યા છે. આ દરમિયાન શિવસેના (યુબીટી) પક્ષના નેતા અનિલ પરબે દાવો કર્યો હતો કે રામદાસ કદમનાં પત્નીએ ૧૯૯૩માં પોતાને સળગાવી દેવાનો પ્રયાસ કર્યો હતો. આ આરોપ પર હવે રામદાસ કદમના પત્ની જ્યોતિ કદમે પ્રતિક્રિયા આપી છે.

રામદાસ કદમના પત્ની જ્યોતિ કદમે કહ્યું કે, તેમણે અમારા પરિવાર પર જે આરોપો લગાવ્યા છે તે ખૂબ જ ખોટા છે. ૧૯૯૩માં મારી સાથે સ્ટવ પર અકસ્માત થયો હતો. ત્યારે એવું નહોતું કે અમારી પાસે ગેસ લાઈન હતી કે સિલિન્ડર હતો, અમે એટલા અમીર નહોતા. અમે નાળિયેરની કાચલીઓ સળગાવીને પણ રસોઈ કરી છે. મીડિયામાં ચર્ચાઈ રહ્યું છે કે ધારાસભ્યના ઘરે સ્ટવ કેવી રીતે હોઈ શકે? તો જવાબ એ છે કે સ્ટવ પણ હતો અને ગેસ પણ હતો. ત્યારે મહિલાઓ સ્ટવ પર રસોઈ કરતી હતી અને હું પણ તે જ કરતી હતી.

તેમણે વધુમાં જણાવ્યું કે હું ઊભી હતી ત્યારે મારો પાલવ સ્ટવ પર પડ્યો અને આગ ભભૂકી ઉઠતાં હું દાઝી ગઈ. ત્યારબાદ, અમે ગાડીમાં ખેડથી કાંદિવલીની હોસ્પિટલમાં આવ્યા જ્યાંથી અમને સીધા જસલોક હોસ્પિટલ લઈ જવાનું કહેવામાં આવ્યું. હું ત્યાં બે મહિના દાખલ હતી અને બાજુના રૂમમાં સાહેબ (રામદાસ કદમ) પણ હતા.

તેઓ આવું કરે તે શક્ય જ નથી. તે આવું શા માટે કરશે? જો તેમણે આવું કર્યું હોત તો મને બચાવવાનો પ્રયાસ પણ ન કરત. મને બચાવતી વખતે તેમનો પોતાનો હાથ પણ દાઝી ગયો હતો, એમ જ્યોતિ કદમે જણાવ્યું હતું. ■

# લોકલના મહિલા કોચ પર પથ્થર ફેંકનાર આરોપીની ધરપકડ

મુંબઈ : લોકલ ટ્રેનના મહિલા ડબ્બા પર પથ્થરમારો કરવાની એક પછી એક બનેલી ઘટનાઓએ લોકલમાં નિયમિત મુસાફરી કરતી મહિલાઓની સલામતી બાબત ચિંતા ઉભી કરી હતી. હવે આ ઘટનામાં વડાલા આરપીએફ અને મુંબઈના વડાલા જીઆરપીએ સંયુક્ત કાર્યવાહીમાં એક શંકાસ્પદ વ્યક્તિની ધરપકડ કરી છે. શંકાસ્પદ વ્યક્તિની ઓળખ નૌશાદ અલી અબ્દુલ વાહિદ શેખ તરીકે થઈ છે. શેખ પર મુંબઈની લોકલ ટ્રેનોમાં મુસાફરી કરતી મહિલા મુસાફરો પર પથ્થરમારો કરવાનો આરોપ છે. આ ઘટનામાં કેટલીક મહિલાઓ પણ ઘાયલ થઈ હતી.

પોલીસે રેલ્વે એક્ટની કલમ ૧૫૩ હેઠળ કેસ નોંધીને તપાસ શરૂ કરી હતી. માહિતી અને સીસીટીવી ફૂટેજના આધારે, શેખને શિવડી રેલ્વે સ્ટેશન વિસ્તારમાં શોધી કાઢવામાં આવ્યો હતો અને તેની અટકાયત કરવામાં આવી હતી. પૂછપરછ બાદ, આરોપીની ધરપકડ કરીને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો, જ્યાં કોર્ટે તેને જીઆરપીની કસ્ટડીમાં મોકલી દીધો. પૂછપરછ દરમિયાન શેખે ૨૬ સપ્ટેમ્બરના રોજ રે રોડ સ્ટેશન નજીક પથ્થરમારો કર્યાની કબૂલાત કરી હતી. તેણે કહ્યું કે તે સિગ્નલ પાસે છુપાઈ ગયો હતો અને પનવેલ જતી લોકલ ટ્રેનના મહિલા ડબ્બાને નિશાન બનાવ્યો હતો. આ ઉપરાંત તેણે ૨૨ સપ્ટેમ્બર અને ૧૮ સપ્ટેમ્બરના રોજ શિવરી અને વડાલા વચ્ચેના મહિલા ડબ્બાઓ પર હુમલો કર્યાની પણ કબૂલાત કરી હતી.■




## ક્લાસિફાઈડ

### ૪. ધાર્મીક સંબંધી

**જૈન દેરાસર માટે**

કેસર ઘૂંટવા માટેનું સાત્વીક લાકડું 350/- રૂા. કીલો પ્રમાણે મળશેજી. 9820770223. (બી-૧૬૨૬૮)

### ૧૦. મહિલાઓ માટે

**પ્રીતી સાબુ દીવાળી ઓફર**

**ઓર્ડરબુક કરાવો અને વિવિધ ઉપયોગી આકર્ષક ભેટ મેળવો. ૦૨૨-૨૩૦૫૪૦૦૦. (૩૦૬)**

**કાનનાં મોટા કાણાં**

દવાથી એક જ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલી: 9969388693 / 7506569229. (બી-૧૬૪૩૭)

### ૧૭. જગ્યા આપવી છે

**ચોપાટી**

**ન્યુ ટાવર, 2 BHK. રેરા કાર્પેટ 800 સ્કે.ફીટ, 1 રિઝર્વ પાર્કિંગ, જૈન મંદિર પાસે, 6.10 CR વેચવાનું છે. 8080753577 (Time: 10-6) (દલાલ માફ). (બી-૧૬૫૯૧)**

**દાદર**

ઈન્ડસ્ટ્રીયલ ગાલા, ઓફિસ, ગોડાઉન, શોરૂમ, ફ્લેટ, ભાડેથી- લેવા- વેંચવા. કેતન ગાલા- 9892077714. (બી-૧૬૫૫૮)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા- ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૫૧૨-એ)**

### ૨૦. ધંધાદારી જગ્યા

**MALAD WEST**

**Office available for Rent Area: 1700 sq ft including Mezzanine. Fully Furnished with 32 Workstations + 1 MD / 5 Manager's Cabin, Pantry, 2 Toilets, CCTV, 1 Car Park. Call: 9819814477. (B-16582)**

**CST**

**Fort, Opp. GPO, Office for Sale, 120 Sf. 9820936980. (15390/A)**

### ૩૩. ધંધાદારી

■ ધંધા-ઉદ્યોગ તથા બિલ્ડરોની માર્કેટિંગ વધારવા માટે વૈજ્ઞાનિક સંશોધન પર આધારિત માર્ગદર્શન આપવામાં આવશે. સંપર્ક: 9004666006. (એસડીબી-૨૮૯૩)

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**

52 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૨૧-એ)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ. પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675, 9326448699 (કાંદિવલી). (૩૪૩-બી)

### ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**

યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. ૯૮૨૦૧૯૪૭૧૯, ૭૨૦૮૦૧૯૫૧૫. (૧૫૯૭૫-એ)

■ વિદેશમાં અમેરિકા, લંડન, EUROPE, AUSTRALIA, CANADAમાં વસતા સ્નેહીજનોને પાર્સલ મોકલવા માટે. અંધેરી East 9825305632, 9320095632. (બી-૧૬૫૪૪)

**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


# દક્ષિણ મુંબઈમાં આગના બે બનાવ: કોઈ જાનહાનિ નહીં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દક્ષિણ મુંબઈમાં આગના બે જુદા જુદા બનાવ બન્યા હતા, જેમાં એક ગ્રાઉન્ડ પ્લસ એક માળના મકાનમાં તો બીજી આગની દુર્ઘટના અંડર કન્સ્ટ્રક્શન બિલ્ડિંગમાં બની હતી. બંને બનાવમાં કોઈ જાનહાનિ થઈ નહોતી.

ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ ભીંડી બજારમાં અંજુમન સ્કુલ નજીક અલ બુરાત બિલ્ડિંગ સામે ગ્રાઉન્ડ પ્લસ એક માળનું મકાન આવેલું છે. રવિવારે સાંજના લગભગ પોણા પાંચ વાગ્યાની આસપાસ આ મકાનમાં અચાનક આગ ફાટી નીકળી હતી. આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું. ફાયરબ્રિગેડે લગભગ બે કલાકની જહેમત બાદ આગ પર નિયંત્રણ મેળવ્યું હતું. પ્રાથમિક માહિતી મુજબ આગમાં કોઈ નુકસાન થયું નહોતું. બીજો બનાવ અગ્રીપાડા પોલીસ સ્ટેશનની પાછળ મોતલીબાઈ સ્ટ્રીટ પર આવેલી ગ્રાઉન્ડ પ્લસ ૧૬માળની કેએસએ બિલ્ડિંગમાં બન્યો હતો, જેમાં અંડર કન્સ્ટ્રક્શન બિલ્ડિંગના ૧૬ માળા પર ૮.૨૦ વાગ્યાની આસપાસ લીલા કલરની સેફ્ટી નેટમાં આગ લાગી હતી. લગભગ પોણો કલાકની જહેમત બાદ આગ બુઝાવવામાં સફળતા મળી હતી. સદ્નસીબે આ દુર્ઘટનામાં કોઈ જખમી થયું નહોતું. આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું. ■

છેલ્લા પાનાનું ચાલુ

## કેન્દ્ર સરકાર

વિઠ્ઠલરાવ વિખે-પાટીલ છે. તેમણે આખું જીવન ખેડૂતોના કલ્યાણ માટે સમર્પિત કર્યું હતું.

આ વર્ષેમહારાષ્ટ્રમાં વરસાદને કારણે ભારે નુકસાન થયું છે. ૬૦ લાખ હેક્ટરથી વધુ ખેતીને નુકસાન થયું છે. આ વર્ષ ૨૦૨૫-૨૬ માટે કેન્દ્ર સરકારે શેર દ્વારા મહારાષ્ટ્ર સરકારને ૩૧૩૨ કરોડ આપ્યા છે, જેમાંથી વડા પ્રધાન મોદીએ એપ્રિલમાં ૧૬૩૧ કરોડ આપ્યા હતા. મહારાષ્ટ્ર સરકાર ખેડૂતોને મદદ કરવા માટે પગલાં ભરી રહી છે. મહારાષ્ટ્ર સરકારે ખેડૂતોને ૨૨૧૫ કરોડનું ભંડોળ આપ્યું છે. જેમાં ખેડૂતોને રૂ. ૧૦,૦૦૦ની રોકડ સહાય, પચીસ કિલો અનાજનો સમાવેસ થાય છે. આ ઉપરાંત લોનની વસૂલાત બંધ કરવાનું કહેવામાં આવ્યું છે.

'મહારાષ્ટ્ર સરકારમાં આ ત્રણ જ છે, તેમાંથી કોઈ વાણિયા (વેપારી) નથી. પરંતુ આ ત્રણેય જણ કોઈ વાણિયાથી ઓછા નથી. મને પદ્મશ્રી ડો. વિઠ્ઠલરાવ વિખેની પ્રતિમાના અનાવરણ માટે બોલાવવામાં આવ્યો હતો અને હવે પૂછવામાં આવ્યું કે મહારાષ્ટ્રમાં ભારે વરસાદથી પ્રભાવિત ખેડૂતો માટે કેન્દ્ર સરકાર શું કરશે? દેવેન્દ્ર ફડણવીસ, એકનાથ શિંદે અને અજિત પવારની ગઈકાલે મારી સાથે મહત્વપૂર્ણ મુલાકાત થઈ હતી. ત્યારબાદ મેં તેમને વડા પ્રધાન મોદી વતી ખાતરી આપી હતી કે મહારાષ્ટ્ર સરકારે ખેડૂતોને થયેલા નુકસાનનો વિગતવાર અહેવાલ કેન્દ્ર સરકારને મોકલવો જોઈએ. વડા પ્રધાન મોદી ખેડૂતોને મદદ કરવામાં કોઈ સમય બગાડશે નહીં, તેઓ મદદની જાહેરાત કરશે. કારણ કે મહારાષ્ટ્રના લોકોએ એવી સરકાર પસંદ કરી છે જે ખેડૂતોના હિતોનું ધ્યાન રાખશે,' એમ અમિત શાહે કહ્યું હતું.

## ઈથેનોલ મિશ્રણને કારણે ખાંડ સહકારી મંડળીઓની બેલેન્સ શીટ બદલાઈ ગઈ

અહિલ્યાનગર (મહારાષ્ટ્ર): વડા પ્રધાન નરેન્દ્ર મોદીના વડા પ્રધાન બન્યા પછી ઇથેનોલના પેટ્રોલમાં મિશ્રણથી ખાંડ મિલોની બેલેન્સ શીટમાં પરિવર્તન આવ્યું છે અને ભારતના ખાંડ સહકારી ક્ષેત્રને ઘણો ફાયદો થયો છે, એમ કેન્દ્રીય પ્રધાન અમિત શાહે રવિવારે જણાવ્યું હતું.

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી મહારાષ્ટ્રના અહિલ્યાનગર જિલ્લામાં ડો. વિઠ્ઠલરાવ વિખે પાટિલ સહકારી ખાંડ ફેક્ટરીની વિસ્તૃત ક્ષમતાનું ઉદ્‌ઘાટન કર્યા પછી ખેડૂત રેલીને સંબોધિત કરી રહ્યા હતા, જેણે તેની પીલાણ ક્ષમતા દરરોજ ૧૦,૦૦૦ ટન શેરડી સુધી વધારી દીધી છે.

'નરેન્દ્ર મોદીના વડા પ્રધાન બન્યા પછી ખાંડ સહકારી ક્ષેત્રને ઘણો ફાયદો થયો છે,' એમ જણાવતાં તેમણે ઉમેર્યું હતું કે ખાંડની સહકારી મંડળીઓએ લાંબા ગાળાની ટકાઉપણું સુનિશ્ચિત કરવા માટે આધુનિકીકરણ પર ધ્યાન આપવું જોઈએ.

શાહે કહ્યું હતું કે સરકારે ઇથેનોલ ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે ૧૦,૦૦૦ કરોડ રૂપિયા ફાળવ્યા છે. ''ઇથેનોલ મિશ્રણથી ખાંડ મિલોની બેલેન્સ શીટ બદલાઈ ગઈ છે. જો કમાણીનો ૨૦ ટકા હિસ્સો વિસ્તરણમાં ફરીથી રોકાણ કરવામાં આવે તો આવનારી પેઢીઓને ફાયદો થશે,' એમ તેમણે કહ્યું હતું.

શાહે ખાંડ સહકારી મંડળીઓને અપીલ કરી કે તેઓ ક્રશિંગ સિવાયની સીઝનમાં મલ્ટિ-ફીડ ઇથેનોલનું ઉત્પાદન કરે.

'ક્રશિંગ સિવાયની સીઝન દરમિયાન, સહકારી મિલોએ બગડેલા શાકભાજી, મકાઈ અને ચોખાનો ઉપયોગ કરીને મલ્ટિ-ફીડ ઇથેનોલ યુનિટ સ્થાપિત કરવા જોઈએ. એનસીડીસી (રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમ) આવા અપગ્રેડેશન માટે લોન આપશે, અને ઇથેનોલ ઉત્પાદનને પ્રાથમિકતા આપતી સહકારી મિલોને પ્રાધાન્ય આપવામાં આવશે,' એમ શાહે કહ્યું હતું. ■

## ફડણવીસ, શિંદે

અમિત શાહે શિરડીમાં એક મહત્વની બેઠક પાર પાડ્યાનું જાણવા મળ્યું છે. જોકે આ ચારેય નેતાઓ વચ્ચે રાજકીય મામલે પણ વાતચીત થઈ હોવાનું જાણવા મળ્યું છે. મુંબઈની ચૂંટણી નજીક આવે છે ત્યારે આ મુલાકાત મહત્વની માનવામાં આવે છે. આ બેઠકમાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર હાજર હતા. આ ચારેય નેતા વચ્ચે હોટલના રૂમમાં ૪૫ મિનિટ ચર્ચા ચાલી હતી. આ બેઠકમાં મુખ્યત્વે ખેડૂતોને કેટલું રાહત પેકેજ આપવું, પાકની સ્થિતિનો સર્વે અને તમામ પ્રકારની સહાયતા અંગે ચર્ચા કરવામાં આવી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર શાહે જેમ બને તેમ જલદી ખેડૂતોને સહાય મળે તે માટે સૂચનો કર્યા છે. સરકારની મદદ સીધી ખેડૂતોના ખાતામાં જાય અને જે તે પાકને કેટલું નુકસાન થયુ છે તેનો સર્વે કરવામાં આવે તેવા સૂચનો પણ કરવામાં આવ્યા હતા. કેન્દ્ર રાજ્યને કઈ રીતે મદદ કરશે અને કેટલું પેકેજ આપશે તેની ચર્ચા થઈ હોવાનું પણ જાણવા મળે છે. ■

## પાલિકાને

રૂપિયાના લક્ષ્યાંક સામે પાલિકાએ રેકોર્ડબ્રેક ૬,૩૮૮ કરોડ રૂપિયા વસૂલ કર્યા હતા, જે ૨૦૧૦ની સાલ પછી સૌથી વધુ રકમ ગણાય છે.

પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ મે મહિનામાં સ્ટેમ્પ ડ્યુટી અને કરવેરા હેતુ માટે મિલકત મૂલ્યાંકન નક્કી કરવા માટે ઉપયોગમાં લેવામાં આવતા સુધારિત રેડી રેકનરના દરના આધારે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે મિલકત વેરાનું પુનર્ગઠન ૧૫.૮૯ ટકા કરવામાં આવ્યું હતું.

અધિકારીઓ ટેક્સ વસૂલી માટે મોટા મોટા ડિફોલ્ટરો પર ધ્યાન કેન્દ્રિય કર્યું હતું અને તેને કારણે વર્ષોથી બાકી રહેલી નોંધપાત્ર રકમ તિજોરીમાં જમા થઈ હતી. જે ડિફોલ્ટરો વારંવાર ચેતવણી આપ્યા બાદ પણ ટેક્સ ચૂકવવામાં આનાકાની કરી રહ્યા છે પ્રશાસન હવે સતત તેવા ડિફોલ્ટરોની મિલકતની હરાજી કરવાની યોજના બનાવી રહી છે.

પાલિકાના ટેક્સ એન્ડ અસેસમેન્ટ વિભાગના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ આર્થિક વર્ષની શરૂઆતથી ટેક્સ વસૂલી માટે ડિફોલ્ટરો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. એ સિવાય પ્રોપર્ટી ટેક્સધારકોને સમયસર બિલ મોકલી તેમની પાસેથી ટેક્સ વસૂલી પર પણ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. આવા સંયુક્ત પ્રયાસને કારણે ચાલુ નાણાકીય વર્ષ માટે રાખવામાં આવેલા કુલ લક્ષ્યાંકના ૪૦ ટકા રકમ એપ્રિલથી સપ્ટેમ્બર મહિનામાં જ વસૂલ કરવામાં સફળતા મળી છે.

નોંધનીય છે કે ૨૦૧૦થી ડિફોલ્ટરો પાસેથી વસૂલ કરવાની કુલ રકમનો આંકડો ૨૨,૦૦૦ કરોડ રૂપિયાને પહોંચી ગયો છે, જેમાં છેલ્લા ૧૫ વર્ષની દંડની રકમનો પણ સમાવેશ થાય છે. ■

## અજિત પવાર

રાજ્યમાં સર્જાયેલી પૂરની સ્થિતિમાં ખેડૂતોને કેવી રીતે મદદ કરવી એ અજિત પવારની સૌથી મોટી સમસ્યા છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા જીએસટી ૨.૦ લાગુ કરવામાં આવ્યા બાદ રાજ્ય સરકારને જીએસટીની થનારી આવકમાં લગભગ સાત ટકાનો ઘટાડો થવાના એંધાણ વર્તાઈ રહ્યા છે. આ ઘટાડાનું મુલ્ય લગભગ ૧૨,૦૦૦ કરોડ જેટલું થવા જાય છે. આ રાજ્યની મહેસૂલી તૂટ છે અને રાજ્ય સરકાર પહેલેથી જ બજેટમાં રૂ. ૪૫,૦૦૦ કરોડની મહેસુલી ખાધ ધરાવતી હોવાથી બોજ વધશે એવી આશંકા છે. આવી સ્થિતિમાં ખેડૂતોને લીલો દુકાળ જાહેર કરીને આર્થિક સહાય આપવી કે પછી લોનમાફી આપવાનું રાજ્યની તિજોરીને પરવડી શકે એવું નથી.

મહારાષ્ટ્રને જીએસટીની આવકમાં ૭ ટકા ઘટાડો થવાની અપેક્ષા છે, મુખ્યત્વે ઓટો અને ઇલેક્ટ્રોનિક્સ ક્ષેત્રોમાંથી ૧૦,૦૦૦-૧૨,૦૦૦ કરોડ રૂપિયાનું નુકસાન થશે.

રાજ્ય સરકારે જીએસટી અને સેલ્સ ટેક્સમાંથી રૂ. ૨.૪૬ લાખ કરોડનો લક્ષ્યાંક નક્કી કર્યો હતો, જે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માં તેના સંગ્રહથી ૨૦ ટકાથી વધુનો વધારો હતો. જુલાઈના અંત સુધી જીએસટીની વસૂલાત રૂ. ૧.૭૬ લાખ કરોડના વાર્ષિક લક્ષ્યાંક સામે રૂ. ૫૭,૯૭૦ કરોડને વટાવી ગઈ હતી. દેશના કુલ કલેક્શનમાં મહારાષ્ટ્રનો હિસ્સો ૧૪ ટકાથી વધુ છે.

જીએસટી વિભાગના એક ઉચ્ચ પદ પર રહેલા અધિકારીએ જણાવ્યું હતું કે દેશમાં જીએસટી કલેક્શનમાં મહારાષ્ટ્રનો હિસ્સો ૧૪ ટકાથી વધુ હોવાથી, નુકસાન પણ લગભગ એટલું જ હશે. ઓટોમોબાઈલ ક્ષેત્રમાં ૭,૦૦૦ કરોડથી વધુ અને ઇલેક્ટ્રોનિક અને વ્હાઇટ ગુડ્સ ક્ષેત્રોમાં બાકીનું નુકસાન થવાની અપેક્ષા છે,' તેમણે કહ્યું. મહારાષ્ટ્ર આ ચીજવસ્તુઓ અને એફએમસીજી, મેડિક્લેમ અને તબીબી ઉપકરણોનો મુખ્ય ગ્રાહક છે, તેથી અહીં જીએસટીમાં ઘટાડો થવાથી વસૂલાત પર મોટી અસર પડશે, જે રાજ્ય કહે છે તેના કરતાં પણ વધુ છે.

કેન્દ્ર કે રાજ્ય સરકારે રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરે થયેલા નુકસાનનું વૈજ્ઞાનિક રીતે મૂલ્યાંકન કર્યું નથી, પરંતુ વાસ્તવિક નુકસાન ડિસેમ્બર પછી અનુભવાશે. જીએસટી કાઉન્સિલની બેઠકો દરમિયાન પણ, ઘણા બિન-ભાજપ શાસિત રાજ્યોએ અસંમતિ વ્યક્ત કરી અને નુકસાન માટે વળતરની માંગણી પણ કરી હતી પરંતુ મહારાષ્ટ્રે મોદી સરકારના નિર્ણયમાં સાથ આપવાનો નિર્ણય લીધો હોવાથી વિરોધ વ્યક્ત કર્યો નહોતો.

માર્ચ ૨૦૨૬માં પૂરા થતા નાણાકીય વર્ષ માટે દેવાનો અંદાજ રૂ. ૯.૩૨ લાખ કરોડ સુધી પહોંચવાનો અંદાજ છે.

વધતા દેવાની સાથે, મહારાષ્ટ્ર ભારે મહેસૂલી ખાધનો પણ સામનો કરી રહ્યું છે, જે તેની આવક અને ખર્ચ વચ્ચેનો તફાવત છે, જે ૨૦૨૫-૨૬ માટે રૂ. ૪૫,૦૦૦ કરોડથી વધુનો અંદાજ છે.

આવી સ્થિતિમાં કેબિનેટ સમિતિની બેઠકમાં ખેડૂતોને માટે સહાયની વાત આવી ત્યારે અજિત પવારે પોતાની સમસ્યા માંડી હતી અને તેથી જ રાજ્યની ખાંડ મિલો પાસેથી પૈસા લેવાનો વિચાર સામે આવ્યો હતો. મંત્રાલયના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ રાજ્ય સરકાર દરેક ખાંડ મિલ પાસેથી ઓછામાં ઓછા ૨૫ લાખ રૂપિયા મેળવવાની અપેક્ષા રાખે છે અને તેથી જ રાજ્ય સરકારે શેરડીના ખેડૂતો પર પંદર રૂપિયાનો બોજ લાદ્યો હતો. વાસ્તવમાં આ રકમ ખાંડ મિલોએ સરકાર પાસે જમા કરાવવાની છે.

રાજ્ય સરકાર દ્વારા કાઢવામાં આવેલા આંકડા મુજબ ખાંડ મિલોનો વાર્ષિક નફો ૩૩,૩૦૦ કરોડ રૂપિયા છે, જેની સામે શેરડીના ખેડૂતોને એફઆરપી હેઠળ ફક્ત અંદાજે ૧૧,૫૦૦ કરોડ આપવામાં આવે છે. બાકીની રકમ કારખાનાનો ચોખ્ખો નફો છે. આ રકમ પર રાજ્ય સરકારની નજર બગડી છે.

જોકે આ નિર્ણય પણ અજિત પવાર માટે નુકસાનકારક છે કેમ કે સ્યુગર બેલ્ટમાં રહેલા અજિત પવારની પાર્ટીના સમર્થકો આ નિર્ણયથી નારાજ થઈને એનસીપી (એસપી) તરફ સરકી જવાની શક્યતા છે. આમ અજિત પવારની સ્થિતિ વધુ કફોડી બની રહી છે. ■

## મુંબઈ મહાનગરપાલિકાની

તરીકે નિમણૂક કરી હતી.મુંબઈમાં ૨૨૭ વોર્ડની સંખ્યામાં કોઈ વધારો કે ઘટાડો કરવામાં આવ્યો નથી. મુંબઈ મહાનગરપાલિકાની ૨૦૧૭માં ચૂંટણી સમયે જે મુજબની વોર્ડ રચના હતી તેમાં કોઈ ખાસ ફેરફાર કરવામાં આવ્યો નથી. મોટા ફેરફાર નથી પણ અનેક વોર્ડમાં નાની મોટી ત્રુટીઓ છે. એક જ બિલ્ડિંગના અમુક રહેવાસીઓ એક વોર્ડમાં તો બાકીના રહેવાસી બીજા વોર્ડમાં એ મુજબની વોર્ડ રચના સામે રહેવાસીઓએ વાંધો નોંધાવ્યો હતો. તો અમુક ઠેકાણે રેલવે ટ્રેકની એક બાજુ રહેતા રહેવાસીઓ એક વોર્ડમાં તો બીજી બાજુ રહેતા રહેવાસી બીજા વોર્ડમાં એવી વોર્ડ રચના પણ જોવા મળતા તેની સામે વાંધા ઉઠાવવામાં આવ્યા છે.વાંધા અને સૂચનો પણ સુનાવણી થયા બાદ ફરિયાદનો વિચાર કરીને અધિકારી ઈકબાલસિંહ ચહલે ફાઈનલ કરેલી વોર્ડની રચના ૧૬ સપ્ટેમ્બરના રાજ્ય સરકારને મોકલી હતી. રાજ્ય સરકારે આ વોર્ડ રચના ચૂંટણી કમિશન પાસે મોકલી હતી. ત્યારબાદ હવે ચૂંટણી કમિશનરે ફાઈનલ વોર્ડ રચના મુંબઈ મહાનગરપાલિકાને મોકલી છે અને હવે સોમવાર, છ ઑક્ટોબરના તેની અંતિમ મુદત પર ફાઈનલ વોર્ડ રચનાનો પ્લાન જાહેર કરવામાં આવશે. ■

## દિવાળીમાં ડ્રોન

ઉપરાંત ડ્રોન અને કંદીલ ઉડાવવામાં આવતાં હોવાનું જોવા મળ્યું છે. બીજી તરફ આતંકવાદીઓ/રાષ્ટ્રવિરોધી તત્ત્વો ડ્રોન, રિમોટ કન્ટ્રોલ્ડ માઇક્રો-લાઇટ એરક્રાફ્ટ, પેરાગ્લાઇડર્સનો ઉપયોગ કરીને નામાંકિત વ્યક્તિઓને ટાર્ગેટ કરી શકે છે, એવી શક્યતા છે. આથી નાગરિકોની સુરક્ષાને ધ્યાનમાં લઇને તથા કાયદો-વ્યવસ્થાની સ્થિતિ નિર્માણ ન થાય એ માટે ૭ ઑક્ટોબરતી પાંચમી નવેમ્બદર દરમિયાન મુંબઈમાં ડ્રોન, પેરાગ્લાઇડર્સ, રિમોટ કન્ટ્રોલ્ડ મોઇક્ર-લાઇટ એરક્રાફ્ટ, પેરા મોટર્સ, હેન્ડ ગ્લાઇડર્સ હોટ એર બલૂન વિગેરે ઉડાવવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. એ સિવાય ફ્લાઇંગ કંદીલ સંગ્રહ કરવા અને તેને વેચવાની પણ પરવાનગી નથી. ■

## પાલઘર નજીક

ઓવરલોડિંગ તેમજ નીચી ભરતી બંનેને કારણે થઈ હોવાનું જણાય છે અને તપાસના આદેશ આપવામાં આવ્યા છે, એમ પણ તેમણે ઉમેર્યું હતું.

પાલઘર જિલ્લા ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલના વડા વિવેકાનંદ કદમે જણાવ્યું હતું કે જેટીમાં હાઇડ્રોલિક પ્લેટફોર્મ ખરાબ થઈ ગયું હતું.

'તે હવે ઠીક થઈ ગયું છે. લોકોને જહાજમાંથી બહાર કાઢવામાં આવી રહ્યા છે, જ્યારે વાહનો પહેલેથી જ દૂર કરવામાં આવ્યા છે,' એમ પણ કદમે કહ્યું હતું. ■

## ઉદ્ધવ - રાજની

માટે સંભવિત ગઠબંધન માટે બે પક્ષો, શિવસેના (ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે જૂથ) અને મનસે વચ્ચે વાતચીત ચાલી રહી છે, તેવો સંકેત બંને પક્ષો તરફથી ઘણીવાર અપાયો છે.અગાઉ ૫ જુલાઈ, ૨૦૨૫ ના રોજ બંને ભાઈઓ મરાઠી ભાષાના એક મહોત્સવમાં સ્ટેજ પર સાથે દેખાયા હતા. ૨૭ જુલાઈ, ૨૦૨૫ ના રોજ રાજ ઠાકરેએ ઉદ્ધવ ઠાકરેને તેમના જન્મદિવસની શુભેચ્છા પાઠવવા માટે માતોશ્રીની મુલાકાત લીધી હતી. ૨૭ઓગસ્ટ, ૨૦૨૫ ના રોજ ઉદ્ધવ ઠાકરે બે દાયકામાં પહેલી વાર રાજ ઠાકરેના ગણેશોત્સવમાં હાજરી આપી હતી. ■

## હિન્દુ મરણ

**કપોળ**

લાઠીવાળા હાલ દાદર ડો. સ્વ. રસિકલાલ ગીરધરલાલ વળીયાના ધર્મપત્ની ડો. સુધાબેન તા. ૩-૧૦-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે (ઉં. વ. ૯૪) તે અમિતના માતુશ્રી. શિલ્પાના સાસુ. શ્રીજા ધ્રુવ સંઘવી, જુહી ક્ષિતિજ ભિંડેના દાદી. તે સ્વ. સુશીલાબેન લક્ષ્મીદાસ ગાંધીના પુત્રી. સર્વે લૌકીક પ્રથા બંધ છે.

**કપોળ**

લાઠીવાળા, હાલ કોચીન સ્વ. તારામતી તથા સ્વ. વસંતરાય વ્રજલાલ સંઘવીના પુત્ર ગિરીશભાઇ (ઉં. વ. ૭૦) તે રાધાબેનના પતિ. સ્વ. સુરેશભાઇ, કમલેશભાઇ, જયશ્રી રાજુલકુમાર ગાંધી, ભાવના રાજેન્દ્રકુમાર ગોરડિયા, દિવ્યા મુકેશકુમાર ભુવાના ભાઇ. ગં. સ્વ. ઉષાબેનના દિયર, કિન્નરીબેનના જેઠ. સ્વ. ચક્રપાની મરારના જમાઇ. શનિવાર, તા. ૪-૧૦-૨૫ના રોજ કોચીન મુકામે શ્રીજીચરણ પામેલ છે. સર્વ લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.

**વિશા શ્રીમાળી સોની**

ભુજ નિવાસી, હાલ બોરીવલી ગં. સ્વ. પુષ્પાબેન મદનલાલ સોની (ઉં. વ. ૮૪), તે સ્વ. સંતોકબા મોતીરામ સોનીના પુત્રવધૂ. સ્વ. શૈલેષભાઈ, ઉમેશભાઈ, સરોજ મહેશકુમાર લાઠીગરા, પલ્લવી કૌશિકકુમાર સાંગાણીના માતુશ્રી. ગં. સ્વ. જસવંતીબેન લક્ષ્મીદાસ, સ્વ. માલતીબેન મોહનલાલના જેઠાણી. સ્વ. સરસ્વતીબેન ચુનીલાલ કોંઢિયા, સ્વ. પાર્વતીબેન ગોપાલજી ચાંપાનેરિયા તથા ગં. સ્વ. દમયંતીબેન નટવરલાલ ક્લોલિયાના ભાભી. તે લક્ષ્મીબેન ગોવિંદજી થાવરના પુત્રી. સ્વ. હરીભાઈ, સ્વ. હિંમતલાલ, નવીનભાઈ, સ્વ. ચંદુભાઈ અને સ્વ. સુશીલાબેન પ્રાગજી પાટડીયાના બહેન. તા. ૪-૧૦-૨૫ના શ્રીજી ચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

ગામ સાંઘાણ, હાલ મુલુંડ સ્વ.પાર્વતીબેન ખીમજી કોટક (ઉં.વ.૮૦) તા.૪/૧૦/૨૫ના રોજ રામશરણ પામેલ છે. તે ખીમજી ઓધવજી કોટકના પત્ની. તે સ્વ.સેજબાઈ કરસનદાસ કાનજી ચંદેના દીકરી. તે સ્વ. નારાયણજી ઓધવજી કોટકના નાનાભાઈના પત્ની. તે સુભાષ અને જયશ્રીની માતા. સ્વ.કાશીબેન વેલજી જોબનપુત્રા, સ્વ.વિરજીભાઈ કરસનદાસ ચંદે, સ્વ.દયારામભાઈ કરસનદાસ ચંદે, સ્વ.ત્રિકમદાસ કરસનદાસ ચંદેના બેન. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**લુહાર સુથાર**

અ. સૌ. વાસંતીબેન વિનોદભાઈ પરમાર (ઉં.વ.૬૯) ગામ સાવરકુંડલા હાલ દહિસર તા.૪.૧૦.૨૫ શનિવારના રોજ શ્રીજીચરણ પામ્યા છે. તેઓ વિનોદભાઈ જગજીવનદાસ પરમાર ના ધર્મપત્ની. શૈલેષભાઈ, રાજેશભાઈ અને દિપ્તીબેનના માતૃશ્રી. કાજલબેન, નિકિતાબેન અને રાજેશકુમાર ગડાના સાસુ. સુરેશભાઈ, અરવિંદભાઈ, પંકજભાઈ, અતુલભાઈ, બીપીનભાઇ અને ચંદ્રિકાબેન શાંતિલાલ સિદ્ધપુરાના ભાભી. કિશોરભાઈ ભગવાનજીભાઇ કવા, દમયંતીબેન, ચંપાબેન, નીરૂબેનના બેન. તેમની પ્રાર્થનાસભા તા. ૬.૧૦.૨૫ના સોમવારે સાંજે ૫ થી ૭ શ્રી લુહાર સુથાર હિત્તેછક મંડળ દતપાડા રોડ ન. ૩ બોરીવલી ઇસ્ટ.

**સોરઠિયા બ્રહ્મક્ષત્રીય**

જામનગર નિવાસી ભદ્રાબેન ભુપેન્દ્રભાઈ બોસમીયા (ઉં.વ.૬૮) તે ભુપેન્દ્રભાઈ નરભેરામ બોસમીયાના ધર્મપત્ની. તે કલ્પેશભાઈ તથા રશ્મિબેન હિતેશકુમાર પડીયા તથા ચાંદનીબેન દિવ્યેશ કુમાર શનિશ્વરાના માતુશ્રી. મીનાબેનના સાસુ. તે સ્વ. જગજીવનદાસ નરશીદાસ જોગી સાવરકુંડલા હાલ મુંબઈના સુપુત્રી. તે જયસુખભાઈ, રમેશ ભાઈ, ભરતભાઈ, જીતુભાઈ જોગી તથા ગીતાબેન શશીકાંત મણીયાર અમદાવાદના બેન. તે તા.૨/૧૦/૨૫, ગુરુવારના રોજ શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૬/૧૦/૨૫, સોમવારના ૫ થી ૬. ઠે. શરાફ માતૃમંદિર, પોદાર માર્ગ, ગોળગાર્ડન ની બાજુમાં, મલાડ ઈસ્ટ.

**હાલાઇ લોહાણા**

મૂળગામ ઘેડ માધવપુર હાલ કાંદિવલી મહેન્દ્રભાઈ જુઠાલાલ માધવજી રૂપારેલિયા (ઉં. વ.૭૪) તે ૪/૧૦/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે હંસાબેન (રમાબેન)ના પતિ. સ્વ. વિનોદભાઈ, હસમુખભાઈ, શશીકાંતભાઈ, સ્વ. ચંદ્રકાંતભાઈ, હંસાબેન મનહરલાલ, સ્વ. શારદાબેન મહેન્દ્રભાઈ, ડો. દક્ષાબેન હરીશભાઈના ભાઈ. નિખિલ, જીજ્ઞેશ, કુમાર, મૌલીક, ભાવિન, અંકિત, હર્ષ, નીતુ, દિપાના કાકા, સ્વ. નરસિંહદાસ જાદવજી બથિયા મલાડના જમાઈ. તેમની બંને પક્ષની પ્રાર્થનાસભા તા ૬/૧૦/૨૫ના રોજ ૫ થી ૭. લોહાણા મહાજનવાડી, પહેલે માળે, શંકર મંદિર પાસે, એસ વી રોડ, કાંદિવલી વેસ્ટ.

**કપોળ**

વાંઢવાળા હાલ સુરત રહેવાસી સ્વ. ભગવાનદાસ ગંગાદાસ ગોરડિયાના પત્ની ગં. સ્વ. હીરાબેન (ઉં.વ. ૯૬) તા. ૪-૧૦-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. જયોત્સનાબેન ચંદ્રકાન્ત દોશી, ગં. સ્વ. પ્રવિણાબેન જીતેન્દ્રભાઇ મહેતા તથા સ્વ. તેજસભાઇના માતુશ્રી. ગં. સ્વ. જયશ્રીબેનના સાસુ. સ્નેહલના વડ સાસુ. સ્વ. કાશીબેન દયાળદાસ દોશીના દીકરી. ચંદ્રકાન્તભાઇ, ધીરુભાઇ, જીતેન્દ્રભાઇ, કાંતાબેન, કંચનબેન, નીમુબેન, ગં. સ્વ. લલિતાબેન, ગં. સ્વ. અરુણાબેનના બહેન. લૌકિક પ્રથા બંધ છે.

## પારસી મરણ

કાવસ જમશેદજી દમનીયા તે નવાઝ કાવસ દમનીયાના ખાવીંદ. તે મરહુમો ખોરશેદ તથા જમશેદજીના દીકરા. તે અરીઝ ને ફરઝાનના પપ્પા. તે લોરા એફ. દમનીયાના સસરા. તે મેવના બપાવા. તે પદમ તથા મરહુમ મેહરૂના ભાઇ. તે મરહુમો જર તથા જામાસ્પ કાસદના જમાઇ. (ઉં. વ. ૮૧) રે. ઠે. વિલ્સન બિલ્ડિંગ, ૨જે માળે, ૧૯૪ ડો. આંબેડકર રોડ, ચિત્રા સિનેમાની બાજુમા, દાદર-પૂર્વ, મુંબઇ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૭-૧૦-૨૫ને બપોરે ૩.૪૫ કલાકે દાદર મધે નારીયેલવાળા અગિયારીમાં.

## જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

બગસરા નિવાસી (હાલ અમદાવાદ) સ્વ. ભરતભાઇ જગજીવનદાસ ગાઠાણી તથા પ્રીતીબેન (આયગાબેન) ના સુપુત્ર કેયુર ભરતભાઇ ગાઠાણી (ઉં. વ. ૩૩) તા. ૫-૧૦-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તૈ મૈત્રીના પતિ. સ્વ. પ્રવીણભાઇ ત્રંબકલાલ ખારાના જમાઇ. રિદ્ધિ યતિનકુમાર પંચમીયાના ભાઇ. હીર તથા પરીના મામા. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

મોટા કાંડાગરાના વિરચંદ ખીમજી નાગપાર છેડા (ઉં.વ.૭૯) તા.૪.૧૦.૨૫ના અવસાન પામેલ છે. હિરબાઈ ખીમજી નાગપારના પુત્ર. સ્વ.હેમકુંવરના પતિ. તરૂણા, લીના, કાજલ, રિતેશ (જય)ના પિતા. હિરજી, વેલબાઈ, પ્રેમજી, મધુરીના ભાઈ. નવિનાર સ્વ.લધ્ધીબાઈ વેલજી વોરાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. વિરચંદ છેડા, ૮, પ્રેમલ સો., આગરકર રોડ, ડોંબિવલી (ઈ).

નાના ભાડીયાના પ્રતિક ભરત રવજી (મગન) વરજાંગ મારૂ (ઉં. વ.૩૦) તા. ૪-૧૦-૨૫ના અવસાન પામેલ છે. કુંવરબાઈ રવજીના પૌત્ર. જ્યોત્સના ભરતના સુપુત્ર. જીવીબેન રાજભાઈના દોહિત્ર. પ્રાર્થના રાખેલ નથી. ઠે. નિ. ભારતીબેન ગાલા, સી/૧૦૩, દેવાંશી બિલ્ડીંગ, છેડા પાર્ક, આચોલે રોડ, નાલાસોપારા (ઈસ્ટ).

કારાઘોઘાના દિનેશ શામજી સૈયા (ઉં.વ.૭૪) તા. ૪.૧૦.૨૫ના અવસાન પામ્યા છે. હીરબાઈ શામજી ઘેલાભાઈના સુપુત્ર. ચંચળબેનના પતિ. બીજલ, કિરણના પિતાશ્રી. મેઘજી, પ્રાણલાલ, મુલચંદ, બગડાના મણીબેન ઉમરશી લાલજી, દેશલપુરના ભાનુબેન વસનજી મોરારજીના ભાઈ. ગેલડાના પાનબાઈ મેઘજી કેશવજી ગાલાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. દિનેશ શામજી સૈયા : ૪, ગોકુલ, રાજાવાડી, ઘાટકોપર-ઈ.

**વેરાવળ વીસા ઓસવાલ જૈન**

હાલ સાંતાક્રુઝ, જયંતપાલ લક્ષ્મીદાસ શાહ (ઉં.વ.૮૪) રવિવાર, ૫-૧૦- ૨૫ના રોજ અરિહંતશરણ પામ્યા છે. પત્ની સ્વ. સરલા શાહ, પુત્ર નિતિનપાલ, પુત્રી બિનાબેન, પુત્રવધૂ ફાગુનબેન, જમાઈ રાજેશભાઈ, પૌત્ર દેવમ, પૌત્રીઓ સોનલ, રૂપલ, નિધી- દિશાંતભાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. સરનામું: ૧૦૧, ન્યૂ રત્નદીપ બિલ્ડિંગ, ફિરોઝશાહ મહેતા રોડ, સાંતાક્રુઝ પશ્ચિમ, મુંબઈ-૫૪.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

મોરબી નિવાસી હાલ બોરીવલી દિનેશભાઇ ભોગીલાલ મહેતાના ધર્મપત્ની કલ્પનાબેન ઉં. વ.૬૪) તા.૪/૧૦/૨૫ના અવસાન પામેલ છે તે જીગર ,મેઘનાના મમ્મી. તે વિરલ ભોગીલાલ દોશી ઉનાવાળા, મેઘા મહેતા ના સાસુ. ચંદનબેન, ભારતીબેન, નિર્મળાબેન, સુધાબેન, હંસાબેનના ભાભી. પિયરપક્ષ વ્રજલાલ મોતીચંદ શાહ ચોટીલાવાળાના દિકરી. દિલીપભાઈ ,બકુલભાઈ શાહ તથા મીનાબેન શાહના બેન. પ્રાર્થનાસભા તા.૬/૧૦/૨૫ના સોમવારે સવારે ૧૦ થી ૧૨ પાવનધામ, મહાવીરનગર કાંદિવલી વેસ્ટ, મુંબઈ-૬૭ રાખેલ છે.

**માંગરોળ જૈન**

માંગરોળ નિવાસી હાલ સાંતાક્રુઝ સ્વ. ત્રિભોવનદાસ ગંગાદાસ દોશી તથા સ્વ. ચંદ્રાબેન દોશીના સુપુત્ર શ્રી રમેશભાઈ દોશી (ઉં. વ. ૮૦) શનિવાર તારીખ ૪/૧૦/૨૫ના અરિહંતશરણ પામેલ છે તે સ્વ.પંકજભાઈના ભાઈ. નીતાબેનના જેઠ. ડોલી તથા જયના કાકા. દેવેન ભાટિયાના કાકા સસરા. પ્રાર્થના સભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ૨, માંગરોળ વણિક નિવાસ જૈન દેરાસર માર્ગ, સાન્તાક્રુઝ વેસ્ટ.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

વૈરાગ્ય સમચાર : ટીકર (રણ) નિવાસી હાલ મુંબઇ સ્વ. ચંદુલાલ વર્ધમાન મહેતાના સુપુત્ર હર્ષદભાઇના ધર્મપત્ની શકુંતલાબેન મહેતા (ઉં. વ. ૭૫) તા. ૫-૧૦-૨૫ રવિવારે દેહપરિવર્તન થયેલ છે. તે કિંજલના માતુશ્રી. અ. સૌ. જયાના સાસુજી. માઇશાના દાદી. સ્વ. રમણીકલાલ, સ્વ. સુરેશભાઇ તથા દીલીપભાઇ, જયશ્રીબહેન મહેતા, સ્વ. ઉર્મિલાબેન મહેતાના ભાભી. સ્વ. ભગવાનભાઇ ઝવેરીના સુપુત્રી. અનિલભાઇ, ચંદુભાઇ, સુલોચનાબેનના બેન. અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ઠે. હર્ષદ સી. મહેતા રૂમ નં. ૨૭૦૨ ભુલીવાર્ડ ૨, વાધવા, એલ.બી.એસ રોડ, ઘાટકોપર (વે.) મુંબઈ-૮૬.

## સાયબર ગુલામી

ઇચ્છુકોને વિદેશ મોકલતો હતો. મીરા રોડના નયાનગરમાં રહેતા બે યુવકને આરોપીએ ઑગસ્ટ, ૨૦૨૪માં થાઇલેન્ડ મોકલાવ્યા હતા. જોકે બાદમાં તેમને મ્યાનમારમાં લઇ જવાયા હતા, જ્યાં સાયબર ફ્રોડ આચરનારી કંપનીમાં તેમને ચાઇનીસ નાગરિકને સોંપાયા હતા. દરમિયાન ભારતીય યુવતીઓના નામે ફેસબૂક પર એકાઉન્ટ ખોલાવીને વિદેશી નાગરિકોને ઠગવાનું કામ કરવાની તેમને ફરજ પાડવામાં આવી હતી. આરોપીઓ વિદેશમાં રહેતા ભારતીયો સાથે મિત્રતા કરવા, તેમનો વિશ્વાસ સંપાદન કરવા અને બાદમાં તેમને ક્રિપ્ટોકરન્સી તથા બિટકોઇનમાં રોકાણ કરવા માટે કહીંને છેતરપિંડી તથા ખંડણી જેવા કામ કરવા તેમના પર દબાણ કરતા હતા. કામના સ્થળેથી બહાર જવાની પણ તેમને મનાઇ ફરમાવાઇ હતી. આવું કામ કરવાનો ઇનકાર કરીને ભારત પાછા ફરવાની વાત બંનેએ કરતાં બદલામાં આરોપીઓએ તેમને છ લાખ રૂપિયા ચૂકવવાનું કહ્યું હતું. ભારતીય બૅંકના ખાતાંમાં રૂપિયા સ્વીકાર્યા બાદ બંનેને છોડી દેવામાં આવ્યા હતા. ■

## આધાર નોંધણી

કેવાયસી, આધાર સર્ચ અને કલર પ્રિન્ટના દરો પણ ૩૦ રૂપિયાથી વધારીને ૪૦ રૂપિયા કરવામાં આવ્યા છે. આ ભાવવધારાને કારણે સામાન્ય નાગરિકોમાં નારાજગી જોવા મળી રહી છે. વધુમાં આધાર કેન્દ્રો પર સુધારેલા દરોનું બોર્ડ સ્પષ્ટપણે દેખાય તે રીતે લગાવવું કેન્દ્ર સંચાલકો માટે ફરજિયાત કરવામાં આવ્યું છે. ૧ ઓક્ટોબરથી સુધારેલા દર મુજબ જ શુલ્ક વસૂલવામાં આવી રહ્યો છે. ■




**BOOK YOUR CABIN NOW!**
For Bookings & Business Collaborations:
+91 98199 57598 | +91 90049 95154

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ‘શક્તિ’ વાવાઝોડું ઓમાન તરફ ફંટાતા ગુજરાત પરથી ખતરો ટળ્યો, માછીમારોને પાંચ દિવસ દરિયો ન ખેડવાની સૂચના

અમદાવાદઃ અરબ સાગરમાં સર્જાયેલું ‘શક્તિ’ વાવાઝોડું ઓમાન તરફ આગળ વધી રહ્યું છે. ભારતીય હવામાન વિભાગના બુલેટિન અનુસાર, તીવ્ર ચક્રવાતી વાવાઝોડું હાલમાં અરબી સમુદ્રના ઉત્તરપશ્ચિમ ભાગમાં સક્રિય છે. ૫ ઓક્ટોબર, ૨૦૨૫ ના રોજ સવારે ૧૧.૩૦ વાગ્યે નોંધાયેલું આ વાવાઝોડું ૧૫ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે પશ્ચિમ-દક્ષિણ પશ્ચિમ દિશામાં આગળ વધી રહ્યું છે. ઓમાનના રાસ અલ હદ્દથી ૨૧૦ કિ.મી. દક્ષિણ-પૂર્વમાં અને ગુજરાતના નલિયાથી ૮૨૦ કિમી પશ્ચિમ-દક્ષિણ પશ્ચિમમાં કેન્દ્રિત છે, અને ૬ ઓક્ટોબર સુધીમાં પશ્ચિમ-દક્ષિણપશ્ચિમ દિશામાં ફરી વળીને નબળું પડવાની સંભાવના છે.હવામાન વિભાગના જણાવ્યા મુજબ, આગામી ૫ દિવસ રાજ્યમાં ભારે વરસાદની કોઈ શક્યતા નથી, પરંતુ કેટલાક ભાગોમાં હળવા ઝાપટા પડી શકે છે. ૮ ઓક્ટોબરે દ્વારકા, જામનગર, પોરબંદર, સુરત, નવસારી અને વલસાડમાં મધ્યમથી ભારે વરસાદની શક્યતા છે. અમદાવાદમાં છુટાછવાયા સ્થળે હળવા વરસાદની આગાહી કરવામાં આવી હતી. આજથી પાંચ દિવસ બાદ ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદ પડવાની આગાહી કરી હતી.

હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું હતું કે, એલસીએસ-૩ ઉત્તરમાં અને ડીડબલ્યુ ૨ દક્ષિણ ગુજરાતના દરિયા માટે સિગ્નલ જાહેર કરવામાં આવ્યું છે. જ્યારે ‘શક્તિ’ વાવાઝોડું અરબ સાગરમાં સક્રિય થયું હોવાનું જણાવ્યું હતું. આ શક્તિ વાવાઝોડું ત્રણ કલાકની પ્રતિઝડપે આગળ વધી રહ્યું છે. વાવાઝોડું પશ્ચિમથી દક્ષિણ પશ્ચિમ તરફ આગળ વધી રહ્યું છે અને આવતીકાલથી તે ધીમું પડશે.

શક્તિ વાવાઝોડાની ગુજરાત પર નહિવત અસર જોવા મળશે. જોકે, માછીમારોને આગામી ૫ દિવસ દરિયો ન ખેડવાની સૂચના આપવામાં આવી છે. વાવાઝોડું ૬ ઓક્ટોબરે ગુજરાત તરફ યુ-ટર્ન લેશે. દરિયાકાંઠે ૪૦થી ૫૫ કિલોમીટરની ઝડપે પવન ફુંકાશે. આ વાવાઝોડું ૬ ઓક્ટોબરની સવાર સુધી પશ્ચિમ-દક્ષિણ પશ્ચિમ તરફ ગતિ કરવાનું ચાલુ રાખશે અને ત્યાર બાદ ધીમે ધીમે નબળું પડે તેવી સંભાવના છે. વાવાઝોડું રિકર્વ થઈને પશ્ચિમ-મધ્ય અને તેને અડીને આવેલા ઉત્તરપૂર્વ અરબી સમુદ્ર પર લગભગ પૂર્વ તરફ આગળ વધશે અને વધુ નબળું પડશે. ૭ ઓક્ટોબરના રોજ સવાર સુધીમાં તે નબળું પડીને ‘ડીપ ડિપ્રેશન’માં ફેરવાય તેવી શક્યતા છે, જેમાં પવનની ગતિ ૫૦-૬૦ કિમી પ્રતિકલાક (ઝટકા સાથે ૭૦ કિમી પ્રતિ કલાક) થવાની સંભાવના છે. ગુજરાત-ઉત્તર મહારાષ્ટ્રના દરિયાકિનારા પર ૭ ઓક્ટોબર સુધી ૪૫-૫૫ કિમી પ્રતિ કલાકની ઝડપે (ઝટકા સાથે ૬૫ કિમી પ્રતિ કલાક) સ્ક્વોલી પવન રહેવાની સંભાવના છે.હવામાન વિભાગની આગાહી અનુસાર ગુજરાત અને ઉત્તર મહારાષ્ટ્રના દરિયાકાંઠાના વિસ્તારોમાં વાવાઝોડાની અસર જોવા મળશે. ૪થી ૭ ઓક્ટોબર દરમિયાન બંને રાજ્યના દરિયાકાંઠે અને નજીકના વિસ્તારોમાં ૪૫-૫૫ કિમી પ્રતિ કલાકની ઝડપે, ૬૫ કિમી પ્રતિ કલાકના ઝાટકા સાથે તોફાની પવન ફૂંકાય તેવી શક્યતા છે.

# અમદાવાદના પાલડીમાં આવેલી ચિલ્ડ્રન હૉસ્પિટલમાં આગ લાગતા દોડધામ, ૧૩ બાળકોને અન્યત્ર ખસેડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં વધુ એક આગની ઘટના બની હતી. પાલડી વિસ્તારમાં આવેલી એક હૉસ્પિટલમાં આગ લાગી હતી. રવિવારે બપોરના સમયે ચિલ્ડ્રન હોસ્પિટલમાં આગ લાગતા દોડધામ મચી ગઈ હતી. ઘટનાને પગલે ૧૩ બાળકોને અન્ય હૉસ્પિટલમાં ખસેડાયા હતા.

જ્યારે ફાયરની ટીમે આગ પર કાબૂ મેળવ્યો હોવાનું જાણવા મળ્યું હતું. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી. જોકે અચાનક લાગ લાગતાં હૉસ્પિટલમાં હાજર લોકો વચ્ચે દોડધામ મચી જવા પામી હતી.

આગ લાગતા ધુમાડાના ગોટેગોટા દેખાયા હતા. જ્યારે ઘટનાની ગંભીરતાને જોતાં હૉસ્પિટલમાંથી ૧૩ બાળકોને અન્ય હૉસ્પિટલમાં ખસેડાયા હતા. આગ વધુ પ્રસરતા ફાયરની ટીમને જાણ કરવામાં આવી હતી. જ્યારે ફાયરની ટીમે આગ પર કાબૂ મેળવ્યો હતો. હૉસ્પિટલમાં આગ કયા કારણસર લાગી હતી, તે અંગે જાણી શકાયું નથી. ફાયરની ટીમ દ્વારા આગ પાછળનું કારણ જાણવા તપાસ હાથ ધરવામાં આવી છે.

# ગુજરાતમાં વેચાતા કફ સિરપની ગુણવત્તા અને સલામતીની તાકીદની તપાસ શરૂ

અમદાવાદઃ રાજસ્થાન અને મધ્ય પ્રદેશમાં કફ સિરપના ઉપયોગથી બાળકોના મોતના ગંભીર બનાવો બહાર આવતા ગુજરાત સરકાર એલર્ટ બની છે. આ ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને, કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા તાત્કાલિક પગલાં લેવામાં આવ્યાં છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે ૨ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને કફ સિરપ આપતા પહેલા વિશેષ સાવચેતી રાખવા માટે નવી એડવાઇઝરી જાહેર કરી હતી. બીજી તરફ, રાજ્યમાં વેચાતા તમામ કફ સિરપની ગુણવત્તા અને સલામતીની તાકીદની તપાસ ગુજરાત આરોગ્ય મંત્રાલયે શરૂ કરી છે. આ સાથે જ માતા-પિતાઓમાં કફ સિરપના યોગ્ય ઉપયોગ અને તેનાં જોખમો અંગે જાહેરાત અને જાગૃતિ અભિયાન પણ શરૂ કર્યું છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે તમામ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોને નવી એડવાઇઝરી જારી કરી છે, જેમાં બાળકોને ૨ વર્ષથી ઓછી ઉંમરનાં બાળકોને કફ સિરપ આપતા પહેલા વિશેષ સાવચેત રહેવાની સલાહ આપવામાં આવી છે. આ એડવાઇઝરીમાં કફ સિરપના યોગ્ય ઉપયોગ, માત્રા અને અન્ય દવાઓ સાથેના સંવાદ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું છે. આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે, કફ સિરપ બે વર્ષથી ઓછી ઉંમરના બાળકોને આપવી જોઈએ નહીં. ફક્ત ડોક્ટરની દેખરેખ હેઠળ પાંચ વર્ષથી વધુ ઉંમરના બાળકોએ તેનો ઉપયોગ યોગ્ય માત્રામાં અને મર્યાદિત સમય માટે કરવો જોઈએ, એમ આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું. ઉધરસ અને શરદી માટે, આરામ, પર્યાપ્ત હાઇડ્રેશન અને અન્ય સહાયક પગલાં આવશ્યક છે. બધી હોસ્પિટલો અને ક્લિનિક્સમાં ફક્ત ગુણવત્તાયુક્ત દવાઓ પૂરી પાડવી જોઈએ, અને રાજ્યના આરોગ્ય વિભાગોએ તમામ સરકારી અને ખાનગી આરોગ્ય કેન્દ્રોમાં આ સલાહકારનો અમલ કરવો જોઈએ.ગુજરાતના આરોગ્ય મંત્રાલયે રાજ્યમાં વેચાતા કફ સિરપની ગુણવત્તા અને સલામતીની તપાસ કરવા માટે તાકીદના પગલાં લીધા છે. આ તપાસમાં કફ સિરપમાં કોઈ પણ પ્રકારનાં ઝેરી રસાયણો, જેમ કે ઇથિલિન ગ્લાયકોલ (ઈજી) અથવા ડાયએથિલિન ગ્લાયકોલ (ડીઈજી)ની હાજરી તપાસવામાં આવશે. આ ઉપરાંત, કફ સિરપના ઉત્પાદકો અને વિતરકોની લાઇસન્સ સ્થિતિ અને ગુણવત્તા પ્રમાણપત્રોની પણ સમીક્ષા કરવામાં આવશે. રાજ્ય આરોગ્ય વિભાગે જાહેરમાં જાહેરાતો અને જાગૃતિ અભિયાન શરૂ કર્યું છે, જેમાં માતા-પિતાને કફ સિરપના યોગ્ય ઉપયોગ અને તેના જોખમો અંગે માહિતગાર કરવામાં આવશે. આ અભિયાનમાં આરોગ્ય કેન્દ્રો, સામાજિક મીડિયા પ્લેટફોર્મનો અને શાળાઓનો ઉપયોગ કરીને લોકો સુધી માહિતી પહોંચાડવામાં આવશે.

# સિંગતેલના ભાવમાં ડબ્બે ₹૪૦નો વધારો, મગફળીના મબલખ ઉત્પાદન છતાં ભાવ વધતા આશ્ચર્ય

અમદાવાદઃ તહેવારોની સિઝન ટાણે ગુજરાતમાં ફરી ખાદ્યતેલના ભાવમાં વધારો થયો છે. સિંગતેલના ભાવમાં પાંચ દિવસમાં રૂ.૪૦નો વધારો થયો છે, સિંગતેલનો ભાવ વધીને રૂ.૨૨૨૦-૨૩૪૦ થયો છે, કાચા માલની અછતથી ભાવ વધ્યાનું ઓઇલ મીલરોનું રટણ, સૌરાષ્ટ્રમાં મોટા પ્રમાણમાં મગફળીની આવક નોંધાઈ છે, ખેડૂતોની મગફળી સસ્તા ભાવે વેચાઇ રહી છે તેમ છતાં સિંગતેલના ડબ્બાના ભાવમાં વધારો થયો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં આ વર્ષે ૨૨ લાખ હેક્ટરમાં વિક્રમી વાવેતરના પગલે મગફળીનો અંદાજે ૬૬ લાખ ટનનો મબલખ પાક ઉતર્યો છે. જેમાં ખેડૂતો હાલ માર્કેટમાં નીચા ભાવે મગફળી વેચી રહ્યા છે. મગફળીના ભાવમાં પ્રતિ મણ આશરે રૂપિયા. ૧૦૦થી ૧૫૦ જેટલો વધુ ઘટાડો થયો છે ત્યારે બીજી તરફ તેલીયા રાજાઓએ રોજ રૂપિયા ૧૦ લેખે ચાર દિવસમાં રૂપિયા ૪૦નો કૃત્રિમ વધારો નફાખોરી માટે વધારી દીધો છે.

રાજકોટ યાર્ડમાં ૪ દિવસ પહેલા પ્રતિ મણ મગફળી રૂ.૮૯૦થી ૧૩૦૦ના ભાવ ખેડૂતોને મળ્યા હતા. આ ભાવ ઘટીને રૂ. ૭૨૧થી મહત્તમ રૂ. ૧૨૫૦ સુધી થયા છે. આમ, મગફળી સસ્તી થવા સાથે સિંગતેલ સસ્તુ થવું જોઈએ તેના બદલે ઉલ્ટુ તેમાં ૪ દિવસથી કોઈ દેખીતા પરિબળો વગર ભાવ વધારો ઝીંકાઈ રહ્યો છે. આમ પણ રાજયમાં દિવાળીના તહેવાર પહેલા સિંગતેલના ભાવ આસમાને પહોંચી જતા હોય છે અને સામાન્ય માણસના ખિસ્સા પર તેની અસર જોવા મળતી હોય છે, રાજયમાં મગફળીનું ઉત્પાદન પણ સારું થયું છે, તેમ છતા સિંગતેલના ભાવમાં વધારો થયો તે આશ્ચર્યજનક છે, અને સરકાર પણ આ બેફામ ભાવ વધારો રોકવામાં નિષ્ફળ રહી છે.

# સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર આસપાસનાં ૧૧ ગામોને સમાવતા વિરોધ, લોકોએ હુડા સામે બેસણું યોજ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર આસપાસના ૧૧ ગામોને સમાવતા હિંમતનગર અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી (હુડા)ના ડ્રાફ્ટ પ્લાન વિરુદ્ધ ગામલોકો છેલ્લાં ઘણા દિવસોથી વિરોધ કરી રહ્યા છે. રવિવારે આંદોલન ઉગ્ર બન્યું હતું, આ વિરોધના ભાગરૂપે બેરણા ગામે આવેલી ઉમિયા સમાજવાડી ખાતે હુડાની ‘લૌકિક ક્રિયા’ના ભાગરૂપે અનોખું ‘બેસણું’ યોજવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં અસરગ્રસ્ત ખેડૂતો અને મહિલાઓ હાજર રહ્યાં હતાં.

ડ્રાફ્ટ પ્લાનની જાહેરાત બાદ ૧૧ ગામોમાં વિરોધ શરૂ થયો હતો, જેના પગલે હુડા સંકલન સમિતિની રચના કરવામાં આવી હતી. આ સમિતિ આંદોલનના માર્ગે વિવિધ કાર્યક્રમો આપી રહી છે. રવિવારે ‘બેસણા’ કાર્યક્રમમાં હુડાના ડ્રાફ્ટ પ્લાનને રદ કરવાની માંગ સાથે ‘લૌકિક ક્રિયા’ કરવામાં આવી હતી.

આ ક્રિયા બાદ સમાજવાડીમાં મહિલાઓએ ‘છાજિયા’ લઈને પોતાનો આક્રોશ અને દુઃખ વ્યક્ત કર્યું હતું. હુડા સંકલન સમિતિ દ્વારા આ ‘બેસણા’માં આગામી આંદોલનાત્મક કાર્યક્રમોની પણ જાહેરાત કરવામાં આવી હતી. સમિતિએ જણાવ્યું હતું કે, આ મુદ્દે સ્થાનિક ધારાસભ્યથી લઈને મુખ્ય પ્રધાન સુધી રજૂઆતો કરવામાં આવી હોવા છતાં, હજુ સુધી કોઈ સંતોષકારક નિર્ણય ન લેવાતા વિરોધ વધી રહ્યો છે.

આ કાર્યક્રમમાં તાલુકા સદસ્યો અને તાલુકા પંચાયતના પ્રમુખ સહિતના સ્થાનિક નેતાઓ પણ હાજર રહ્યા હતા. સમિતિએ જાહેરાત કરી હતી કે, આગામી દિવસોમાં ચૂંટાયેલા સદસ્યો તેમજ રાજકીય પક્ષો સાથે જોડાયેલા તમામ કાર્યકર્તાઓ રાજીનામાં આપવા માટે સહમત થયા હતા. કોઈપણ રાજકીય પક્ષના નેતાઓને આ ૧૧ ગામોમાં પ્રવેશ ન કરવા દેવાની પણ જાહેરાત કરવામાં આવી હતી. ગામલોકોનો આ અનોખો અને ઉગ્ર વિરોધ દર્શાવે છે કે જ્યાં સુધી હુડાનો ડ્રાફ્ટ પ્લાન રદ નહીં થાય ત્યાં સુધી આંદોલન ચાલુ રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, હિંમતનગર શહેરી વિકાસ સત્તા મંડળે ગત ૧૦ સપ્ટેમ્બરે શહેરનો વિકાસ નકશો જાહેર કર્યો હતા. મુખ્ય કારોબારી અધિકારી ક્રિષ્ણા વાઘેલાએ દૈનિકપત્રોમાં વિકાસ નકશાની વિગતો પ્રસિદ્ધ કરાવી હતી. વિકાસ નકશામાં તાલુકાના ૧૧ ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ગામોમાં પરબડા, ધાણધા, સવગઢ, કાટવાડ, બોરીયા ખુરાદ, પીપલોદી, હડીયોલ, કાંકણોલ, બેરણા, બલવંતપુરા અને નવા ગામનો સમાવેશ થાય છે.

# ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં અમદાવાદમાં વિચરતી વિમુક્ત જાતિઓનું રાજ્ય સ્તરીય મહાસંમેલન યોજાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતીમાં અમદાવાદમાં વિચરતી વિમુક્ત જાતિઓનું સંમેલન યોજાયું હતું. ડીએનટી ફાઉન્ડેશન દ્વારા આયોજિત આ સંમેલનમાં રાજ્યભરમાંથી વિચરતી વિમુક્ત જાતિઓના લોકો ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય પ્રધાને આ પ્રસંગે વિચરતી અને વિમુક્ત જાતિઓનાં બાળકોને શિક્ષણ આપવા, ભણાવવા પર ભાર મુકતા કહ્યું હતું કે, તમારાં દીકરા-દીકરી ભણીને આગળ વધે એ માટે સરકારે ખૂબ સારી યોજનાઓ બનાવી છે. છેલ્લા ત્રણ વર્ષમાં વિચરતી-વિમુક્ત જાતિના ૨૭ લાખથી વધુ લાભાર્થીઓને ૨૯૭ કરોડ રૂપિયાની રકમની શિષ્યવૃત્તિની સહાય ચૂકવવામાં આવી છે અને ૮૪૪૮ જેટલાં લાભાર્થીઓને ૧૦૫ કરોડ રૂપિયાની લોન સહાય પૂરી પાડવામાં આવી છે.

તેમણે ઉમેર્યું હતું કે, અત્યારે જે પ્રમાણે દેશ અને દુનિયાની ડિમાન્ડ અને સમયની માંગ છે તે પ્રમાણે કદમથી કદમ મિલાવી દીકરા-દીકરીઓ ભણીને આગળ વધી રહ્યા છે એમાં જ્યાં જરૂર પડે ત્યાં સરકાર તમારી સાથે ઉભી રહેવા તૈયાર છે. તેમણે આ સમાજની બહેનો માતાઓને પણ સ્વ સહાયજૂથ જેવી યોજનાઓનો લાભ લઇ આત્મ નિર્ભર બનવા પ્રેરણા આપી હતી.

આ પ્રસંગે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનાં પ્રધાન ભાનુબેન બાબરીયાએ જણાવ્યું હતું કે, ૨૮ જેટલી વિચરતી અને ૧૨ જેટલી વિમુક્ત જાતિ મળી કુલ ૪૦ જેટલી જાતિઓ સામાજિક અને શૈક્ષણિક રીતે ઘણી પછાત હોય છે ત્યારે રાજ્ય સરકારે ૨૦૧૫માં આવા લોકો માટે નિગમની રચના કરી હતી. રાજ્ય સરકારે વિચરતી વિમુક્ત જાતિના બાળકોના અભ્યાસ માટેની ચિંતા કરી તેમને સ્કોલરશિપ અને બીજી ઘણી શૈક્ષણિક સહાય મળી રહે તેવા પ્રયાસો કર્યા છે. આ કાર્યક્રમમાં ભૂપેન્દ્ર પટેલના હસ્તે પદ્મશ્રી ભાનુભાઈ ચિતારાનું સન્માન કરાયું હતું.

# સૌરાષ્ટ્રનો બીજા નંબરનો સૌથી મોટો ભાદર-૧ ડેમ ઓવરફ્લો, ૩ તાલુકાનાં બાવીસ ગામને એલર્ટ કરાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સૌરાષ્ટ્ર માટે જીવાદોરી સમાન અને ગોંડલના લીલાખા પાસે આવેલો સૌરાષ્ટ્રનો બીજા નંબરનો સૌથી મોટો ડેમ ભાદર-૧ ડેમ આ સિઝનમાં સૌપ્રથમવાર ઓવરફ્લો થયો હતો. સમગ્ર સૌરાષ્ટ્ર જેની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યું હતું, તે ડેમ ઓવરફ્લો થતાં ખેડૂતો અને સ્થાનિકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

ભાદર-૧ ડેમનો ૧ દરવાજો ૧ ફૂટ સુધી ખોલવામાં આવ્યો હતો. ડેમમાંથી હાલ ૪૮૨ ક્યૂસેક પાણી ભાદર નદીના પટમાં છોડવામાં આવી રહ્યું છે. ડેમ ઓવરફ્લો થવાના પગલે તંત્ર દ્વારા ગોંડલ, જેતપુર અને ધોરાજી તાલુકાના ભાદર નદીના નીચાણવાળા વિસ્તારોમાં આવેલા ૨૨ ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે. તંત્ર દ્વારા આ ગામોના લોકોને નદીના પટમાં અવરજવર ન કરવા અને સાવચેત રહેવા માટે સૂચના આપવામાં આવી હતી.

રવિવારે ડેમનો એક દરવાજો અડધો ફૂટ (૦.૫ ફૂટ) સુધી ખોલવામાં આવ્યો હતો. ડેમમાં પાણીની આવક હાલમાં ૨૮૨ ક્યુસેક નોંધાઈ હતી. આવકની સામે, ડેમમાંથી ૨૮૨ ક્યુસેક પાણી ભાદર નદીના પટમાં છોડવામાં આવી રહ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ભાદર-૧ ડેમ સૌરાષ્ટ્રના ૨૨ લાખ લોકોને પીવાનું પાણી પૂરું પાડે છે. ભાદર ૧ ડેમ ઓવર ફ્લો થવાના કારણે હવે સૌરાષ્ટ્રવાસીઓની પાણીની સમસ્યા મહદઅંશે હળવી થશે.

ખાસ વાત એ છે કે, ભાદર ૧ ડેમ માત્ર વરસાદી પાણીના કારણે નહીં, પરંતુ સરકારની સૌની યોજના હેઠળ નર્મદાના નીર ઠાલવવામાં આવતા ઓવર ફ્લોની સ્થિતિમાં આવ્યો છે.

# રાધનપુર નજીક ગમખ્વાર અકસ્માત સર્જાયોઃ પાંચ વાહનોની ટક્કર, ચારનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પાટણ જિલ્લામાં રાધનપુર નજીક મોટી પીપળી ગામે ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો હતો. એક સાથે પાંચ વાહનો વચ્ચે થયેલી ટક્કરમાં ચાર લોકોનાં મોત થયા હતાં. જ્યારે ૧૫થી વધુ મુસાફરો ઇજાગ્રસ્ત થયા હતાં. અકસ્માતની ખબર મેળતાં જ પોલીસ અને સ્થાનિક લોકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા. ઇજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે રાધનપુરની રેફરલ હોસ્પિટલ તેમજ આસપાસની ખાનગી હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા હતાં, જેમાંથી ત્રણ લોકોની સ્થિતિ અત્યંત ગંભીર હોવાનું તબીબી સૂત્રોએ જણાવ્યું હતું.

પ્રાથમિક માહિતી મુજબ અકસ્માત ત્યારે બન્યો હતો જ્યારે મોટી પીપળી નજીક રોડનું કામ ચાલુ હોવાથી રસ્તાની એક સાઇડ બંધ હતી. જેના કારણે એક ટ્રેલર રોંગ સાઇડમાં આવી રહ્યું હતું અને તે પ્રથમ બોલેરો પિકઅપ સાથે અથડાયું હતું. ત્યારબાદ પાછળ આવતી જીપ અને બે બાઈક પણ અથડાયા હતા. આ ભારે અથડામણથી પાંચેય વાહનોને મોટું નુકસાન પહોંચ્યું હતું. પોલીસે ઘટનાસ્થળે પહોંચી ક્રેનની મદદથી રસ્તો ક્લીયર કરાવ્યો અને અકસ્માતના કારણોની વધુ તપાસ હાથ ધરી હતી.

મૃતકોની વાત કરવામાં આવે તો, મોટી પીપળીના દેસાઈ લક્ષ્મણભાઈ નાગજીભાઈ, ઊંચોસણના યશ રૂડાભાઈ રબારી, અગીચાના ગામના કનુભાઈ માધાભાઈ રાવળ અને ખેરવા દસાડાના નસીબ ખાન દિલદાર ખાન મલિકનો સમાવેશ થાય છે. પોલીસે મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ મોકલ્યા હતા અને દુર્ઘટનામાં સામેલ વાહનોને કબજે કરીને વધુ તપાસ શરૂ કરી હતી. આ દરમિયાન રાધનપુરના ધારાસભ્ય લવિંગજી ઠાકોરે હોસ્પિટલ પહોંચી પીડિત પરિવારોને સાંત્વના પાઠવી હતી.

# ધોલેરા હાઈવે પર બે લક્ઝરી બસ વચ્ચે ભયાનક અકસ્માતઃ દસ ઘાયલ, ત્રણ ગંભીર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ધોલેરા-ભાવનગર હાઈવે પર મોટો અકસ્માત થયો હતો. હેબતપુર ગામ નજીક બે લક્ઝરી બસ વચ્ચે અકસ્માત થતા ૧૦ મુસાફરો ઇજાગ્રસ્ત થયા હતા, જેમાંથી ત્રણ લોકોની સ્થિતિ ગંભીર હોવાનું જાણવા મળી રહ્યું હતું. અકસ્માત પછી લોકોમાં ગભરાટ ફેલાયો હતો અને સ્થાનિકો મદદ માટે દોડી આવ્યા હતા. ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા તમામ ઇજાગ્રસ્તોને તાત્કાલિક ભાવનગરની હોસ્પિટલમાં ખસેડી સારવાર શરૂ કરવામાં આવી હતી.

સુરતથી ભાવનગર જતી નટરાજ ટ્રાવેલ્સ અને બદ્રીનાથ ટ્રાવેલ્સની લક્ઝરી બસ વચ્ચે આ ભયાનક અકસ્માત સર્જાયો હતો. નટરાજ ટ્રાવેલ્સની બસ વળાંક લઈ રહી હતી ત્યારે પાછળથી આવી રહેલી બદ્રીનાથ ટ્રાવેલ્સ તેની સાથે જોરદાર રીતે ટક્કર મારી હતી. અકસ્માતના કારણે નટરાજ ટ્રાવેલ્સની બસ પલટી ગઈ હતી. બસમાં બેઠેલા મુસાફરો તૂટેલા કાચ અને વાંકાઈ ગયેલા ભાગોમાં ફસાઈ ગયા હોવાની માહિતી બહાર આવી છે.

આ દુર્ઘટનામાં ૧૦ લોકો ઇજાગ્રસ્ત થયા હતા, જેમાં ૩ની હાલત ગંભીર છે. નટરાજ ટ્રાવેલ્સની બસ રોડ પર પલટી ખાઇ ગઈ હતી, જ્યારે બદ્રીનાથ ટ્રાવેલ્સનો કંડકટર સાઇડનો આગળનો ભાગ અકસ્માતમાં ક્ષતિગ્રસ્ત થયો હતો. ઇજાગ્રસ્તોને સારવાર માટે ભાવનગર ખસેડવામાં આવ્યા હતા. પોલીસે અકસ્માતના કારણોની તપાસ માટે બંને બસના ડ્રાઈવરોના નિવેદન પણ લીધાં હતાં.

# વાલિયા-અંકલેશ્વર હાઈવે પર સતત પાંચ કલાક સુધી વાહનચાલકો ટ્રાફિક જામમાં ફસાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વાલિયા-અંકલેશ્વર વચ્ચે આવેલા નેશનલ હાઇવે ૪૮ પર લાંબો ટ્રાફિક જામ સર્જાયો હતો. આ ટ્રાફિક જામના કારણે વાહનચાલકો અને મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. માર્ગ પરના મોટા ખાડા અને કેટલાંક સ્થળોએ સાંકડા પુલ હોવાના કારણે આ ટ્રાફિક જામ સર્જાયો હતો. ભારે વાહનવ્યવહાર ધરાવતા આ માર્ગ પર વારંવાર આવી ટ્રાફિકની સમસ્યાઓ સર્જાતી રહેતી હોય છે.

વાલિયા ચોકડીથી અંકલેશ્વર તરફ અને અંકલેશ્વરથી ભરૂચ જતા માર્ગ પર વાહનોની લાંબી લાઈનો લાગી હતી. નેશનલ હાઇવે ૪૮ પર છેલ્લા ચારથી પાંચ કલાકથી વાહનચાલકો ટ્રાફિક જામમાં ફસાયા રહ્યા હતા. આ ટ્રાફિકના જામના કારણે મુસાફરોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. રોજિંદા મુસાફરી કરનાર વાહનચાલકોને ઈંધણ અને સમય બન્નેનો ભારે વેડફાટ સહન કરવો પડતો હોય છે. ગુજરાતના મહત્ત્વના ઉદ્યોગ વિસ્તારને જોડવા માટે વાલિયા-અંકલેશ્વર હાઇવે મુખ્ય માર્ગ છે, પરંતુ અત્યારે આ હાઇવે વાહન ચાલકો માટે ત્રાસદાયક માર્ગ બની ગયો છે.

આ સમસ્યા માટે અનેક વખત ફરિયાદો કરવામાં આવી છે તેમ છતાં પણ તંત્ર દ્વારા કોઈ કામગીરી કરવામાં આવતી નથી. આ હાઈવે પરથી અંકલેશ્વર અને ભરૂચ ઉદ્યોગ નગરો વચ્ચે માલવહન ટ્રક અને કન્ટેનરની અવર-જવર રહેતી હોય છે, પરંતુ હાઈવે પર પડેલા ખાડાઓ અને સાંકડા પુલો અડચણરૂપ બન્યો છે. આનો કાયમી ઉકેલી આવે તેવી સ્થાનિકો દ્વારા વારંવાર માગણી કરવામાં આવી છે.

# શિક્ષણ વિભાગના કર્મચારીઓ માટે હવે ફેસ રીકગ્નિશન/બાયોમેટ્રિક હાજરી સિસ્ટમ ફરજિયાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યના શિક્ષણ વિભાગે કર્મચારીઓની હાજરી વ્યવસ્થાને વધુ નિયમિત અને પારદર્શક બનાવવા માટે મહત્વનો નિર્ણય લીધો છે. સમગ્ર શિક્ષા અને સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ, ગાંધીનગર દ્વારા ૧ ઓક્ટોબર ૨૦૨૫ થી ફેસ-રીકગ્નિશન/બાયોમેટ્રિક હાજરી સિસ્ટમ ફરજિયાત અમલમાં મુકાશે. જેથી હવે નિયમિત, પ્રતિનિયુક્તિ, કોન્ટ્રાક્ટ, આઉટસોર્સ તેમજ કન્સલ્ટન્ટ સહિતના તમામ કર્મચારીઓને ફેસ-રીકગ્નિશન અથવા બાયોમેટ્રિક ઉપકરણ દ્વારા હાજરી નોંધાવવી પડશે. વિભાગના પરિપત્ર નવી સિસ્ટમથી જનરેટ થતી હાજરીની માહિતી સીધા પગાર પ્રક્રિયા તથા કર્મચારી સેવા સંબંધિત વહીવટ સાથે જોડાશે.

આ સિસ્ટમનો પહેલો તબક્કો સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ ખાતે શરૂ થશે અને ત્યારબાદ જિલ્લાના તમામ કચેરીઓ, બીઆરસી અને સીઆરસી સુધી વિસ્તરશે. નિયમ મુજબ કર્મચારીએ સવારે ૧૦:૩૦ સુધી હાજરી આપવી અને સાંજે ૬:૦૦ પછી જ કચેરી છોડવાની રહેશે. દરરોજ સવાર અને સાંજ એમ દિવસમાં બે વખત હાજરી નોંધવાની રહેશે. મહિને મહત્તમ બે વાર સુધી ૬૦ મિનિટનો ગ્રેસ પિરિયડ રાખવામાં આવ્યો છે, જ્યારે ત્રણથી વધુ વાર મોડા આવનાર અથવા વહેલા જનારને અડધા દિવસની રજામાં ગણવામાં આવશે.

ફિલ્ડ વર્ક પર રહેલા કર્મચારીઓ માટે મોબાઇલ એપ બનાવવામાં આવી છે. જેથી તેઓ સ્થળ પરથી જ હાજરી નોંધાવી શકશે. જો મશીન ખરાબી કે તબીબી કારણસર હાજરી નોંધાઈ ન હોય તો કર્મચારીએ બે દિવસમાં લેખિત સ્પષ્ટીકરણ આપવું પડશે. સવારે ૧૦:૪૦ પછી આવનાર અથવા ૬:૦૦ પહેલાં જનારનું નામ ‘લેટ કમિંગ’ અને ‘અર્લી ગોઇંગ’ યાદીમાં મુકવામાં આવશે. નવી સિસ્ટમમાં દરેક નવા જોડાતા કર્મચારીનું રજિસ્ટ્રેશન ફરજિયાત રહેશે, જ્યારે તેની જવાબદારી શાખા અધિકારી અને મહેકમ શાખાની રહેશે. આ નિર્ણયથી શિક્ષણ વિભાગની હાજરી વ્યવસ્થા વધુ કડક અને ટેક્નોલોજી આધારિત બનશે એવી અપેક્ષા છે.

# સુરતમાં સબ રજિસ્ટ્રાર રૂપિયા ૨.૫૦ લાખની લાંચ સાથે રંગેહાથે ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતમાં ભ્રષ્ટાચાર વિરુદ્ધ એન્ટી કરપ્શન બ્યૂરોએ અડાજણ સબ રજિસ્ટ્રાર કચેરીના સબ રજિસ્ટ્રાર વર્ગ-૩ના અધિકારી મહેશ રણજીતસિંહ પરમારને ૨.૫૦ લાખની લાંચ લેતા રંગેહાથ પકડી પાડ્યો હતો. ફરિયાદીના સંબંધીએ ખેતીની જમીન ખરીદવાની નોંધણી પ્રક્રિયા માટે કાયદેસર રકમ ચૂકવી હતી, છતાં આરોપી અધિકારીએ દસ્તાવેજમાં વાંધો ન કાઢવા અને ઓર્ડર સરળતાથી આપી દેવાના બહાને ૩ લાખ રૂપિયાની લાંચ માંગી હતી. અંતે ૨.૫૦ લાખમાં સમાધાન થતાં ફરિયાદીએ એસીબીને જાણ કરી હતી.

એસીબીએ ૪ ઓક્ટોબરના રોજ પીઆઈ આરકે સોલંકીની આગેવાનીમાં અડાજણ સબ રજીસ્ટ્રાર કચેરીમાં છટકાનું આયોજન કર્યું હતું. એસીબીએ મહેશ પરમારને કચેરીમાં જ લાંચની રકમ સ્વીકારતા રંગેહાથે ઝડપી પાડ્યા હતા. મહેશ પરમાર છેલ્લા ૨૭ વર્ષથી સરકારી સેવામાં છે અને ૮૦ હજાર રૂપિયાનું માસિક વેતન મેળવે છે. જો કે, વધારે રૂપિયાની લાલચમાં આવીને ભ્રષ્ટાચાર આચરી રહ્યા હતા.

એસીબીએ આરોપી વિરુદ્ધ ગુનો નોંધીને પ્રાથમિક તપાસ બાદ રિમાન્ડની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. એસીબી દ્વારા મહેશ પરમારના નિવાસસ્થાન અને કચેરીમાં સર્ચ ઓપરેશન ચલાવવામાં આવશે અને તેમની મિલકતોની વિગતવાર તપાસ પણ કરવામાં આવશે. એસીબીના અધિકારીઓએ જણાવ્યું હતું કે, ભ્રષ્ટાચાર સામેની લડત સતત ચાલુ રહેશે અને કોઈપણ સરકારી અધિકારીને છોડવામાં નહીં આવે.

# ધર્મતેજ

## સાચા સાધુ આપણા સપનાને વધારશે નહીં તોડશે, જેથી આપણે જાગૃતિમાં જીવી શકીએ



માનસ મંથન
મોરારિબાપુ
feedback@bombaysamachar.com



સતીશભાઈ વ્યાસે બંગાળમાં કેટલીયે જગ્યાએ ફરી ફરીને જે કથાઓ એકઠી કરી છે તેમાં આ બાઉલ કથા મેં વાંચી છે. એ તમારી સાથે શેર કરવા માગું છું. બે પક્ષીઓ હતાં. એક શિકારીએ તે બંનેને એક ખપાટના પીંજરામાં પૂર્યા હતા. દોરીથી લાકડાના ટુકડાઓને જોડીને પીંજરું બનાવ્યું હતું અને તેમાં બંને પક્ષીઓને કેદ કરી મૂક્યા હતાં. બંને છૂટવા માગે છે. કોણ મુક્તિ નથી ઇચ્છતું? એક જ પીંજરામાં રહી એ બંને પક્ષીઓ શિકારીની રહેણી-કરણી, એની ભાષા, એનાં સંકેતો એ બધું સમજતાં થઈ ગયાં હતાં. એક દિવસ એ પંખીઓએ સાંભળ્યું કે જે શિકારીએ અમને કેદ કર્યાં છે એ સાત-આઠ કલાક માટે બહાર જવાનો છે. જેવો એ બહાર ગયો એટલે એક પંખીએ બીજા પંખીને કહ્યું કે, ઘણો સમય છે; બે-ત્રણ કલાકમાં મુક્તિનું કામ થઈ શકે તેમ છે. આપણે આપણી ચાંચથી પિંજરના ધાગાઓને તોડી નાખીએ અને આ વાંસની ખપાટો છે તેને થોડી પહોળી કરીને તેની વચ્ચેથી ઊડી જઈએ. બંનેએ પ્રયત્ન કર્યો. ત્રણ-ચાર કલાકમાં એમાં એ સફળ પણ થયા. હવે જયારે ઈચ્છે, જે ક્ષણે ઈચ્છે ત્યારે એ આઝાદ થઈ શકે એમ હતાં.

એટલામાં સાત કલાક પૂરા થઈ ગયા. પેલો શિકારી આવી ગયો. જેવો એ દરવાજામાં પ્રવેશ કરે છે ત્યાં જે પંખીએ આઝાદ થવાનો ઉપાય બતાવ્યો હતો એણે બીજા પક્ષીને કહ્યું કે ભાગો ! શિકારી અંદર પ્રવેશ કરે એ પહેલાં આપણે ઊડીને સામેની દીવાલ પર બેસી જઈએ.; પછી શિકારીના વશની વાત નહીં રહે. બીજું પંખી આ સાંભળતું હતું પણ તેને કોઈ પ્રતિભાવ ન આપ્યો. પેલાએ કહ્યું ચાલો, ઊડો! એમ કહી જે સલાહ આપી રહ્યું હતું એ પક્ષી ઊડીને સામેની દીવાલ પર બેસી ગયું અને બૂમાબૂમ કરવા લાગ્યું કે તું પણ નીકળી જા! તો પિંજરાની અંદર રહેલા પક્ષીએ કહ્યું, હું આખા પિંજરને તોડી નાખીશ. હું તળિયાને તોડી નાખીશ. આખું પીંજરું જ ખતમ કરવું છે. પેલા આઝાદ પંખીએ કહ્યું કે દોસ્ત, આખા પીંજરાને ખતમ કરવાની જરૂર નથી; આટલી જ જગ્યા પૂરતી છે; તું નીકળી જા...

એ રીતે સાધુ શું કરે છે? તમે મધુર સપનામાં ખોવાયેલ છો અને આ કરી લઉં, પેલાને મળી લઉં, આ પ્રાપ્ત કરી લઉં, ફલાણું કરી લઉં-એમાં ડૂબ્યા છો અને સદ્‌ગુરુ તમારું સપનું તોડે છે તેથી કદી કદી સદ્‌ગુરુ કડવા બને છે. તેથી તમને કદી કદી સદ્‌ગુરુ પ્રત્યે અશ્રદ્ધા પણ થઈ શકે છે. સદ્‌ગુરુ પ્રતિ તમારા મનમાં વિપરીત ભાવ પણ આવી શકે છે, કારણ સદ્‌ગુરુ તમારી ખુશામત નહિ કરે, તમારાં સપનાંને વધારી નહિ આપે. એ તોડશે તમારાં સપનાં, જેથી તમે હોંશમાં જીવો. તમે જાગૃતિ પ્રાપ્ત કરો. તમે ઉજાશ પ્રાપ્ત કરો. ભ્રાંતિ તોડવાનું કામ સાધુ કરે છે. તમારી પાસે પૈસા ન હોય એનું તમે દુઃખ માનો છો, પણ એની પાછળ કેટલાં સુખ છે! ન સરકારનો ડર, ન મિત્રનો ડર, ખુશામતખોરોનો ડર નહિ! ક્યાંય પણ જઈને સૂઈ જાવ! ડર નહિ!

એક ફકીર હતો. અકબર ને બીરબલ ત્યાંથી નીકળ્યા. અકબર કહે કે ફકીરને થોડું સોનું આપી દો તો ઝૂંપડી બનાવી ચેનથી રહી શકે. બીરબલે કહ્યું કે સોનું મળે પછીએ ચેનથી સૂઈ શકશે કે કેમ એ કહેવું મુશ્કેલ છે. સોનું આપી દીધું. એક મહિના પછી અકબર ને બીરબલ નીકળ્યા ફકીરને જોવાં કે હવે તો એ ચેનથી આરામ કરતો હશે. ફકીર તો પરેશાન હતો. કહે, તમારી પ્રતીક્ષા કરતો હતો. જબ સે સોના આયા તબ સે મેરા 'સોના' ચલા ગયા ! તમારું આ સોનું લઈ જાવ ને મારું સૂવાનું પાછું આપો. સંપત્તિનાં તમે માલિક ન થઈ શકો. વધુ ને વધુ એના ગુલામ યા તો દ્વારપાળ થઈ શકો છો. આ જીવનનું સત્ય છે અને તમે એટલું પણ નથી વિચારતા કે તમને મહોબ્બત નથી કરતાં એને તમે મહોબ્બત કરો છો ? પૈસાને કેટલો પ્યાર કરો છો? કોઈ ચોર પૈસાને લઈ જતો હોય તો પૈસા ચોરને કહે છે કે આ મારો પ્રિયતમ છે. એને બદલે તું મને બીજે ક્યાં લઈ જાય છે? પૈસા તો ચોર પાસે પણ જતા રહેશે. એ તો બેઈમાન છે. સંપત્તિના પ્રેમમાં સદૈવ ધોખો છે. એની સાથે એટલો પાકો સંબંધ નહિ જોડો કે એ તમારી મુક્તિમાં બાધક બને! જરૂર, વિવેકથી એને પકડો. 'રોશની ચાંદથી થાય છે, સિતારોથી નહિ.' ટ્રકની પાછળ લખાય છે,હું વાંચતો રહું છું-'ઈર્ષાળુને આશીર્વાદ!'

***રોશની ચાંદથી થાય છે, સિતારોથી નહિ,***
***મહોબ્બત એકને થાય છે, હજારોને નહિ.***

આપણી સંપત્તિ તો આજે બેંકને, કાલે દુકાનને મહોબ્બત કરે છે, તો કદી હવાઈ જહાજને મહોબ્બત કરે છે! એ તો ઠેકાણું બદલે છે, ને એને તમે પ્રિયતમ ગણો છો ? તમારા ખિસ્સામાંથી પૈસા પડી જાય, તો એ કહી શકે કે મને તમારી સાથે લઈ જાઓ! હું પૈસાની આલોચના નથી કરતો. વ્યવહારમાં જરૂર પડે છે. પણ એ તમને પકડી ન લે એ ધ્યાનમાં રાખજો ! સાધુ આપણા વ્યર્થ સપનાઓને તોડે છે અને આપણને જાગૃત કરે છે.

બાપ! મને લાગે છે કે ઉપરની પ્રથમ કથામાં જે બે પક્ષી છે તેમનું એક સાધુ અને બીજું અસાધુનું પ્રતિક છે. સંસારના કારાગૃહમાં બંને કેદ છે. મારાં ભાઈ-બહેનો, પીંજરું તોડવાની જરૂર નથી. અવસર મળે ત્યારે પીંજારામાંથી મુક્ત થવાની જરૂર છે. સાધુ આપણને એ શિખામણ આપે છે. એટલા માટે સાધુ ઔષધી છે, જે આપણને તોડવાનું ન કહે, ઉડાન ભરવાનું કહે. પીંજરું શિકારીનું હતું, મુબારક! આત્મા આપણો છે. મુક્તિ આપણો અધિકાર છે. કોઈ પણ દારિદ્રયથી, કોઈ પણ રોગથી, કોઈ પણ ભ્રમથી કે મરણથી મુક્તિ મેળવવાનો આપણો અધિકાર છે. આવો, આપણે સાધુના વિચારોનો સંગ કરીએ; એનાં વચનોનો સંગ કરીએ. - સંકલનઃ જયદેવ માંકડ ■

## ઈશ્વર ન્યાય કરે છે

મનન
હેમંત વાળા
feedback@bombaysamachar.com



ક્યાંક વાંચેલું કે, સૂફી સંપ્રદાયમાં જણાવ્યું છે કે ઈશ્વર પોતાનાં હાથમાં પાંચ બાબતો રાખે છે - જન્મ, મૃત્યુ, સ્મરણ, વિસ્મરણ અને ન્યાય.

જન્મ ક્યારે, ક્યાં, કેવા સંજોગોમાં, કોની કુખે થાય તે વાત માનવીના હાથમાં તો નથી જ. આ બધી બાબતો કોઈ શક્તિ નિયંત્રિત કરે છે અને નિર્ધારિત કરે છે. જીવન અંતે કયું સ્વરૂપ ધારણ કરશે તે વાત ઘણે અંશે જન્મ પર પણ આધાર રાખે છે. મા-બાપની સ્થિતિ, સંજોગો તથા સમાજનું વર્ચસ્વ, સંજોગોને કારણે ઊભું થતું મિત્રમંડળ, જે તે સ્થાને પ્રાપ્ત સવલતો - આવી ઘણી બાબતો જન્મને આધારે નક્કી થતી હોય છે. જન્મ માટે નથી હોતી કોઈ પસંદગી કે કોઈ ઈચ્છા-સંતોષ, બસ આ તો આકાર લેતી એવી ઘટના છે કે જેનો કોઈ વિકલ્પ જ નથી હોતો. સ્વાભાવિક રીતે એમ માની શકાય કે જન્મ ઈશ્વરના નિયમ મુજબની ઘટના છે.

મૃત્યુ માટે પણ એમ જ કહી શકાય. મૃત્યુ ક્યારે, ક્યાં, કેવાં સંજોગોમાં, કેવી રીતે, કયા કારણથી જીવનને નષ્ટ કરી નાખે છે તે કહેવાય નહીં. જન્મને જેમ સ્વીકારવાનું હોય તેમ મૃત્યુ માટે પણ કહી શકાય. અહીં કોઈ વિકલ્પ નથી હોતો. કહેવાય છે કે જીવન કરતાં પણ મૃત્યુ એ વધુ સત્ય અને વધુ વાસ્તવિક છે. અહીં પણ વ્યક્તિના નિયંત્રણમાં કશું જ નથી હોતું. અહીં પણ એમ માનવું રહ્યું આ કે કોઈ ઈશ્વરના નિયમ મુજબની આ ઘટના છે. કોઈ દિવ્ય શક્તિ મૃત્યુ પર નિયંત્રણ પણ રાખે છે અને તેને નિયંત્રિત પણ કરે છે. કોઈ કહી શકે કે જે વ્યક્તિ આત્મઘાત કરે તેની પાસે વિકલ્પ હોય છે. આમાં પણ બે સંભાવનાઓ છે. આત્મઘાત નિર્ધારિત હોઈ શકે અથવા તે આકસ્મિક ઘટના પણ હોઈ શકે. જો તે નિર્ધારિત હોય તો સૂફી સંપ્રદાયની કહેલી વાત સાચી ઠરે, અને જો આકસ્મિક હોય તો આગળ જતાં તેનો પણ હિસાબ થતો હશે.

સ્મરણ અને વિસ્મરણ બંને ઈશ્વર-કૃપા સમાન ઘટના છે. કદાચ નજીકનો ભૂતકાળ યાદ હોઈ શકે પરંતુ થોડાં સમય પહેલાંની પણ કેટલીક ઘટનાઓ યાદ નથી રહેતી. પૂર્વ જનમની કોઈપણ ઘટના બહુ જવલ્લે જ કોઈને યાદ આવતી હશે. આ વિસ્મરણ એક વરદાન છે. જો પહેલાંના અને તે પહેલાનાં જન્મની વાતો યાદ રહી હોત તો કદાચ આ જન્મ બહુ જટિલ અને મુશ્કેલ બની જાત. ગયા જન્મનો કોઈ દુશ્મન જો આ જન્મમાં મિત્ર બનીને સામે આવી ગયો હોય તો, અને તે વખતે ગયાં જન્મની દુશ્મનાવટ યાદ આવી જાય તો - આવી પ્રત્યેક સ્થિતિમાં, દુનિયાનો સામાન્ય વ્યવહાર પણ અટકી જાય. આમ પણ કહેવાય છે કે વિસ્મરણ એ અનુકૂળતા જળવાઈ રહે તે માટેની વ્યવસ્થા છે. જે વ્યક્તિ ભૂલી જતો હોય છે તે પ્રમાણમાં વધુ સુખી હોય છે પ્રમાણમાં ઓછો ચિંતિત હોય છે. લાખ પ્રયત્ન કરવાં છતાં પણ અમુક વાતો યાદ આવતી નથી કે યાદ રહેતી નથી. વિસ્મરણ પાછળ કોઈ અગમ્ય શક્તિ કાર્યરત હોય તેમ જણાય છે. તેવું જ સ્મરણ માટે કહી શકાય.

સૂફી સંપ્રદાયમાં ન્યાયની વાત વધુ મહત્ત્વની હોય તેમ લાગે છે. ન્યાય એટલે એવી ઘટના કે જ્યાં તટસ્થતા, નિષ્પક્ષતા, નિર્લેપતા, અસંલગ્નતા અને માત્ર સાક્ષીભાવ હોય. ન્યાયમાં ત્રાજવાના બંને પલડામાં સરખું વજન સ્થાપિત થાય. એક બાજુ જેટલું મૂકવામાં આવે, આપમેળે બીજી બાજુ તેટલું મુકાઈ જાય. એક પલડામાં જે કર્મ મૂકવામાં આવે તેને અનુરૂપ બીજાં પલડામાં તેનું ફળ મુકાઈ જાય. ક્યારેક એમ લાગે છે કે આ ન્યાય સ્વયં સંચાલિત હશે. તો પણ તેના નિર્ધારણમાં, તેના અમલીકરણમાં, તેની વ્યવસ્થામાં, તેને કારણે ઉદભવતા પરિણામમાં ઈશ્વરની હાજરી અને અનુમતિ સ્વાભાવિક છે. પરિણામે અંતે તો ન્યાય થશે જ તે પ્રકારની શ્રદ્ધા સ્થાપિત થાય.

ઈશ્વરે ન્યાય સ્વહસ્તક રાખેલો છે. આ એક અનેરી ઘટના છે જે સૃષ્ટિનો વ્યવહાર નક્કી કરવામાં સૌથી મહત્ત્વની ભૂમિકા ભજવે છે. ઈશ્વરના હસ્તક ન્યાય છે, એનું એક અર્થઘટન એમ થઈ શકે કે ઈશ્વર વ્યક્તિને પોતાની ઈચ્છા પ્રમાણે કાર્યરત થવાં દે છે, પોતાની રીતે વ્યવહાર કરવાની તેને સ્વતંત્રતા આપે છે, અને પછી તેનાં કર્મ અનુસાર ન્યાય કરે છે. અહીં એમ સાબિત થઈ શકે કે વ્યક્તિ પોતાનું કર્મ કરવાં માટે સ્વતંત્ર છે. ઈશ્વરે પોતાના હાથમાં દરેક વ્યક્તિનું કર્મ નથી રાખ્યું, પોતાની રીતે કર્મ કરવાની છૂટ તેણે દરેક વ્યક્તિને આપી છે. પછી જે તે કર્મ પ્રમાણે તે ન્યાય કરે છે.

ઈશ્વરે પોતાના હસ્તક ન્યાય રાખેલો છે, એનો અર્થ એમ પણ થઈ શકે કે ઈશ્વર ન્યાયપ્રિય છે અને આ ન્યાય તે અન્ય કોઈ બાબત પર છોડવા નથી માગતો. ઈશ્વર ન્યાય પ્રક્રિયાનું સંપૂર્ણતામાં અને સમગ્રતામાં અનુસરણ થાય તેવો આગ્રહ રાખે છે. એમ પણ કહી શકાય કે ન્યાય થકી ઈશ્વર સૃષ્ટિનું નિયમન નિયમ આધીન રહે તેવી વ્યવસ્થામાં માને છે. અહીં એમ પણ કહી શકાય કે ઈશ્વરનો ન્યાય એટલે નિષ્પક્ષ ઘટના. પછી ન્યાય માટે ન કોઈ શંકા ઊભી થવી જોઈએ કે ન કોઈ ફરિયાદ થવી જોઈએ.

જન્મ, મરણ, સ્મરણ, વિસ્મરણ તથા ન્યાય, એમ જણાય છે કે સૃષ્ટિએ જે સ્વરૂપ ધારણ કર્યું છે તેની પાછળ આપ મુખ્ય પાંચ પરિબળો છે. દરેક પરિબળનો એક અસર ક્ષેત્ર તથા કાર્યક્ષેત્ર છે. આ પરિબળો પણ પરસ્પર સંકલન અને સમન્વયથી કાર્યરત થાય તે પ્રમાણેની ઈશ્વરની વ્યવસ્થા હોય જ. ■

## મનમાં સતત વહેતો વિચારોનો પ્રવાહ આધ્યાત્મિક પ્રગતિમાં બાધારૂપ છે.

અલૌકિક દર્શન
ભાણદેવ
feedback@bombaysamachar.com



(ગતાંકથી ચાલુ)

૩૦૮ પ્રકારના પ્રાણાયામ! 'અધધ' કહેશો નહીં. અહીં કશું જ અંતિમ નથી. આ સંખ્યા હજુ પણ વધી શકે છે. જીવનનો ક્રમ છે- વિકાસ! તદનુસાર અહીં સૌ અને બધું જ વિકસી રહ્યું છે. સર્વ વિદ્યાઓ વિકસી રહી છે અને તે જ રીતે યોગવિદ્યા પણ વિકસી રહી છે અને યોગવિદ્યાના ભાગરૂપે પ્રાણાયામવિદ્યા પણ વિકસી રહી છે. તો આ આંકડો પણ છેલ્લો નથી. ભવિષ્યમાં ૩૦૮માંથી ૪૦૮ થાય તો નવાઈ ન પામશો. હા, અત્યારે આટલું ઘણું છે- ૩૦૮!

ભવિષ્યનું ભવિષ્ય જાણે અને ભગવાન જાણે!

**૧૦. પ્રાણાયામનું પ્રદાન**

(અ) આધ્યાત્મિક ક્ષેત્રે :

પ્રાણાયામ મૂલતઃ અધ્યાત્મવિદ્યા છે, તેથી તેનું પ્રધાન પ્રદાન આધ્યાત્મિક ક્ષેત્રે જ હોય, તે સ્વાભાવિક છે.

(i) હઠયોગની સૌથી પ્રધાન ઘટના કુંડલિની શક્તિનું જાગરણ છે, હઠયોગમાં યૌગિક ક્રિયાઓનો અભ્યાસ કુંડલિનીના જાગરણને કેન્દ્રમાં અને દૃષ્ટિ સમક્ષ રાખીને કરવામાં આવે છે, એમ કહેવામાં અતિશયોક્તિ નથી. તે જ રીતે એમ પણ અતિશયોક્તિ વિના કહી શકાય કે આ ધ્યેયને સિદ્ધ કરવા માટે સૌથી મહત્ત્વપૂર્ણ યૌગિક ક્રિયા પ્રાણાયામ છે. કુંડલિની જાગરણ સુષુમ્ણાર્ગે થતું પ્રાણોત્થાન છે. પ્રાણના પ્રવાહોનું સંયમન પ્રાણાયામથી થાય છે. એ જ અભ્યાસમાં આગળ વધતાં પ્રાણોત્થાનની ઘટના ઘટે છે.

કુંડલિની જાગરણ આખરે સમાધિમાં પરિણમે છે. આ ઘટનાથી સાધકના સમગ્ર જીવનનું રૂપાંતર સિદ્ધ થાય છે. આ દૃષ્ટિથી જોતાં પ્રાણાયામનું આધ્યાત્મિક મૂલ્ય જેટલું આંકીએ તેટલું ઓછું છે.

(ii) શરીર અને મનથી પરની ચેતનામાં જેનો કોઈ વાર પણ પ્રવેશ થયો નથી, જેને ધ્યાનાવસ્થાની આછી-પાતળી ઝલક પણ મળી નથી તેને માટે આધ્યાત્મિક ક્ષેત્રની હકીકતો સમજવાનું અને અધ્યાત્મની મહત્તા સમજવાનું કાર્ય ઘણું દુષ્કર છે. એટલું જ નહીં પણ જ્યાં સુધી એકાદ વાર પણ મનસાતીત ક્ષેત્રમાં પ્રવેશ ન થાય ત્યાં સુધી સાધક સાધનાના પથ પર દૃઢતાપૂર્વક પગ મૂકી શકતો નથી, પરંતુ સમસ્યા એ છે કે આ પ્રથમ પ્રવેશ થાય કેવી રીતે? અધ્યાત્મજગતનું દ્વાર ખૂલે કેવી રીતે? ધ્યાનની અવસ્થામાં પ્રવેશનું કાર્ય સારી રીતે કરી શકે તેમ છે. લાંબા સમય સુધી, યોગ્ય પદ્ધતિથી, મનોયોગપૂર્વક અને ઉચિત આહારવિહાર સાથે પ્રાણાયામનો અભ્યાસ કરવામાં આવે તો સાધકને મનસાતીત ક્ષેત્રની કાંઈક ઝલક અવશ્ય જોવા મળે છે.

આ પ્રથમ પ્રવેશથી જ પ્રાણાયામનું કાર્ય પૂરું થતું નથી. ધારણા-ધ્યાન સાથે પ્રાણાયામનો અભ્યાસ ચાલુ રાખવામાં આવે તો સાધકની અધ્યાત્મયાત્રા વધુ સુકર બને છે.

(iii) યોગવિદ્યા પ્રમાણે ધારણા, ધ્યાન અને સમાધિના અભ્યાસ માટે સાધકનું નાડીશોધન થયું હોય તે આવશ્યક છે. નાડીશોધનનું મહત્ત્વ જણાવતાં હઠપ્રદીપિકાકાર કહે છે-

**मलाकुलासु नाडीसु मारुतो नैव मध्यगः ।**
**कथं स्यादुन्मनीभावः कार्यसद्धि कथं भवत् ।।**

- ह. प्र.; २-४

'જ્યાં સુધી નાડીઓ મળથી વ્યાપ્ત થયેલી હોય ત્યાં સુધી પ્રાણ મધ્યનાડી (સુષુમ્ણા)માં પ્રવેશતો જ નથી, તો પછી ઉન્મની ભાવ કેવી રીતે થાય? અને કાર્યસિદ્ધિ કેવી રીતે થાય?'

નાડીશોધન વિના સાધકનો સાધનપથ પ્રશસ્ત થયો નથી, એટલું જ નહીં પણ નોડીશોધન વિના જ જો સાધક અધ્યાત્મની છલાંગ લેવાનો પ્રયત્ન કરે તો તેનાથી શરીર-મનને નુકસાન થવાનો સંભવ છે.

નાડીશોધનનું આ મહત્ત્વપૂર્ણ કાર્ય પ્રાણાયામથી સારી રીતે સિદ્ધ થઈ શકે છે. આ માટે યૌગિક ગ્રંથોમાં ખાસ પ્રકારનો પ્રાણાયામ પણ બતાવવામાં આવેલ છે, જેને નાડીશોધન કે અનુલોમ-વિલોમ પ્રાણાયામ કહેવામાં આવે છે. યૌગિક ગ્રંથોમાં એવું ભારપૂર્વક કહેવામાં આવેલ છે કે નાડીશોધન પ્રાણાયામ (સાથે યોગાસન અને યૌગિક શોધનકર્મ)ના પર્યાપ્ત અભ્યાસ દ્વારા નાડીશોધન સિદ્ધ કરીને પછી જ અંતરંગ યોગના અભ્યાસમાં આગળ વધવું જોઈએ.

આધુનિક પરિભાષામાં કોઈક વાર આ હકીકતને જુદી રીતે પણ મૂકવામાં આવે છે. ધારણા, ધ્યાન અને સમાધિના અભ્યાસ વખતે સાધકના શરીર પર અને ખાસ કરીને જ્ઞાનતંત્ર તથા શ્વસનતંત્ર પર ખૂબ બોજો પડે તેવો સંભવ છે. તેથી સાધક અંતરંગ યોગના અભ્યાસમાં આગળ વધે તે પહેલાં આવશ્યક છે કે તે જ્ઞાનતંત્ર અને શ્વસનતંત્રને મજબૂત બનાવી લે. આ કાર્ય પ્રાણાયામથી સારી રીતે થઈ શકે તેમ છે, આ હકીકત વૈજ્ઞાનિક રીતે સિદ્ધ થઈ ચૂકી છે.

***(બ) માનસિક ક્ષેત્રેઃ***

(i) મનમાં સતત વહેતો વિચારોનો પ્રવાહ આધ્યાત્મિક પ્રગતિમાં બાધારૂપ છે. એટલું જ નહીં, પરંતુ આ અર્થહીન વિચારપ્રવાહ માનસિક સ્વાસ્થ્ય માટે હાનિપ્રદ છે, એ હકીકત સર્વમાન્ય છે. જો વિચારોના આ પ્રવાહને બંધ કે મંદ કરી શકાય તો તો તેનાથી આધ્યાત્મિક વિકાસ અને માનસિક સ્વાસ્થ્ય માટે તેનાથી ઘણી મૂલ્યવાન મદદ મળી રહે. પ્રાણાયામનો ઉચિત રીતે અભ્યાસ કરવામાં આવે તો તેનાથી આ કાર્ય સારી રીતે સિદ્ધ થઈ શકે છે.

આપણા સૌનો અનુભવ છે કે ચિત્તની વૃત્તિઓ અને શ્વાસની ગતિને સંબંધ છે. 'હઠપ્રદીપિકા'માં સ્વાત્મારામ કહે છે.

**चले वाते चलं चितं निश्चले निश्चलं भवेत् ।**

'વાયુ ચંચળ બનતાં ચિત્ત ચંચળ બને છે અને વાયુ સ્થિર થતાં ચિત્ત પણ સ્થિર થાય છે.'

શ્વાસની ગતિ અને મનના વિચારોની ગતિની એકબીજા પર અસર પડે છે.

પૂરક અને રેચકમાં શ્વાસની ગતિ ખૂબ મંદ બને છે અને કુંભકમાં આ ગતિ બંધ પડે છે. એટલે પ્રાણાયામના મનોયોગપૂર્વકના અભ્યાસથી વિચારોનો પ્રવાહ મંદ પડે છે અને ક્યારેક બંધ પણ પડી જાય છે.

થોડી ક્ષણો પણ વિચારોનો આ પ્રવાહ મંદ પડતા સાધકને ઊંડી આરામપ્રદ અવસ્થા અને પ્રગાઢ શાંતિનો અનુભવ થાય છે. માનસિક સ્વાસ્થ્ય માટે આ અવસ્થાનું મૂલ્ય જેટલું આંકીએ તેટલું ઓછું છે.

જેમણે અધ્યાત્મસાધનનો થોડોઘણો પણ અભ્યાસ કર્યો છે, તેઓ સમજે છે કે વિચારોથી અળગા પડીને મનસાતીત અવસ્થાનો થોડોઘણો પણ અનુભવ થવો, તે વ્યક્તિના આધ્યાત્મિક વિકાસ માટે અને સમગ્ર જીવનના રૂપાંતર માટે કેટલી મૂલ્યવાન અને મહત્ત્વપૂર્ણ ઘટના છે. પ્રાણાયામના અભ્યાસથી આ મનસાતીત અવસ્થાનો અનુભવ સમુચિત રીતે થઈ શકે તેવો ઘણો સંભવ છે.

કામોપભોગથી માંડીને ગાંજા-ચરસના સેવન સુધીના બધા પ્રયત્નો માણસો આ અવસ્થામાં પ્રવેશવા માટે જ કરે છે, અલબત્ત, આ ગલત દિશાના પ્રયત્નો છે, જ્યારે પ્રાણાયામ આ દિશાનું સાચું અને સક્ષમ સાધન છે.

(ii) કામક્રોધાદિ ષડ્‌રિપુનાં તોફાનો વ્યક્તિના જીવનને વેરણછેરણ અને દુઃખદ બનાવી મૂકે છે અને સાધકના આધ્યાત્મિક વિકાસમાં બાધારૂપ બને છે. જો કોઈ ઉપાયે ષડ્‌રિપુનું જોર ઓછું થાય તો બહુ મહત્ત્વનું કામ થાય. આપણે જોઈએ કે પ્રાણાયામ આ માટે કેટલે અંશે અને કઈ રીતે ઉપયોગી થઈ શકે તેમ છે.

એ એક હકીકત છે કે ષડ્‌રિપુઓનું બીજ ચિત્તમાં છે, પણ એમના ઉછાળા પ્રાણના પ્રવાહોને આધીન છે. પ્રાણના આધાર વિના તેમની ક્રિયાશીલતા શક્ય નથી. પ્રાણનો સંયમ ષડ્‌રિપુઓના જોરને નાથી શકે છે. આપણે જોઈ ગયા છીએ કે પ્રાણાયામના અભ્યાસ દ્વારા પ્રાણના પ્રવાહોનું સંયમન શક્ય બને છે. તેથી સ્પષ્ટ જ છે કે ષડ્‌રિપુઓના ઉછાળાઓને મંદ પાડવામાં પ્રાણાયામનો અભ્યાસ ઉપયોગી સિદ્ધ થઈ શકે તેમ છે.

વ્યક્તિના સાંવેગિક જીવનની કેળવણીમાં પ્રાણાયામ કેવી રીતે ઉપયોગી થઈ શકે તેમ છે તે આપણે આધુનિક શરીરવિજ્ઞાનની પરિભાષામાં સમજવાનો પ્રયત્ન કરીએ. એ હકીકત શરીરવિજ્ઞાનની અને મનોવિજ્ઞાન દ્વારા સિદ્ધ થઈ ચૂકી છે કે શરીરસ્થ અંતઃસ્ત્રાવી ગ્રંથિઓના સ્ત્રાવ સાથે વ્યક્તિના સાંવેગિક જીવનને સંબંધ છે. આ સ્ત્રાવમાં થતા પરિવર્તનની વ્યક્તિના સાંવેગિક જીવન પર અસર પડે છે. કામ, ક્રોધ, વિષાદ, ઉલ્લાસ, વૈફલ્ય, ઉત્સાહ આદિ સાથે અંતઃસ્ત્રાવી ગ્રંથિઓના સ્ત્રાવનો ગાઢ સંબંધ છે. (ક્રમશઃ)■

અલખનો ઓટલો

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@
bombaysamachar.com

# શરદ પૂનમની રાતડી...



*ઊગતા શરદ પૂનમ ચંદ, વ્રજમાં મળી વ્રંદ વ્રંદ,*
*કિરણ કિરણ ઝીલી ઘૂમંત ગગન ગોફ ગૂંથે*
*ગહેરા ગજવી દિગન્ત મધુરી મુરલી બજન્ત,*
*રસભર નટવર રમન્ત જગ વિભૂતિ જૂથે*
*અરસ પરસ હસી ફસાવી, વળી વળી નયન ન નચાવી,*
*ઢોળી દગ રસ ભિંજાવી છબી અનૂપ છાજે*
*વિલસે રસના વિલાસ, રાધાવર રમત રાસ,*
*ઊછળે આનંદ હાસ પ્રભુતા ગાજે... જીય ઉછળે...* (કવિ ન્હાનાલાલ)

દિપાવલીનો તહેવાર આવે છે શરદઋતુમાં. ને શરદઋતુ એટલે ઋતુઓનો રાજા. વર્ષાઋતુની સમાપ્તિ થઈ હોય, ધરતી લીલવરણી બની હોય, આકાશ સ્વચ્છ થયું હોય, ચોતરફ હરિયાળીમાં બિલોરી કાચ જેવા નિર્મળ પાણી ભરેલા તળાવ - સરોવરો હિલોળા લેતા હોય, ખેડુતો પોતાના પાકેલા અનાજના ખળા તૈયાર કરતાં હોય. આપણા કૃષિ પ્રધાન દેશમાં ધરતીના છોરું હરખાતા હોય એવે ટાણે દિવાળીનો ઉત્સવ નવા વસ્ત્રો, અવનવી મીઠાઈઓ, મકાનોને રંગરોગાન અને સર્વત્ર આનંદમય વાતાવરણનો અનુભવ કરાવે છે. કસુંબલ સાડી પહેરીને લોકનારીઓ પોતાના આંગણામાં સાથિયા પૂરતી હોય, રંગોળીની રંગબેરંગી ભાત ઉપસાવતી હોય, ટોડલે તોરણ બાંધ્યા હોય ને ગોખલે દીવા મૂક્યા હોય. દિવાળીના દિવસે આપણે ત્યાં વેપારીઓ ચોપડાપૂજન કરે છે એટલે સામાન્ય લોકસમુદાયમાં દિવાળીના દિવસને લક્ષ્મીપૂજનનો દિવસ કહે છે. મૂળમાં આ દિવસ મા શારદા-સરસ્વતી-વિદ્યાની પૂજાનો દિવસ છે. ધનતેરસના દિવસે લક્ષ્મીનું શુદ્ધિકરણ થાય, કાળી ચૌદશના દિવસે અશુભ તત્ત્વોનો વિનાશ થાય ને પછી જ શુદ્ધ-પરિશુદ્ધ-વિશુદ્ધ થયેલા અંતઃકરણમાં અને મનુષ્યના ગૃહમાં મા શારદાનો પ્રવેશ થાય. જે શુભ્ર ધવલ ઉજ્જવળ વસ્ત્રો ધારણ કરે છે, હાથમાં સુંદર દંડવાળી વીણા બજાવે છે, શ્વેત કમળની પાંખડીઓ ઉપર બિરાજમાન પદમાસન ધારી વિદ્યાની અધિષ્ઠાત્રિને વાણીની દેવી શારદા- સરસ્વતી રૂપે આપણા સમગ્ર જીવતરને જ્ઞાન રૂપી દીવડાથી અજવાળે છે.

આપણા મર્મી કવિશ્રી સ્વ. મકરન્દભાઈ દવે એ ‘સૂર્યની આમંત્રણ પત્રિકા’ પુસ્તકમાં દિવાળીના તહેવારને પાંચ સોપાન તરીકે ઓળખાવ્યો છે. ‘પશુત્વમાંથી મનુષ્યે બહાર આવી જે પાંચ સિદ્ધિઓ હાંસલ કરી છે તેમાં ધનતેરસ એ લક્ષ્મી ઉપાસના કે વિનિમયનો મનુષ્યના પરસ્પર શાંત સ્નેહ વ્યવહારનો ઉત્સવ છે, તો કાળીચૌદશ પિતૃઓના સ્મરણ અને ઋણમુક્તિનો ઉત્સવ છે. ઉજાળતું પર્વ છે, નૂતનવર્ષ એ પ્રભુ ચરણે નૈવેદ્ય ધરાવવાનો અને પ્રસાદ પ્રાપ્તિનો તથા ભાઈબીજ એ સ્ત્રી-પુરૂષમાં ભાઈ-બહેનના પવિત્ર સ્નેહને ઉજાગર કરનારો ઉત્સવ છે. જ્યોત અને આનંદના આ પાંચ સોપાનમાં ડેલીએ દીવો થાય ત્યારે અંદર અને બહાર, આંતર અને બાહ્ય ઉજાસ પથરાય. મનુષ્ય શરીરની ડેલી છે મુખ અને આ મુખ-મોઢામાં દીવો પ્રગટે ત્યારે વાણી અને વિચારનો વિચ્છેદ મટી જાય.’આમ દિપાવલી પર્વ તો છે અંતરમાં અજવાસ કરવાનું અજ્ઞાન અંધારા દૂર કરવાનું ને દિલમાં દીવો પેટાવી શુદ્ધ-સાત્ત્વિક વાણીના ઉદ્ગાતા મા શારદાની ઉપાસનાનું પર્વ. દિવાળી પછીના દિવસે જે સૂર્યોદય થાય એ નવા વર્ષની વધામણી આપતો હોય. નૂતનવર્ષનો શુભ પ્રારંભ ‘સબરસ’ની ખરીદીથી થાય. આજથી વિક્રમનું નવું વર્ષ શરૂ થાય. ‘નૂતનવર્ષાભિનંદન’, ‘સાલ મુબારક’, ‘હેપ્પી ન્યુ યર’ના શબ્દોથી લોકો પોતાના સ્નેહીજનોને આવતું વર્ષ સુખ, શાંતિ, સ્વાસ્થ્ય, સમૃદ્ધિ ને સમતાથી પસાર થાય એવી શુભેચ્છાઓ પાઠવે. વડીલો, ગુરુજનો, સ્નેહી સન્મિત્રોને વંદના કરવા લોકોનાં ટોળાં રંગબેરંગી વસ્ત્રો તથા અલંકારોથી સજ્જ થઈ નીકળી પડયાં હોય. બેસતું વર્ષ ‘બલિ પ્રતિપદા’ના નામથી પણ જાણીતું છે, વામન ભગવાને બલિરાજાને આજના દિવસે પાતાળનું રાજ્ય સોંપી રાજ્યાભિષેક કરેલો, તો ભગવાન શ્રીકૃષ્ણ દ્વારા ગોવર્ધનપૂજા અને અન્ન- કૂટનો ઉત્સવ આરંભાયો. ખેડૂતોને ત્યાં નવું અનાજ, નવા દાણા, નવું કઠોળ, નવાં શાકભાજીના ઢગવા શરૂ થયા હોય એમાંથી સર્વપ્રથમ બધું ભગવાનને અર્પણ ક્રીને પ્રસાદ રૂપે પ્રાપ્ત કરવા. ભગવાનની કૃપા મેળવ્યા પછી જ પોતે મોઢામાં નાખે એવી અતૂટ ભક્તિ-શ્રદ્ધા આ અન્નકૂટના ઉત્સવ પાછળની ભાવના હોય.

ભારતના તમામ પ્રાંતોમાં અને વિશ્વમાં જ્યાં જ્યાં ભારતીયો વસે છે ત્યાં ત્યાં વિધવિધ રીતે દિવાળીનો તહેવાર ઉજવાય છે. દિપાવલીના આ પર્વ વિશે જુદા જુદા ધર્મ પંથ સંપ્રદાયોમાં અને જુદા જુદા પ્રાંતોમાં અનેક પ્રકારની ધાર્મિક - સાંસ્કૃતિક કથાઓ સંકળાયેલી જોવા મળે છે. આપણા હિન્દુ ધર્મ શાસ્ત્રોના અઢારે પૂરાણ ગ્રંથોમાં દિવાળીના દિવસે સાથે સંકળાયેલા અનેક ધાર્મિક પ્રસંગોની કથાઓ વિભિન્ન સ્વરૂપે આલેખાઈ છે.

ઈન્દ્રના કોપ સામે વ્રજભૂમિના ગોપબાળકો અને ગાયોને ઉગારવા શ્રીકૃષ્ણે ટચલી આંગળીએ ગોવર્ધન પર્વતને ધારણ કર્યો, પ્રલયનાં પૂર ખાળ્યાં ને સમૂહશક્તિનો વિજય દર્શાવ્યો તેની યાદ આપતું આ પર્વ એટલે ‘કાર્તિક શુકલ પ્રતિપદા’... તો એ પછીનો દિવસ તે ‘ભાઈબીજ’ ‘યમદ્વિતીય’. આ દિવસે બહેનને ત્યાં ભાઈ જમવા જાય ને બહેનના આશીર્વાદ માગે. યમરાજા અને તેમનાં બહેન યમી (યમુના)ના પવિત્ર સ્નેહ- સંબંધની કથા વર્ણવતો આ પ્રસંગ જેમાં યમુના પોતાના ભાઈ બહેનને ત્યાં ભોજન કરે અને રાજી કરે તથા યમુનાસ્નાન કરે તેના કુટુંબમાં કદી બાળમરણ કે અપમુત્યુ ન થાય. વૈષ્ણવ સંપ્રદાયના અનુયાયીઓ માટે તો અન્નકૂટ, ગોવર્ધન પરિક્રમા અને યમુનાસ્નાન એ ત્રણ અતિ મહત્ત્વના ઉત્સવો છે. આમ દિપાવલી પર્વ તો છે અંતરમાં અજવાસ કરવાનું અજ્ઞાન અંધારા દૂર કરવાનું ને દિલમાં દીવો પેટાવી શુદ્ધ-સાત્ત્વિક વાણીના ઉદ્ગાતા મા શારદાની ઉપાસનાનું પર્વ.

*દિલમાં દીવો કરો રે તમે, દિલમાં દીવો કરે ;*
*કૂડા કામ ક્રોધને પરહરો રે, તમે દિલમાં દીવો કરે...*
*દયા દીવેલ પ્રેમ-પરણાયું લાવો, માંહી સુરતાની દીવેટ બનાવો*
*હાં રે એમાં બ્રહ્મ અગ્નિને ચેતાવો રે, તમે દિલમાં દીવો કરો...*
*સાચ દિલનો દીવો જ્યારે થાશે, ત્યારે અંધારૂં મટી જાશે*
*પછી બ્રહ્મલોક્તો ઓળખાશે રે, તમે દિલમાં દીવો કરો...*
*દીવો અનભે પ્રગટે એવો, ટાળે તનનાં તિમિર તેવો*
*હાં રે એને નયણે નીરખી લેવો રે, તમે દિલમાં દીવો કરો...*
*દાસ રણછોડે ઘર સંભાળ્યું, જડી કુંચી ને ઘડયું તાળું*
*થિયું ભોમંડળ અંજવાળું રે, તમે દિલમાં દીવો કરો...* ■

ગીતા મહિમા

સારંગપ્રીત
feedback@
bombaysamachar.com

# ગુરુનું પૂજનઃ મોટું તપ



ગત અંકમાં સ્વચ્છતારૂપી તપને ઉજાગર કરીને હવે ભગવાન કૃષ્ણ ગુરુપૂજનને શરીરનું તપ ઉદ્ઘોષિત કરે છે, તે સમજીએ.

‘એ દિવ્ય પ્રકાશ મારી આંતર ચેતનાને અજવાળી રહ્યો હતો’ હા, એક દિવ્ય ગુરુની અનુભૂતિ પછી આ શબ્દો સરી પડ્યા હતા, ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામના!

૩૦ જૂન ૨૦૦૧ની એ પ્રથમ મુલાકાત અતુલ્ય મૈત્રીમાં પરિણમી અને અંતે પરાત્પર અનુભૂતિનો રાજમાર્ગ પ્રશસ્ત થયો. ગુરુ પ્રમુખસ્વામી મહારાજની દિવ્ય અનુભૂતિઓએ તેમનું આંતરપરિવર્તન કર્યું છે. ફક્ત ૮ મુલાકાતોમાં છલકાયેલા અલૌકિક પ્રેમ પ્રવાહે તેમના અહં-મમત્વની ધારો ટાળી નાખી છે. મુમુક્ષુમાંથી મુક્ત થવાનું શ્રેષ્ઠ ઉદાહરણ આ મહાપુરુષની સંગતિ જ છે. આ દિવ્ય મૈત્રીમાં ગુરુ-શિષ્ય સંબંધમાં એક અમૂલ્ય પૃષ્ઠ ઉમેરાયું જ્યારે ડૉ. કલામે સ્વામીશ્રીનાં કરકમળમાં પોતાનું ભાવપુષ્પ અર્પણ કર્યું, ‘TRANSCENDENCE’ પુસ્તકરૂપે તેમણે ગુરુપૂજન કર્યું! ડૉ. કલામો આ લોકપ્રિય પુસ્તકનો હેતુ સ્પષ્ટ કરતાં કહ્યું હતું કે ‘પ્રમુખસ્વામી સાથેના મારા દિવ્ય અનુભવોને અંકિત કરવા, એમના કાર્ય વિશે મારું ચિંતન નોંધવા, અને એમના સહચર્યમાં મેં અનુભવેલા મારા પરિવર્તનને દસ્તાવેજ રૂપ આપવા મેં આ પુસ્તક લખ્યું છે.’ પરાત્પર અનુભૂતિઓથી છલકાતા આ પુસ્તકમાં પ્રત્યેક પાઠમાં ગુરુભક્તિનાં વિશિષ્ટ પુષ્પો ૮૪ વર્ષના આ શિષ્યે પધરાવ્યાં. હા, આ જ પુસ્તકમાં તેમણે લખ્યું- Pramukh Swami is my ultimate teacher.

પ. પૂ. પ્રમુખસ્વામી મહારાજને જ્યારે ડૉ. કલામ પુસ્તક અર્પણ કરવા આવ્યા હતા, ત્યારની પળો અણમોલ હતી. તંત્ર તરફથી તો હેલિકોપ્ટરની વ્યવસ્થા કરવામાં આવી હતી પણ તેમણે જણાવ્યું કે આ તો પવિત્ર યાત્રા છે. ‘આવી યાત્રા તો પગે ચાલીને કરવી જોઈએ, એમ નહીં તો કમથી કમ રસ્તે વાહન દ્વારા તો કરીએ’ સાથી અધિકારીઓની બધી જ દલીલો નિષ્ફળ રહી. આ યાત્રા દરમ્યાનનાં કષ્ટો પણ તેમના માટે આનંદદાયક હતા કારણ કે એક ઉદ્દેશ્ય હતો કે આ ગ્રંથ પ્રમુખસ્વામીનાં કરકમળોમાં અર્પણ કરવો જ છે. ગુરુનું પૂજન કરવું જ છે.

TRANSCENDENCE: My Spiritual Experiences with Pramukh Swami નામના અધ્યાત્મ, વિજ્ઞાન અને નેતૃત્વનાં અદ્ભુત સમન્વય સમા આ દળદાર ગ્રંથમાં, સ્વામીશ્રીના સાંનિધ્યમાં થયેલા પોતાના દિવ્ય આધ્યાત્મિક રૂપાંતરની વિશદ છણાવટ કરતાં ડૉ. કલામ સાહેબ લખે છેઃ પ્રમુખસ્વામીનો મારા ઉપર જે પ્રભાવ છે તે હું શી રીતે વર્ણવું ? એમણે બરોબર મારું રૂપાંતરણ કરી દીધું છે. મારા જીવનમાં આધ્યાત્મિક ઉન્નતિનું એ સર્વોચ્ચ સોપાન છે.

તા. ૨૦ જૂન, ૨૦૧૫નાં રોજ જ્યારે સૂરજ મધ્યાહ્ને તપી રહ્યો હતો ત્યારે ડૉ. કલામ BAPS સ્વામિનારાયણ મંદિર, સારંગપુરમાં પ્રવેશ્યા. ઠાકોરજીના દર્શન કરી ૧૨:૨૦ વાગે તેઓ પ. પૂ. પ્રમુખસ્વામી મહારાજના નિવાસમાં મુલાકાત ખંડમાં પ્રવેશ્યા ત્યારે તે સંબંધની ચરમ સીમા હતી. સ્વામીશ્રીએ તેમને ઉષ્માભર્યો આવકાર આપ્યો. સ્વામીશ્રીના સ્વાસ્થ્યને સુધાર પર દેખી તેમને પ્રસન્નતા દર્શાવી. બન્ને મહાપુરુષોએ એક બીજાને પુષ્પહારથી વધાવ્યા. સંસ્થાનાં વરિષ્ઠ સંતો પણ આ ઉપક્રમે ત્યાં હાજર હતા. કલામ સાહેબ પુસ્તકનો ઇતિહાસ સ્વામીશ્રીને વાંચી સંભળાવ્યો. તેમની મનોકામના પુસ્તક લખવાની અને સ્વામીશ્રીની પ્રત્યક્ષ હાજરીમાં જ તેમને અર્પણ કરવાની કેટલી સુદૃઢ હતી, તે પણ તેઓએ વર્ણવી. ‘TRANSCENDENCE’ ના સહલેખક, પ્રો. અરુણ તિવારી અને પબ્લિશર Harper-Collins ના CEO, શ્રી અરુણકુમારજીએ પણ પોતાની ભાવોર્મિયો રજૂ કરી. ડૉ. કલામનાં એક્ઝિક્યુટિવ સેક્રેટરી શ્રી એમ. શેરિડન સ્વામીશ્રીના આશીર્વાદ લેતાં બોલી ઊઠ્યો : ‘હું જ્યારે જ્યારે પ્રમુખસ્વામી મહારાજનાં દર્શન કરું છું ત્યારે તેમના મુખારવિંદ પર મને દિવ્ય શાંતિ દેખાય છે અહીં ખૂબ જ સુખનો અનુભવ થાય છે.’ એ સાંભળીને ડૉ. કલામે કહ્યું હા, સ્વામીજી તો શાંતિનું મૂર્તિમાન સ્વરૂપ છે. તેઓ ચારે તરફ શાંતિ પ્રસરાવે છે. અને જ્યારે ડૉ. કલામે સ્વામીશ્રીના જમણા હસ્તે નાડાછડી બાંધી ત્યારે તેઓ બોલી ઊઠ્યા- ‘આ ગ્રંથ માટે બે વર્ષ સુધી સતત સંશોધન કર્યું હતું. તેનું દરેક પાનું આપના જીવન વિશે છે. સાથે મારા અનુભવ પણ સાંકળ્યા છે. આપના દિવ્ય આશીર્વાદથી આ પુસ્તક લખવામાં અમને ખૂબ આનંદ મળ્યો છે. આ પુસ્તક અત્યંત આદરપૂર્વક અંજલિ છે...

આમને આમ ગુરુભક્તિના પૂરમાં તેઓ ઝબકોળાઈ ગયા. પ્રમુખસ્વામીજીની ઉપકાર વર્ષાએ તેમને ભીંજવ્યા. અહં-મમત્વનાં બન્ધનો તૂટ્યા. વિહદ્ ધામની અનુભૂતિ અને ગુરુની પ્રસન્નતા મેળવી. ફક્ત ૧૪ વર્ષની આ આધ્યાત્મિક તપસ્યાએ કલામ સાહેબને પરમફળ, પ્રગટ ગુરુની પ્રાપ્તિ અને રાજીપો આપ્યો. આમ, ગુરુ વિષેની પ્રીતિ તમામ લૌકિક નાત-જાતનાં બંધનથી પર છે, એવું અહીં તેમના જીવનથી ફલિત થાય છે. ■

વિશેષ

રાજેશ યાજ્ઞિક
feedback@
bombaysamachar.com

# જીવની સર્વ અવસ્થાઓનું કારણ ધર્મ ને અધર્મ જ છે...



જ્યારે એક જ્ઞાની અને બીજો અજ્ઞાની એમ બે મનુષ્યોનો મેળાપ થાય, ત્યારે બંનેના વર્તનમાં કેટલો અને કેવો ફરક હોય? આપણે સમ્રાટ ભરત અને રાજા રહૂગણના સંવાદમાં જોયું. આત્મજ્ઞાની ભરતે રાજા રહૂગણને સાવ સરળ શબ્દોમાં જે જ્ઞાન આપ્યું તે અદ્ભુત છે.

રાજાએ ક્રોધમાં અને ચક્રવર્તી સમ્રાટને ઓળખી ન શકવાના કારણે તેને વૃદ્ધ, જાડો હોવાના કારણે નકામો કહ્યો. જો બંને અજ્ઞાની હોત તો ભરત પણ ક્રોધે ભરાઈને જવાબ આપત કે મને આવા અપમાનજનક વચનો કેમ કહ્યા? પણ ભરત તો જ્ઞાની હતા, એટલે સમતા ખોયા વિના, રાજા રહૂગણના અજ્ઞાનના અંધકાર પર પોતાના જ્ઞાનનો પ્રકાશ પાથરે છે. ભરત જવાબ આપે છે, ‘ન તો હું જાડો છું, ન તો મેં તમારી પાલખી ઊંચકી છે. ન તો હું થાક્યો છું, કે ન તો મને કોઈ પરિશ્રમ થયો છે. તમારી પાલખી ઊંચકનાર તો કોઈ બીજો જ છે.’

રહૂગણ અકળાઈ ગયા. કે આ માત્ર શરીરે જાડો છે કે અક્કલ પણ જાડી છે! મારી આંખ સામે આ જાડો માણસ પાલખી પકડીને ઊભો છે અને કહે છે કે હું નથી?! ભરત કહે છે, સૌથી પહેલા પૃથ્વી છે, પૃથ્વી પર મારા પગ છે, પછી જાંઘો છે, છાતી છે, ખભા છે, અને ખભા ઉપર પાલખી છે. પાલખીની અંદર જેને તમે તમારું કહો છો, એ શરીર રાખ્યું છે. હે રાજા, હું, તમે અને સર્વ વસ્તુઓ પંચભૂતો દ્વારા ઊંચકાય છે. પ્રાણીઓ ગુણોના પ્રવાહમાં વહી જઈ રહ્યા છે. સત્ત્વ આદિ ગુણો કર્મથી વશીભૂત છે અને જીવનમાં એ કર્મો અવિદ્યાના કારણે સંચિત છે. આત્મા તો શુદ્ધ, અક્ષય, શાંત, નિર્ગુણ અને પ્રકૃતિથી પર છે. તે સર્વ જીવોમાં વ્યાપ્ત છે. તેની ન વૃદ્ધિ થાય છે કે ન તેમાં કમી આવે છે. તો તમે કઈ રીતે કહ્યું કે હું જાડો છું?! ભરત આગળ કહે છે, હે રાજન જે તત્ત્વોથી આ પાલખી બની છે, તે તત્ત્વોથી જ મારું, તમારું અને અન્ય સર્વના શરીર બન્યા છે. સહુ તેમાં પોતાની મમતાથી બંધાયેલા છે.

આ સાંભળીને રહૂગણ તરત પોતાની પાલખી પરથી નીચે ઊતર્યા અને ભરતના પગ પકડી લીધા. તેમણે પૂછ્યું, આ છદ્મ વેશમાં આપ કોણ છો. શા માટે તમારું અહીં આગમન થયું છે? ભરત ફરીથી જ્ઞાનના દરિયા જેવો જવાબ આપે છે. કહે છે, હું કોણ છું એ કહેવું અત્યંત મુશ્કેલ છે. મારું આગમન શા માટે થયું છે એમ પૂછો છો, પણ આવાગમન પોતાના કર્મફળ ભોગવવા માટે જ થતું હોય છે. ધર્મ અને અધર્મ જનિત સુખ-દુઃખ ભોગવવા જ જીવ દેહ આદિ ધારણ કરે છે. સર્વ જીવોની સર્વ અવસ્થાઓનું કારણ તેમના ધર્મ અને અધર્મ જ છે. કર્મફળ ભોગવવા જીવ એક દેહમાંથી બીજા દેહમાં જાય છે. માટે, હું કોણ છું તેનો જવાબ આપી શકાય તેમ નથી!

ભરત આત્મજ્ઞાનની અદ્ભુત વાત કરતા કહે છે, હું શબ્દનું ઉચ્ચારણ આ જીભ, હોઠ કે દાંત કરે છે, પણ એ હું નથી. એ તો માત્ર બોલવાનું સાધન છે. તમે જેને જાડું કહો છો એ શરીર તો મારા આત્માથી અલગ છે. તો હું શબ્દનો પ્રયોગ ક્યાં અને કોના માટે કરું? રાજન, આ આત્માથી ભિન્ન કોઈ આત્મા ક્યાંય હોય તો હજી હું કહી શકાય, પરંતુ બધા શરીરમાં એક જ આત્મા બિરાજેલો હોય ત્યાં હું અને તમે કોણ એવા પ્રશ્નો વ્યર્થ છે. તમે જેના પર બેઠા તેને પાલખી કહેશો તો તે જેમાંથી બની એ વૃક્ષ અને લાકડું એ નામ ક્યાં ગયા? કોઈ નથી કહેતું કે તમે વૃક્ષ કે લાકડા પર બેઠા છો, પરંતુ પાલખી લાકડાઓનો સમુદાય જ છે ને?! બધા લાકડા અલગ કરી દો, પછી શોધો કે તમારી પાલખી ક્યાં છે? પુરુષ, સ્ત્રી, ગાય, બકરી, પંખી, વૃક્ષ આદિ નામ કર્મજનિત ભિન્ન શરીરો માટે અપાયેલા છે. આ સત્ય જાણવું જોઈએ. આ લોકમાં આવું જે કંઈ છે તે કાલ્પનિક છે. તમે પ્રજા માટે રાજા છો, પિતા માટે પુત્ર અને પત્ની માટે પતિ છો. તમે તમારા શરીરથી અલગ થઈને શાંતિથી વિચાર કરો કે તમે કોણ છો?

આ ગહન સંવાદ પરથી શ્રીમદ રાજચંદ્રની પંક્તિઓ યાદ આવી જાય,

‘હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?, કોના સંબંધે વળગણા છે? રાખું કે એ પરહરું?

એના વિચાર વિવેકપૂર્વક, શાંત ભાવે જો કર્યા, તો સર્વ આત્મિકજ્ઞાનનાં સિદ્ધાંતતત્ત્વ અનુભવ્યાં’ ■

આચમન

અનવર વલિયાણી
feedback@bombay
samachar.com

# ધર્મનો તકાજોઃ માનવી માનવ બનીને રહે...



ધર્મના મર્મને કર્મમાં ઉતારવાના સનાતન સત્યને ઉજાગર કરતો એક લા’જવાબ પ્રસંગ, ઉદાહરણ ‘મુંબઈ સમાચાર’ની દાયકાઓ જૂની લોકપ્રિય પૂર્તિ ‘ધર્મતેજ’ના વાચક બિરાદરોને પ્રેરણા પાડનારો બની રહેવા પામશેઃ

- ‘ગુરુદેવ ધર્મની સીમા ક્યાં સુધી?’

- ચીનના એક મહાન ફિલસૂફ તાઓને એક વખત તેમના જિજ્ઞાસુ શિષ્યોએ પૂછ્યું!

- તાઓએ નાકના ટેરવા ઉપર નજર નોંધી કહ્યું:- ‘મનુષ્યના નાકના ટેરવા સુધી!’

- શિષ્યે ખુલાસો માગ્યો;

- ‘એ કઈ રીતે?’

- ગુરુએ કહ્યું કે, ‘મનુષ્યનો ધર્મ જ્યારે પોતાની નિર્ધારિત હદ ઓળંગી જાય છે ત્યારે સંઘર્ષ સર્જાય છે. દરેકનો ધર્મ છે કે એ પોતાનો કર્મ એ રીતે પાળે કે બીજાને એનાથી કોઈ કષ્ટ, કોઈ ત્રાસ કે હાનિ ન પહોંચે...!’

- આમ છતાં શિષ્યને સંતોષ ન થયો, એણે કહ્યું કે ‘પ્રભુ! બૌદ્ધ ધર્મની સીમા મારા નાકના ટેરવા સુધીની જ નથી. આખા ચીન, જાપાન, વિયેતનામ, કંબોડિયા, બર્મા, શ્રીલંકા, ભારતવર્ષ, માંગોલિયાની સીમાઓ સુધી પ્રસરેલી છે. બોલો હવે કહો, ધર્મની સીમા કઈ?’

- તાઓએ કહ્યું: માણસના નાકનો ટેરવા સુધી જ.

* જે તે દેશના જાનવરો, પશુપંખી, જીવજંતુ, વૃક્ષો, પથ્થરો બૌદ્ધ ધર્મના અનુયાયી નથી. માત્ર મનુષ્યો જ એનો સ્વીકાર કરે છે અને આ બધા દેશોમાં બીજા બધા ધર્મો પણ છે એટલે જ કહું છું કે-

* ધર્મની સીમા માણસના નાકના ટેકવા સુધીની.

વ્હાલા સમજદાર વાચક બંધુઓ! તાઓએ આ વાત કેટલા હજાર વર્ષ પહેલાં કરી હશે એની ખબર નથી પણ જગતના કાનૂન સિદ્ધાંત એટલે લૉ ઑફ ટ્રોટમાં પણ આવી જ એક વાત છે અને આ સિદ્ધાંત કહે છે કે-

* માણસની સઘળી સ્વતંત્રતા બીજા માણસની નાકની દાંડીને ન સ્પર્શે ત્યાં સુધીની જ હોય છે.

- આ સિદ્ધાંતને કાનૂનશાસ્ત્ર તાઓની જેમ જ સમજાવતાં કહે છે કે-

* તમને તલવાર ઘુમાવવાની કે છત્રી હલાવતા હલાવતા ચાલવાની સ્વતંત્રતા ખરી પણ છત્રીની કે તલવારની અણી બીજા માણસના દેહને સ્પર્શાવી જોઈએ નહીં.

- જગતભરના ઈમાન અને કાનૂની સિદ્ધાંતો માત્ર વ્યક્તિવાદી છે.

* ધર્મ કોઈ પણ હોય, પરંતુ કયો ધર્મ પાળવો એનો નિર્ણય જેમ મનુષ્યે પોતે કરવાનો છે એ જ રીતે.

* કાનૂન તમને જે સ્વતંત્રતા આપે છે એ બીજાને તકલીફ ન આપો ત્યાં સુધીની જ છે.

ધર્મજ્ઞાન

* આપણાં કર્તવ્યથી બીજાને વ્યથા પહોંચે એવો આપણો ધર્મ ન હોય.

* ધર્મ તો એનું નામ જેનું આપણને પાલન કરતા જોઈ બીજાઓને સાથ આપવાની ઈચ્છા થાય.

- કાનૂન પણ એનું જ નામ છે જેનું પાલન કરતા કોઈને જોઈએ તો આપણને એ પાળવાનું મન થાય.

પ્રેરણાસ્રોતઃ

જહોન ડગ્લાસ નામના એક ફિલસૂફીના પ્રોફેસરે સરસ વાત કરી છે કે-

* ધર્મ,
* કાનૂન,
* નીતિ,
* આદર્શો,
* સિદ્ધાંત

- બધામાં જો કોઈ તથ્ય હોય તો તે માણસને માણસની જેમ જીવવાનું શીખવવાની સાથે જ માનવીના મનમાં ઉદભવતા પ્રશ્નોના જવાબ શોધવાની અવિરત પ્રક્રિયા કરે છે.

- બીજા જીવો કરતાં માણસ જુદો પણ આ એક જ કારણસર પડે છે.

* બીજા જીવો માત્ર સીમિત જ્ઞાનની સીમામાં કામ કરે છે. ધર્મનો તકાજો છે કે માનવી માનવ બનીને રહે. આદમી ઔર ઈન્સાન વચ્ચેની ભેદરેખાને સમજવો રહ્યો. ■

## પ્રકરણ-૨૪




બોલેરોના પેસેન્જર સાઈડ રિઅરવ્યૂ મિરરમાં જોઈ ગોહિલ મલકાયો. ધાર્યું નિશાન ભેદવામાં સફળતા મળી હોવાનો સંતોષ તેના ચહેરા પર હતો. જૉની-બૉનીની અવસ્થા જોઈ ગોહિલને ડ્રાઈવર સંજય માનેની પીઠ થાબડવાનું મન થયું.

'ગુડ જૉબ... માને!'

ગોહિલે પ્રશંસા કરી, પણ માને કપાળથી ઊતરેલા પરસેવાના રેલા લૂંછવામાં વ્યસ્ત હતો. ચહેરા પર પરાણે સ્મિત સાથે ગરદન હલાવી તેણે ખુશી વ્યક્ત કરી. ઊંડો શ્વાસ લઈ તેણે ઘટનાક્રમ યાદ કર્યો...

જૉની-બૉનીને બોલેરોની નીચે કચડવાનો આદેશ ગોહિલે આપ્યો એટલે તેના શરીરમાં કંપારી છૂટી... અનિચ્છાએ પણ આદેશનું પાલન કરવાની તેની ફરજ હતી... ડરને કારણે હાથ-પગમાં ઝણઝણાટી થઈ... પરસેવો વળવા લાગ્યો અને હથેળીઓ પણ ભીની થઈ... ભીની હથેળીને કારણે સ્ટિયરિંગ પરની પકડ ઢીલી પડવાનો તેને ભય હતો... ધ્રૂજતા પગે તેણે એક્સિલરેટર દબાવ્યું... બોલેરો સ્ટાર્ટ થતાં તેણે તરત ગિયર બદલ્યું... ઝાટકા સાથે બોલેરોએ સ્પીડ પકડી... ખતરાનો અણસાર આવતાં સતર્ક થઈ ગયેલા જૉની-બૉનીએ ગાંડાવેડા અને ઊછળકૂદ બંધ કરી... પલક ઝબકારામાં બોલેરો ધસી આવતી જોઈ જૉની-બૉની એકદમ ત્વરાથી રસ્તાને કિનારે ઝાડી-ઝાંખરાંમાં કૂદી પડ્યા... અને તે જ ક્ષણે તેણે પણ તો બ્રેક દબાવવાની સાથે સ્ટિયરિંગ જમણે ફેરવી બોલેરોની દિશા થોડી બદલી હતી...

'મને તારી ડ્રાઈવિંગ પર પૂરો ભરોસો છે... મને ખાતરી હતી કે તું ગાડી સ્પીડમાં ચલાવશે, પણ બન્ને પાગલને અડફેટે નહીં લે!' ગોહિલે માનેની પ્રશંસા કરવાનું ચાલુ રાખ્યું, પણ તેની નજર સાઈડ રિઅરવ્યૂ મિરર પર મંડાયેલી હતી.

હવે બોલેરો ગોકળગાયની ગતિએ આગળ વધતી હતી. જીવ બચાવીને ઊભેલા જૉની-બૉની થર થર ધ્રૂજતા હતા, જે ગોહિલને કાચમાં સ્પષ્ટ દેખાતું હતું. ગોહિલના હોઠ પર હાસ્ય હતું, પણ બોલેરોમાં બેસેલા શિંદે, સાવંત અને દળવીના શ્વાસ અધ્ધર થઈ ગયા હતા. જૉની-બૉની સહીસલામત હોવાનું જોઈ તેમણે પણ રાહતનો શ્વાસ લીધો. પાછળ ક્વોલિસમાં બેસેલા સિનિયર ઈન્સ્પેક્ટર અશોક ગાયકવાડ અને તેમની ટીમ આઘાત સાથે જોતી રહી... ગોહિલની ટીમે શું કર્યું તે તેમની સમજની બહાર હતું.

'ગાડી ઊભી રાખ.' ગોહિલે કહેતાં માનેએ બ્રેક લગાવી.

'શું થયું... સર!' હવે ગોહિલ શું કરવાનો છે એના વિચારમાં માનેથી પુછાઈ ગયું.

'દળવી... તું તો કહેતો હતો કે આ પાગલ છે... હવે તને લાગે છે?' ગોહિલે રિઅરવ્યૂ મિરરમાં જોતાં પ્રશ્ન કર્યો.

'કેમ? તમારું શું માનવું છે, સર!' દળવી ચૂપ રહ્યો, પણ સાવંતે સવાલ કર્યો.

'મારું માનવું નથી... હું સાબિત કરવા માગતો હતો કે આ બન્ને પાગલ નથી!' ગોહિલે ધડાકો કર્યો.

'આ બન્ને ગાંડા છે કે નહીં એ અંગે મેં પહેલાં પણ સંદેહ વ્યક્ત કર્યો હતો, પણ મારે ખાતરી કરવી હતી!' ગોહિલે સમજાવ્યું.

'હું સમજ્યો નહીં, સર!' શિંદેએ પૂછ્યું.

'શિંદે... કોઈ પાગલ પોતાનો બચાવ આટલી ચપળતાથી કરી શકે? હું ખાતરીપૂર્વક કહું છું કે આ બન્ને પાગલ નથી!'

'તો આમ જંગલમાં પાગલની જેમ આંટા શા માટે મારતા હશે... સર!' હવે દળવી બોલ્યો.

'એ જ તો શોધી કાઢવાનું છે.' કહીને ગોહિલે આદેશ આપ્યો: 'શિંદે... સાવંત... આ બન્ને પર સતત નજર રાખીને તેમના ઈતિહાસ... ભૂગોળ જે હોય તે ખોદી કાઢો. બન્ને પાગલ હોવાનું નાટક શા માટે કરે છે એ જાણવું અત્યંત જરૂરી છે!'

***

'ટેકામજી... તમે જ કોઈ માર્ગ બતાવો. પાડાના રહેવાસીઓમાં ફફડાટ ફેલાયેલો છે... આમ ભયના ઓથાર નીચે કેવી રીતે જીવી શકાય!' યુનિટ-૧૬ના મુખિયા ભાસ્કર કડુએ યુનિટ-૧૩ના મુખિયા બાળકૃષ્ણ ટેકામને આજીજી કરી.

ટેકામ વડીલ અને અનુભવી મુખિયા હતા, પણ આરેની જમીનમાંથી શબ મળી આવ્યા પછી તેમનીય હાલત કફોડી હતી. આ મુદ્દે ચર્ચા કરવા આરેના અમુક યુનિટના મુખિયા યુનિટ-૬ની આરે કેફે પાસે ભેગા થયા હતા. શું કરવું અને પરિસ્થિતિ કઈ રીતે સંભાળવી એ જ ટેકામને સૂચતું નહોતું. માથું નમાવીને એ શાંતિથી વિચાર કરતા હતા.

'દિવસે દિવસે જમીનમાંથી શબ મળતાં જ જાય છે... આ સિલસિલો ક્યારે રોકાશે?' કડુના શબ્દોમાં ચિંતા હતી.

'મડદાં દાટવામાં આવતા હતા ત્યારે ધ્યાન ન આપ્યું... હવે ચિંતા કરીને શો ફાયદો?' બીજા એક યુનિટના મુખિયાએ ચાનો ઘૂંટડો પીતાં કહ્યું.

'તમને શું લાગે છે... મને પૂછીને લાશ દાટવામાં આવતી હતી?' કડુ ભડક્યા.

'શાંતિ રાખો... આમ આપસમાં લડવાથી કંઈ નહીં વળે!' ટેકામે સમજાવ્યા.

'શાંતિ રાખવાથી અને લડ્યા વિના કોઈ હલ નહીં નીકળે!' યુનિટ પચીસના મુખિયા જુગલ મેશ્રામે લડાયક મિજાજમાં કહ્યું. કોયતા સાથે ફરનારા મેશ્રામને રોજ રાતે દેશી દારૂ ઢીંચવાની આદત હતી. અત્યારે મેશ્રામ દારૂના નશામાં હોવાની બધાને ખાતરી હતી.

'મેશ્રામ, આમ જોશમાં નિર્ણય ન લે... તારી ટીમે કેટલા લોકોને વગર વાંકે ઝૂડી નાખ્યા છે એની અમને જાણ છે.' ટેકામે મેશ્રામને ટોક્યો.

'આપણે રહેવાસીઓની સુરક્ષા પર ધ્યાન આપવું જોઈએ. કોઈને સજા આપવાનો હક આપણને નથી. પોલીસનું માનવું છે કે જંગલની કોઈ વ્યક્તિ આ કાંડમાં સંડોવાયેલી છે... તો એ કોણ હશે એ જાણવું પણ જરૂરી છે.' ટેકામે મુદ્દાની વાત કરી.

'મેં તો પહેલાં જ કહ્યું હતું કે જંગલમાં રહેનારા શેતાનનું કામ હશે... આ કડુએ પણ તો જાદુટોણા કરનારા બાબાઓની વાત કરી, જે જંગલમાં ભટકતા હોય છે!' મેશ્રામ બોલતો હતો ત્યારે તેના મોંમાંથી દારૂની વાસ આવતી હતી.

'કોઈ હરામખોર બાબાનું જ આ કરતૂત હશે... મેલી વિદ્યાના પ્રયોગમાં નિર્દોષ લોકોને પતાવી નાખ્યા હશે.' કડુએ કટુવાણી ઉચ્ચારી.

'આ જંગલમાં જાદુટોણાની વાત તો સામાન્ય છે... બાબાઓ પર નજર રાખવાની સાથે આપણા રહેવાસીઓને સુરક્ષિત કરવાના છે!' ટેકામ ફરી મુખ્ય વાત પર આવ્યા.

> **આ જંગલમાં જાદુટોણાની વાત તો સામાન્ય છે... કોઈ હરામખોર બાબાનું જ આ કરતૂત હશે... મેલી વિદ્યાના પ્રયોગમાં નિર્દોષ લોકોને પતાવી નાખ્યા હશે...**

'અને હાં... હવે આ ડ્રગ્સની નવી કમઠાણ થઈ છે. એના પર પણ ધ્યાન આપવું પડશે.' ટેકામે ચિંતા વ્યક્ત કરી.

'ડ્રગ્સનું કારખાનું અમારા યુનિટમાં નહોતું!' કડુએ હાથ ખંખેર્યા.

'એની બધાને ખબર છે... તમારા યુનિટમાં નહીં, પણ આપણા જંગલમાં જ ચાલતો હતોને આ ધંધો?' એક મુખિયાએ જણાવ્યું.

'એ જ તો ગંભીર વિષય છે... કોણ જાણે આવા કેટલા ગોરખધંધા અહીં જંગલમાં ચાલે છે. આપણા રહેવાસીઓ આવું હીન કાર્ય નહીં કરે... બહારની વ્યક્તિઓ અહીં આવીને આવા વેપલા કરતી હશે.'

આમ કહીને ટેકામે સલાહ આપી: 'બહારથી આવીને જંગલમાં રહેનારી વ્યક્તિઓ પર આપણે નજર રાખવી જોઈએ... નહીંતર રહેવાસીઓની સુરક્ષા જોખમમાં આવી શકે!'

'હું તો કહું છું કે રહેવાસીઓની સુરક્ષા માટે દરેક પાડાના ચાર-ચાર યુવાનની ટીમ બનાવવી જોઈએ, જે વારાફરતી રાતે પહેરો ભરે!' ચા પતાવી ખાલી કપ ટેબલ પર મૂકતાં એક મુખિયાએ સૂચવ્યું.

'પણ એમાંનું જ કોઈ આ કાંડમાં સામેલ હોય તો? કોના પર વિશ્વાસ રાખવો એ કોણ નક્કી કરશે!' મેશ્રામે રજૂ કરેલા મુદ્દાએ બધાને વિચારતા કરી મૂક્યા!

***

'એ હિલતા મકાન! ક્યા હર વક્ત ફોન પે લગા રહતા હૈ!' વિધાનસભ્ય ગુલાબરાવ જાંભુળકરનો અવાજ સાંભળી તેમના પર્સનલ આસિસ્ટન્ટ પ્રસન્ન ચૌધરીએ ફોન કટ કરવાની ઉતાવળ દાખવી.

'ઠીક હૈ... મૈં બાદ મેં કૉલ કરતા હૂં... અભી અર્જન્ટ કામ હૈ!' કહીને ચૌધરીએ કૉલ કટ કર્યો.

વિધાનસભ્ય 'હિલતા મકાન' કહીને બોલાવતા હોવાનો ચૌધરીને ગુસ્સો હતો, પણ અંગત લાભોને કારણે તે કોઈ વિવાદમાં પડવા માગતો નહોતો.

'કિસ કે સાથ બાત કરતા થા?' નગારા જેવા પેટ પર હાથ ફેરવતાં જાંભુળકરે પૂછ્યું.

'સા'બ, આરે સે ફોન થા... ઔર એક લાશ મિલી હૈ!'

'હે... રામ!' કહેતાં જાંભુળકરનો હાથ પેટ પરથી કપાળ પર ગયો અને તે 'ધબ' કરતાં સોફામાં બેસી પડ્યા.

'યે પુલીસવાલે મેરી કબ્ર બનાકે હી રહેંગે!' હતાશામાં જાંભુળકર બોલ્યા.

'સા'બ, ખબર યહ ભી હૈ કી ડીસીપી કો લગતા હૈ... જંગલ મેં રહનેવાલે કિસી કા યહ કામ હો સકતા હૈ!' ચૌધરીએ માહિતી આપી.

'મેરે મોબાઈલ સે ડીસીપી કો ફોન લગા... મુઝે બાત કરની હૈ!' જાંભુળકરે ચૌધરી તરફ પોતાનો મોબાઈલ લંબાવ્યો.

ડીસીપી જોશીએ કૉલ રિસીવ કરતાં જ ચૌધરીએ મોબાઈલ જાંભુળકરને પાછો આપ્યો.

'જય મહારાષ્ટ્ર... આમ્હી નાહી ભ્રષ્ટ! શું ચાલે છે, ડીસીપી... સાંભળ્યું છે કે વધુ એક લાશ મળી?'

'હાં, સર. મારી પાસે અપડેટ આવે છે.' જોશી ધીમા અવાજે બોલતા હતા. તે જાણતા હતા કે આ સમાચારથી નેતાઓના મગજનો પારો ઊંચે ચઢવાનો હતો.

'અપડેટને શું કરું, ડીસીપી. હજુ કેટલી લાશ શોધવી છે?' જાંભુળકરે ગુસ્સો ઠાલવ્યો.

'સર, લાશ મળે છે ત્યાં સુધી ખોદવાની કામગીરી અટકાવવી મુશ્કેલ છે... ડિસ્ટ્રિક્ટ મૅજિસ્ટ્રેટની હાજરીમાં કામગીરી ચાલે છે.'

'એ બધી મને ખબર છે, પણ શું આખું જંગલ ખોદવું છે તમારે... અમને એ જંગલમાં દાટવાનો ઇરાદો છે!' જાંભુળકરનો રોષ શાંત પડે એમ નહોતો.

'હું પોતે કાલે ત્યાં જવાનો છું. કામગીરી બને એટલી વહેલી બંધ કરવાના હું પ્રયત્ન કરીશ!' જાંભુળકરને શાંત પાડવાને ઇરાદે જોશીએ કહ્યું.

'પેલા દિવસે તમને સમજાવ્યું હતુંને કે આ પ્રકરણ હવે વધવું ન જોઈએ... તો પછી હજુ લાશો કેમ મળે છે?' જાંભુળકરનો કહેવાનો ઉદ્દેશ જોશી સમજી ગયા. જાંભુળકરની ગૃહ પ્રધાન સાથેની મીટિંગ પછી જ જોશી પર મામલો રફેદફે કરવાનું દબાણ આવ્યું હતું.

'સર... આ કાંડમાં સામેલ લોકોની શોધ પણ ચાલુ જ છે!' જોશી જાણે ઘૂંટણિયે આવી ગયા હતા.

'મને ખબર પડી છે કે જંગલના રહેવાસી આમાં સંડોવાયેલા હોવાની પોલીસને શંકા છે?' જાંભુળકરનો પ્રશ્ન સાંભળી જોશી ચોંક્યા.

'જી.'

'...તો રાહ કોની જુઓ છો. ચાર-પાંચ રહેવાસીને જેલમાં ધકેલી આ કાંડનો અંત લાવો!' હવે જોશીને આંચકો લાગ્યો.

'નેતાઓ પોતાની ચામડી બચાવવા કેવાં તરકટ કરતાં હોય છે અને આવાં કામ કરવા પાછા બિનધાસ્ત આદેશ આપતા ખચકાતા પણ નથી!' જોશીને વિચાર આવ્યો.

'આવું કરવું શક્ય નથી અને... યોગ્ય પણ નથી, સર!'

'કેમ? એ બધું પણ મારે શીખવવું પડશે? કેસ ઉકેલવાના પોલીસના કાવાદાવાથી તમે અજાણ છો?'

જાંભુળકરે મોટો આંચકો આપતાં કહ્યું: 'તમે કહેતા હો તો માણસો હું આપું... આ કાંડ તેમના માથે થોપીને આરોપી બનાવી દો એટલે ચૅપ્ટરનો ધ એન્ડ!'

ફોન કટ કરતાં પહેલાં વળી તે બોલ્યાય ખરા: 'જય મહારાષ્ટ્ર... આમ્હી નાહી ભ્રષ્ટ!' (ક્રમશઃ)■

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

વિરુદ્ધ શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ચાકર | લફંગુ |
| ચાટણ | ડફોળ |
| ચાલાક | નિંદક |
| ચાહક | પેય |
| ચારિત્ર્યશીલ | માલિક |

### ઓળખાણ પડી?

વિવિધ પ્રાણી-સંગ્રહાલયમાંથી લાવી અથવા અદલાબદલી કરી વિવિધ પ્રાણીઓ ધરાવતો વન વિહાર નેશનલ પાર્ક કયા શહેરમાં છે?



અ) ચંદીગઢ બ) જોધપુર ક) કાનપુર ડ) ભોપાલ

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ પ્ર | તિ | ૨ કા | ર | ૩ ક | | ૪ પ | રં | પ | ૫ રા |
| ચા | | ર | | ૬ સ | ૭ ક | ળ | | | જ |
| ૮ ર | ૯ મ | ણ | ૧૦ ભ | મ | ણ | | ૧૧ વા | ટ | કી |
| ૧૨ ક | લા | | ડ | | ૧૩ ક | ૧૪ વ | ન | | ય |
| | ૧૫ જો | ૧૬ હુ | ક | ૧૭ મી | | ખ | | ૧૮ શૌ | |
| ૧૯ ગ | | ક | | ૨૦ રા | ૨૧ હ | ત | કા | ર્ય | |
| ૨૨ ર | ૨૩ સ | મ | | ૨૪ ત | મ | સ | | ૨૫ પ | હો |
| ૨૬ બા | જા | | ૨૭ સા | | ૨૮ સ | ર | ૨૯ હ | દ | |
| વ | | ૩૦ ર | ફ | ૩૧ ટ | ફ | | ૩૨ જા | ક | ૩૩ ડો |
| ૩૪ લિ | ખિ | ત | | ૩૫ કા | ર | ભા | ર | | બો |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ૩ | | ૪ | ૫ | | |
| | | | | ૬ | ૭ | | | | |
| ૮ | | | ૯ | | | | | | ૧૦ |
| ૨ | | ૧૧ | | | ૧૨ | ૧૩ | | ૧૪ | |
| | ૧૫ | | | ૧૬ | | | ૧૭ | | |
| ૧૮ | | | ૧૯ | | | | ૨૦ | ૨૧ | |
| ૨૨ | | | ૨૩ | | ૨૪ | | | ૨૫ | |
| ૨૬ | | | | | | | ૨૭ | | |
| ૨૮ | | | | ૨૯ | | | | | ૩૦ |
| | | ૩૧ | | | | | ૩૨ | | |

**આડી ચાવી**

૧. સત્તાનું પરિવર્તન (૫)
૪. આગ (૪)
૬. હાર (૪)
૮. પ્રપંચી, ચાલાક, હોંશિયાર (૪)
૧૧. સૌંદર્ય (૨)
૧૨. કૃષ્ણ-પ્રિયા (૨)
૧૪. અભિમાન (૨)
૧૬. વિશ્વાસ, ભરોસો (ઊ.) (૪)
૧૮. ધનવાન (૫)
૨૦. માન માગતી સ્ત્રી (૩) (જો.છૂ.)
૨૨. પાંખડી (કમલની) (૨)
૨૩. આકાશથી વરસતું પાણી (૪)
૨૫. 'રોકવું'નું આજ્ઞાર્થ (૨)
૨૬. માથાકૂટ, વાદવિવાદ, ચર્ચા (૪)
૨૭. નદી ઉપર બંધાય (૨)
૨૮. --- ઉતરવું એટલે પસાર થવું (૨)
૨૯. આત્મહત્યા (અં.) (૪)
૩૧. આડા હાથની થાપટ (૪)
૩૨. રેખા (૩)

**ઊભી ચાવી**

૧. ખબર (૪)
૨. બારોબાર (૪)
૩. મોટી છત્રી (૨)
૪. ચિંતા, કાળજી, ખીજ (૨)
૫. હવાની લહેરખી (૩)
૭. તાત્કાલિક (૪)
૯. નામસ્મરણ (૨)
૧૦. જાહેર (૫)
૧૩. ---ઉપર પતંગ ચગાવો (૨)
૧૫. સવાઇ ગુજરાતી તરીકે ઓળખાતા લેખક (૫)
૧૬. ભૂલ (અં.) (૩)
૧૭. લક્ષ્મી (૨)
૧૮. જાડું કપડું (૫)
૧૯. ખર્ચ (૩)
૨૧. રોકાણ, નિગ્રહ (૩)
૨૪. જોડે જોડે (૪)
૨૭. ગપ્પું, પેકેટ (૩)
૨૯. સત્તાધીશ (૨)
૩૦. સત્ત્વ (૨)

### ગુજરાત મોરી મોરી રે

વૈવિધ્ય માટે પ્રખ્યાત ગુજરાત રાજ્યનું કયું શહેર કૃષિ પેદાશ અને ફળફળાદિ માટે જાણીતું છે એ આપેલા વિકલ્પોમાંથી શોધીને જણાવો.

અ) સુરત બ) બીલીમોરા
ક) ભાવનગર ડ) અમરેલી

### માતૃભાષાની મહેક

આંખોની ભાષા સમજવા જેવી છે. આંખ ઉઘડવી એટલે ભાન આવવું, સમજણ આવવી અને આંખ ઉઘાડીને જોવું એટલે બુદ્ધિ પૂર્વક વિચાર કરવો. આંખ ઊંચી કરવી એટલે સામે થવા હિંમત થવી, જ્યારે આંખ નીચી કરવી એટલે શરમથી સામે ન જોવું. આંખ ઠરવી એટલે સંતોષ થવો, પણ આંખ ઠરી જવી એટલે ગુજરી જવું, મૃત્યુ પામવું.

### ઈર્શાદ

જાત તોડી ધનુષ્યને બદલે,
એ કથા આપણા સ્વયંવરની.

ઉર્વીશ વસાવડા

### ચતુર આપો જવાબ

અર્થ જણાવો

'નયન ચકચૂર છે મન આતુર છે' પંક્તિમાં 'ચકચૂર' શબ્દનો અર્થ શું થાય એ કહી શકશો?

અ) ચિંતાતુર બ) તલ્લીન ક) ચાલાક ડ) ભયભીત

### સુડોકુ-૯૧૦૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૯ | ૩ | | | ૫ | | | ૬ |
| | | ૪ | | ૧ | ૮ | | | |
| | | | ૬ | | | | | ૪ |
| ૩ | | | | | | ૮ | ૧ | |
| | | ૭ | | | | ૯ | | |
| | ૮ | ૯ | | | | | | ૫ |
| ૭ | | | | | ૬ | | | |
| | | | ૧ | ૫ | | ૩ | | |
| ૯ | | | ૨ | | | ૫ | ૭ | ૧ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૧૦૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૫ | ૩ | ૧ | ૪ | ૬ | ૯ | ૮ | ૨ |
| ૯ | ૮ | ૪ | ૨ | ૭ | ૩ | ૧ | ૫ | ૬ |
| ૬ | ૨ | ૧ | ૯ | ૫ | ૮ | ૩ | ૭ | ૪ |
| ૩ | ૧ | ૯ | ૬ | ૮ | ૨ | ૫ | ૪ | ૭ |
| ૮ | ૪ | ૨ | ૫ | ૧ | ૭ | ૬ | ૯ | ૩ |
| ૫ | ૬ | ૭ | ૪ | ૩ | ૯ | ૮ | ૨ | ૧ |
| ૪ | ૩ | ૮ | ૭ | ૬ | ૫ | ૨ | ૧ | ૯ |
| ૨ | ૭ | ૬ | ૮ | ૯ | ૧ | ૪ | ૩ | ૫ |
| ૧ | ૯ | ૫ | ૩ | ૨ | ૪ | ૭ | ૬ | ૮ |

### માઈન્ડ ગેમ

ભારત અને એશિયાના સૌથી જૂના સ્ટોક એક્સચેન્જની નામના ધરાવતા બોમ્બે સ્ટોક એક્સચેન્જની સ્થાપના કયા વર્ષમાં થઈ હતી?

અ) ૧૬૯૦ બ) ૧૭૫૯
ક) ૧૮૭૫ ડ) ૧૯૦૧

### ગયા સોમવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| રાધાજીના ઊંચા મંદિર નીચા મોલ | ઝરૂખડે દીવા બળે રે લોલ |
| ખમ્મા મારા નંદજીના લાલ | મોરલી ક્યાં રે વગાડી |
| જેની તે વાટ જોઈ રૈતી સૈયર | તેની સંગાથે વેળ વહી'તી |
| તું કાળી ને કલ્યાણી રે મા | જ્યાં જોઉં ત્યાં જોગમાયા |
| ખેલ ખેલ રે ભવાની મા | જય જય અંબે મા |

ગુજરાત મોરી મોરી રે
રાજકોટ

ઓળખાણ પડી?
પશ્ચિમ બંગાળ

માઈન્ડ ગેમ
૨૭

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
બાળવાના લાકડાં

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) સુભાષ મોમાયા (૨) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૩) મુલરાજ કપૂર (૪) કિશોરકુમાર જીવણદાસ વેદ (૫) નીતા દેસાઈ (૬) ભારતી બુચ (૭) તાહેર ઔરંગાબાદવાલા (૮) શીરીન ઔરંગાબાદવાલા (૯) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૦) પુષ્પા પટેલ (૧૧) ખુશરુ કાપડિયા (૧૨) શ્રદ્ધા આશર (૧૩) મીનળ કાપડિયા (૧૪) લજીતા ખોના (૧૫) હર્ષા મહેતા (૧૬) વિપીન શાહ (૧૭) નૂતન વિપીન શાહ (૧૮) જ્યોતિ ખાંડવાલા (૧૯) નિખિલ બંગાળી (૨૦) અમીશી બંગાળી (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) પ્રવીણ વોરા (૨૪) યવંત પદમશી ચિખલ (૨૫) મહેન્દ્ર લોઢાવિયા (૨૬) મહેશ દોશી (૨૭) વીણા સંપટ (૨૮) દેવેન્દ્ર સંપટ (૨૯) ભાવના કર્વે (૩૦) અરવિંદ કામદાર (૩૧) નયના મિસ્ત્રી (૩૨) શિલ્પા શ્રોફ (૩૩) અંજુ ટોલીયા (૩૪) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૫) નિતીન જયંતિલાલ બજરીયા (૩૬) જ્યોત્સના ગાંધી (૩૭) હીના દલાલ (૩૮) ઈનાક્ષી દલાલ (૩૯) ગરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૦) ડો. પ્રકાશ કટકિયા (૪૧) ધીરેન્દ્ર મુલરાજ (૪૨) ગીતા ઉદેશી (૪૩) પ્રતિમા પમાણી

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

ચિંતન

હેમુ ભીખુ
feedback@bombay
samachar.com

# નિષિદ્ધ કર્મથી મુક્તિ જરૂરી



કઠોપનિષદનું વિધાન છે કે જે મનુષ્ય નિષિદ્ધ કર્મોથી વિરત થતો નથી, જેણે પોતાની ઇન્દ્રિયોને જીતી નથી, જેનું મન એકાગ્ર નથી અને જેનું ચિત્ત શાંત થયું નથી તેને કદાપિ આત્માનો સાક્ષાત્કાર ન થઈ શકે. અહીં શરૂઆતમાં નિષિદ્ધ કર્મોથી મુક્ત થવાની વાત છે. 'નાવિરતો દુશ્ચરિતાન્'નો ભાવાર્થ થાય છે કે જે દુશ્ચરિત – અનૈતિક કે અધર્મી અર્થાત ખોટાં કામ થાય છે તેમાંથી નિવૃત્ત થવું જોઈએ, આ પ્રકારના કાર્યનો ત્યાગ કરવો જોઈએ.

કર્મનું વર્ગીકરણ ઘણી રીતે થઈ શકે. કરવાં જેવાં અને ન કરવાં જેવાં કર્મ, સ્વાભાવિક કર્મ અને વિશેષ કર્મ, સ્વૈચ્છિક કર્મ અને અનૈચ્છિક કર્મ, પ્રાકૃતિક કર્મ અને અહંકાર યુક્ત કર્મ, ધર્મ આધારિત કર્મ અને ધર્મથી વિપરીત કર્મ, મુક્તિલક્ષી કર્મ અને બંધનને પ્રગાઢ બનાવતું કર્મ – આ દરેક વર્ગીકરણ ચોક્કસ પ્રકારની વિચારધારાને આધારિત છે. આ દરેક પ્રકારના કર્મની પાછળ કોઈ આધાર હોય અને તેનાથી કોઈ ચોક્કસ પ્રકારનું પરિણામ સ્થાપિત થાય. કાર્યકારણનો સંબંધ અહીં દૃઢતાથી અને શાશ્વતતાથી સ્થપાયેલો હોય છે. અહીં કશું અકારણ નથી.

કઠોપનિષદની વાત કરીએ તો નિષિદ્ધ કર્મ એટલે કે ન કરવાં જેવાં કર્મ. આવાં કર્મ ધાર્મિક, નૈતિક, સામાજિક કે સમાવેશીય દ્રષ્ટિએ યોગ્ય ન હોય. કોઈ એમ દલીલ કરી શકે કે વિવિધ ધર્મમાં તથા સંસ્કૃતિમાં આની માટે અલગ અલગ પરિભાષા હોઈ શકે. પરંતુ આ દલીલ સ્વીકારી શકાય તેવી નથી. માનવતા એક જ ધર્મ છે, સનાતની એક જ સંસ્કૃતિ છે અને સૃષ્ટિનાં પ્રત્યેક અસ્તિત્વ સાથે સુ-સંવાદિતતા એક જ ઉત્તરદાયિત્વ છે. અહીં કશું જ સંદર્ભિક કે સમયલક્ષી નથી.

નિષિદ્ધ કર્મમાં બીજાંને શારીરિક, માનસિક, સામાજિક કે આર્થિક નુકસાન પહોંચાડી શકે તેવી હિંસા, બીજાની સંપત્તિ કે દ્રવ્ય અયોગ્ય રીતે મેળવી લેવા માટે કરવામાં આવતી ચોરી, ચોક્કસ કારણથી કે અકારણ વાસ્તવિકતાને છુપાવવા બોલવામાં આવતું અસત્ય, લગ્નજીવનની બહારના વિસ્તારમાં બાંધવામાં આવતો અનૈતિક સંબંધ, દારૂ કે ડ્રગ્સ જેવાં માદક પદાર્થોનું સેવન, ન્યાય અસંગત પ્રયત્નથી ધન કે અન્ય પ્રકારની સંપત્તિ કે સત્તા પ્રાપ્ત કરવાની લાલચ, હું અને મારુંમાં મગ્ન રહી સ્વીકારવામાં આવેલી સ્વાર્થવૃત્તિ તથા અહંકારને કારણે ધાર્મિક સિદ્ધાંત વિરુદ્ધના આચરણ જેવી બાબતોનો સમાવેશ થાય છે. આ દરેક બાબત અનેક પ્રકારની નકારાત્મકતા ઊભી કરવાં સક્ષમ છે.

આ પ્રકારના કર્મ વ્યક્તિ માટે તો પતનનું કારણ બની શકે, પણ સાથે સાથે તે સમાજમાં અનેક પ્રકારની મુશ્કેલી પણ સર્જી શકે. આ પ્રકારના કર્મથી વ્યક્તિ આધ્યાત્મિક માર્ગથી દૂર થતો જાય, તેનું ધ્યાન ભૌતિક બાબતોથી પ્રાપ્ત થતી, ઇન્દ્રિય આધારિત ખુશી પર વધારે રહે અને વાસ્તવિક આનંદની સ્થિતિથી તે દૂર થતો જાય, તેનું ચિત્ત હંમેશાં વિહ્વળ રહે, તેની બુદ્ધિ સંશયગ્રસ્ત બને, તેનું મન ભટકતું રહે અને તે બધાંને કારણે તે ક્યાંય શાંતિની અનુભૂતિ ન કરી શકે. તેનું અસ્તિત્વ હંમેશાં અસંતોષી રહે. આવી વ્યક્તિ સમાજને પણ સતત નુકસાન પહોંચાડે, સમાજને પણ સતત ચિંતામાં રાખે. નિષિદ્ધ કર્મ કરવાથી ન તો વ્યક્તિની ઉન્નતી શક્ય બને ન તો સમાજ પ્રગતિના માર્ગ પર આગળ વધી શકે.

નિષિદ્ધ કર્મમાં મનની ભૂમિકા સૌથી વધુ રહેતી હોય તેમ જણાય છે. ઇન્દ્રિયોને વિચલિત કરી શકતી દરેક પરિસ્થિતિ મનને સ્થિર ન રહેવા દે. આવી પરિસ્થિતિમાં અણગમતો અવાજ, અરુચિકર દૃશ્ય, તીવ્ર દુર્ગંધ, અનિચ્છનીય સ્પર્શ, નાપસંદ સ્વાદ – બધું જ નકારાત્મક પરિણામ સ્થાપી શકે. આવી પરિસ્થિતિ મનને બંધન વધુ જકડી શકે. ઘણીવાર એમ જણાય છે કે નિષિદ્ધ કર્મમાં કોઈપણ પ્રકારની પરિસ્થિતિમાં અંતે તો નકારાત્મકતા જ ઉદ્ભવતી હોય છે.

નિષિદ્ધ કર્મોનો ત્યાગ જરૂરી છે. ઇન્દ્રિયોને કાબૂમાં કરી તેના પર જીત મેળવવી જરૂરી છે. આ સમગ્ર પ્રક્રિયામાં મન એકાગ્ર બને તે પ્રકારનો પુરુષાર્થ જોઈએ. પુરુષાર્થ જો 'કામ' અને 'અર્થ'લક્ષી હોય તો સંસાર-ચક્ર ચલિત રહેવાની શક્યતા વધી જાય, પરંતુ જો પુરુષાર્થ 'ધર્મ' અને 'મોક્ષ'લક્ષી હોય તો ચક્રમાંથી બહાર નીકળવાની સંભાવના ઊભી થાય. મન અને ઇન્દ્રિયોને સ્થિર રાખવાં માટે ધ્યાન, યોગ, ભક્તિ, જ્ઞાન-જિજ્ઞાસા, સત્સંગ, ધાર્મિક શ્રવણ અને આધ્યાત્મિક અભિગમ અનુકૂળ વાતાવરણ સર્જવામાં ઉપયોગી બની શકે.

આત્મ સાક્ષાત્કાર થવો એ કંઈ સામાન્ય ઘટના નથી. તેની માટે વ્યવસ્થિત શાસ્ત્રીય પ્રયત્ન, સદ્ગુરુનું માર્ગદર્શન, ઈશ્વરની કૃપા, સકારાત્મક માહોલ, સૃષ્ટિના સિદ્ધાંતોમાં અતૂટ વિશ્વાસ, પરમ સ્થિતિની પ્રાપ્તિ માટેની શ્રદ્ધા તથા મુક્તિની સંભાવના માટેની ખાતરી હોવી જોઈએ. આ બધું પણ કંઈ અમસ્તાં પ્રાપ્ત ન થાય. આ સમગ્ર પ્રક્રિયામાં અમુક પ્રકારનો પુરુષાર્થ કરવો જ પડે અને કેટલાંક અમુક પ્રકારના પુરુષાર્થથી દૂર પણ રહેવું જ પડે. કઠોપનિષદના આ શ્લોકમાં શેનાથી દૂર રહેવું તે બાબત સ્પષ્ટ કરવામાં આવી છે. અમુક બાબતોથી દૂરી જાળવવામાં આવે તો આપમેળે બીજી બાબતો તરફ, તેનાથી વિપરીત બાબતો તરફની સ્થિતિ સ્થાપિત થતી જાય. નિષિદ્ધ કર્મથી દૂર રહેવામાં આવે તો આપમેળે જે કર્મ કરવા યોગ્ય છે તે તરફની રૂચિ વધતી જાય.

ન કરવાં જેવાં કર્મ ન કરવાથી કે કરવાં જેવાં કર્મ કરવાથી એક જ પ્રકારનું પરિણામ સ્થાપિત થાય છે થતું હોય તેમ જણાય છે. એ છતાં પણ તેમ કહી શકાય કે ન કરવાં જેવું ન જ કરવાનું હોય અને કરવાં જેવું કરવાનું જ હોય. સંસારનું બંધન વધુ દૃઢ થાય તેવું કર્મ ન જ કરવાનું હોય અને સંસારમાંથી બહાર નીકળી શકાય તેવું કર્મ કરવાનું જ હોય. ■

દુહાની દુનિયા

ડૉ. બળવંત જાની
feedback@bombay
samachar.com

# વીજળીના લીસોટા જેવી તેજોધવલ પ્રાચીન ગાથા

અસરકારક રીતે જીવનલક્ષી મૂલ્યબોધ કરાવતી સુભાષિતને પણ ભૂલાવી દે એવી પ્રાચીન પ્રાકૃત-અપભ્રંશ અને જુની ગુજરાતીની દોહરા કે ચોપાઈ બંધની નાનકડી લઘુ રચનાઓ પણ સ્હેજેય ઓછી કે ઊણી ઊતરે એવી નથી હોતી. એમાંનો કલ્પનાવૈભવ, એમાંની વિષયસામગ્રી ક્ર્તા દ્વારા એવી તો સુંદર રીતે સંયોજાઈ હોય છે કે વાંચતા જ કે સાંભળતા જ ભાવક એનાથી અંજાઈ જઈને એની ચોટથી કાવ્ય-કંડિકાને વશ થઈ જાય.

કાવ્ય અને યૌવનનો મદ બરાબર પણ માલિકની મહેરબાનો મદ નિર્દેશીને પણ એક મદ હોય છે તેવું સૂચવતી આ પ્રાચીન ગાથા જોવા જેવી છે :

*વિરલઉ કો ઘણુ જીરવઈ, જુવ્વણ સામિ પસાઉ;*
*ભર-ઉબ્ભર સાયરુ સહઈ, ફુટ્ટઈ ઈઅરુ તલાઉ.*

ધન, યૌવન એને સ્વામી-માલિકની મહેરબાનીને કોઈ વિરલો જ જીરવી શકે, ભરતીનો ઉભાર તો મહાસાગર જ ખમી શકે; તળાવડાં જેવાં તો તરત જ ફાટી પડે. ખૂબ જ ઉચિત રીતે અહીં મદોન્મા માટે તલાવડા જેવી સામાન્ય ઉપમાં આપીને એની કક્ષાને વ્યંજનાપૂર્ણ બાનીમાં પ્રસ્તુત કરી છે.

*વટ્ટહ ટલિય જિ ઉગ્ગિયા, એ તરુવર અકયત્થ;*
*રીણઉ પહિઉ ન વીસમઈ, છુહિઉ ન વાહઇ હાથ.*

જે વૃક્ષો રાજમાર્ગ કે કેડીને છાંડીને ઊગ્યાં છે તે સાવ નકામા અકૃતાર્થ છે; નથી તો તેમની નીચે થાક્યો પાક્યો યાત્રિક વિસામો લઈ શક્તો, કે નથી કોઈ ભૂખ્યું તેમના તરફ હાથ લાંબો કરીને ફળફૂલ મેળવી શક્તું.

જેમની પાસે વિપુલ ધન છે એવા ધનપતિ જો કોઈના આશ્રયદાતા કે અન્નદાતા ન થઈ શકે તો તેમની શ્રીમંતાઈ સાવ એળે ગઈ ગણાય એવો નિર્દેશ અહીં આડે રસ્તે ઊગી નીકળેલા ફળથી લચેલા અને ઘેઘૂર છાંયડાવાળા વૃક્ષ દ્વારા અત્યંત કલાત્મક રીતે થયેલો જોઈ શકાય છે.



કોઈ વ્યક્તિ દ્વારા નિર્મળ અને સ્નેહભાવથી કંઈ આપવાને બદલે, ગુસ્સાથી અને અપમાન કરીને, અણગમો વ્યક્ત કરતા મોઢે આપવામાં આવે તો તેવા દાનની નિંદા કરતી આ ગાથા પણ અત્યંત હૃદયસ્પર્શી છે.

*ગજજવિ ઘોર ચડકક કરિ, કાલુ કોઈ મસિ – વન્નુ;*
*ઈણિ પરિ બપ્પિહાહં જલુ, જલઉ જિ જલહરિ દિન્નુ.*

ગજી ઊઠીને, ભીષાણ તણખા ઝરી, કાળા મશ થઈને મેઘે બપૈયાને જે આપ્યું, બળ્યં એ જળ.

જળ જેવા જળનું પણ મૂલ્ય ઓછું આંકીને જે રીતે અહીં પરાણે દાન કરનારને વખોડયા છે એમાંથી કર્તાની વાતને કલાત્મક રીતે કહેવાની પ્રતિભાશક્તિના દર્શન થાય છે.

બીજી એક ગાથામાં બાળકોની અળવિતરાઈ અને એના તોછડા વર્તનને જે રીતે વડીલો કે મોટેરા મોટા મનના આશ્રયદાતા જ સહન કરતા હોય છે એ વિગતને નિર્દેશવા માટે વૃક્ષ અને પંખીઓનું ઉપમાન ભારે અર્થપૂર્ણ રીતે પ્રયોજાયું છે તે જોઈએ :

*પંખ - ઝડપ્પડ ખર નહર, ચંચૂ - તણા નિહાય ;*
*તરુ મિલ્હેવિણુ કો સહઈ, સિરિ, દિજજંતા પાય.*

પંખીઓની પાંખોની ઝાંપટો, તીણાં તીક્ષ્ય નહોર(ના ઉઝરડા), ચાંચના મીણાં ઘા અને માથા પરના પદપ્રહારઃ એક વૃક્ષને બાદ કરતાં આ બધું કોણ સહી લે?

ધોધમાર વરસતો વરસાદ અને એના ગડગડાટને નિરૂપતું સુંદર કલ્પનામૂલક ઉદાહરણ અન્ય એક ગાથામાં સાંપડે છે, તે અસ્વાદીએ. અહીં જલધારારૂપી દોરડું અને પૃથ્વી આ દોરડાથી ઊંચકાતી નથી એટલે ગુસ્સાથી મેઘ બરાડા રૂપી ગડગડાટ કરી રહ્યો છે એવું આલેખન કવિની પ્રતિભાનો ભારે બળુકો પુરાવો છે, એ ઉદાહરણ જોઈએ :

*અવિરલ-પડંત-નવગલ-ધારા-રજ્જુ-ઘડિઅં પઅ-તેણ;*
*અ-પહુ-તો ઉક્ખિવિઉં રસઈ-વ મેહો મહિં ઉઅહ.*

લગાતાર પડતી પહેલાં વરસાદની જલધારા(રૂપી) દોરડાંથી પૃથ્વીને બાંધીને ઊંચકવા સતત અવિરત મથતો, પણ પછી પોતે બળમાં ઓછો પડે તેમ છે એમ પોતાને લાગતા મેઘ જાણે કે જોર કરતો-કરતો બરાડા પાડી રહ્યો છે.

વર્ષાઋતુના ચિત્રની માફક ગ્રીષ્મઋતુના ચિત્રને પણ ભારે કલાત્મક રીતે એક ગાથામાં અભિવ્યક્તિ સાંપડી છે. તાપની પીડાથી સાનભાન ભૂલીને પ્રાણીઓ કેવી ભ્રમણામાં છે એનું મૃગજળના ચિત્ર કરતા પણ ભારે મૂલ્યવાન ચિત્ર અહીં અંકાયું છે :

*ગિરિ-સો-તો-તિ ભુઅંગં મહિસો જીહાઈ લિહઈ સંત-તો;*
*મહિસસ્સકણ્હ-પથ્થર-ઝરો-તિ સપ્પો પિઅઈ લાલં*

ગ્રીષ્મની ગરમીથી સંતપ્ત એવો મહિષ-પાડો-સર્પને પહાડી ઝરણાના જળનો રેલો માનીને જીભથી ચાટી રહ્યો છે, અને સર્પ પણ મહિષપાડાની લાળને ઓગળેલું શિલાજિત માનીને ભારે પ્રેમથી પી રહ્યો છે. ■

શિવ રહસ્ય

ભરત પટેલ
feedback@bombay
samachar.com

# કામ્યાખ વનમાં જે યુગલ તપસ્યા કરશે તેમની દરેક મનોકામના પૂર્ણ થશે...

બુધ અને માતા તારા દેવગુરુ બૃહસ્પતિની સલાહ મેળવી ભગવા વેશ ધારણ કરી પૃથ્વીલોક તરફ પ્રયાણ કરે છે. પ્રયાણ દરમિયાન તેમના પર દેવર્ષિ નારદની દૃષ્ટિ પડે છે. દેવર્ષિ નારદ તેમને પૂછે છે કે, બુધ તમે અને તારા આ ભગવા વેશમાં ક્યાં જઈ રહ્યા છો. દુઃખી બુધ કહે છે, દેવર્ષિ અમારો પીછો છોડો, અને તમારા કામમાં વ્યસ્ત રહો, પણ હઠીલા દેવર્ષિ નારદ સમજે એવા નથી એટલે કહે છે, દેવગુરુ બૃહસ્પતિ મારા પણ ગુરુ છે, હું તેમની પાસેથી જાણી જ લઈશ. કંટાળેલા બુધ અને તારા પૃથ્વીલોક તરફ પ્રયાણ કરે છે તો દેવર્ષિ નારદ દેવગુરુ બૃહસ્પતિને મળવા સ્વર્ગલોક તરફ પ્રયાણ કરે છે. ઇક્ષ્વાકુવંશી રાજા ઈલ તેમના શયનકક્ષમાં નિદ્રાધીન હોય છે. અચાનક નિદ્રા તૂટતાં જૂએ છે કે રાણી વિજયા ઝરુખા સામે ઊભા છે. પૂછતાં રાણી વિજયા જણાવે છે કે, મહારાજ આપણા લગ્નને ૧૨-૧૨ વર્ષ વિતી ગયા છે, હજી સુધી આપણે રાજ્યને રાજકુમાર આપી શક્યા નથી. પ્રજાજનો રાજકુમારની પ્રતિક્ષા કરી રહ્યા છે. રાજા ઈલ રાજવૈદ્યને બોલાવે છે અને કહે છેઃ રાજવૈદ્યજી અમારા લગ્નને ૧૨-૧૨ વર્ષ વિતી ગયા છે પ્રજાજનો રાજકુમારની પ્રતિક્ષા કરી રહ્યા છે. તમે ઉત્તમ ઔષધી અમને આપો જેથી પ્રજાજનોની ઇંતજારીનો અંત આવે. રાજા ઈલના આદેશથી રાજવૈદ્ય ઔષધી બનાવી રાજા ઈલ અને રાણી વિજયાને આપે છે. ફરી પાછો સમય વિતવા માંડયો. એક રાતે રાજા ઈલે રાણી વિજયાને ફરી ઝરુખે ઊભેલા જોયાં. તેઓ વિચલીત થયા અને બીજે દિવસે રાજજ્યોતિષને બોલાવ્યા. રાજ જ્યોતિષે જણાવ્યું કે, મહારાજ રાણી વિજયાની કુંડળીમાં સંતાન યોગ જ નથી, પણ તમારી કુંડળીમાં સંતાન યોગ અવશ્ય છે. હું એમ ધારું છું કે તમારે બીજા લગ્ન કરવા જોઈએ, જેથી રાજ્યને રાજકુમારની પ્રાપ્તિ થાય. એ જ સમયે બુધ તેમની સમક્ષ ઉપસ્થિત થાય છે. મહારાજ ઇલ કહે છે, બોલો તપસ્વી તમારી શું સેવા કરી શકું? બુધ મહારાજ ઈલને કહે છે કે હું અને મારી માતા કામ્યાખ વનમાં આરાધના કરવા માંગીએ છીએ. મહારાજ ઇલ કહે છે તપસ્વી તમે જરાય ફિકર ન કરો, રાજ્ય તમને આરાધના કરવા કામ્યાખ વનમાં નદી કિનારે તુરંત આશ્રમ બનાવી આપશે. બુધ કહે છે કે, નહીં મહારાજ તમારે આશ્રમ બનાવી આપવાની જરૂર નથી, હું મારો આશ્રમ પોતે બનાવી લઈશ. હું ફક્ત તમારી અનુમતી લેવા આવ્યો છું. મહારાજ ઈલ જણાવે છે કે તપસ્વી તમારે મારી અનુમતી લેવાની કોઈ જરૂર નથી. આ ભૂમિ અને હું તપસ્વીઓની સેવા માટે તત્પર છીએ. બુધ તેમને સમજાવતાં કહે છે કે, ભગવાન શિવે પોતે આરાધના માટે રાજા હિમાલય પાસે અનુમતી લીધી હતી તો હું કોણ? પ્રસન્ન મહારાજ ઈલ કહે છે, તપસ્વી જેવી તમારી ઇચ્છા, કામ્યાખ વનમાં તમે આરાધના કરી શકો છો, ક્યારેય મદદની આવશ્યકતા હોય આ દાસ તમારી સેવામાં હાજર રહેશે.

બુધને રાજા ઇલ તરફથી અનુમતી મળતાં માતા તારા સથે કામ્યાખ વનના નદી કિનારે આશ્રમ બનાવી ભગવાન શિવની આરાધનામાં લીન થઈ જાય છે.

***

સામે પક્ષે કૈલાસ ખાતે વહેલી સવારે માતા પાર્વતી ભગવાન શિવની



પૂજા અર્ચના માટે ન પહોંચતા શિવગણો ચિંતિત થાય છે. એજ ક્ષણે ત્યાં દેવર્ષિ નારદ ઉપસ્થિત થાય છે.

દેવર્ષિ નારદઃ 'ભગવાન શિવનો જય હો, ભોળેનાથ માતા પાર્વતી વહેલી પ્રભાતે તેઓ તમારી પૂજા અર્ચના માટે અવશ્ય હોય છે, આજે કેમ ઉપસ્થિત નથી.'

ભગવાન શિવઃ 'જાઓ નંદી, જુઓ તમારી માતા ક્યાં છે?'

નંદી તુરંત માતાના ભવન તરફ જાય છે, ત્યાં પહોંચતાં જ નંદી મહારાજને ભગવાન ગણેશ અટકાવે છે અને કહે છે માતાનો આદેશ છે કે ભગવાન શિવ સિવાય કોઈને પણ અંદર પ્રવેશ આપવો નહીં. નારાજ નંદી મહારાજ પરત ફરી જણાવે છે કે માતાનો આદેશ છે કે ભગવાન શિવ સિવાય ભવનમાં કોઈને પ્રવેશ નહીં મળે. ભગવાન શિવ તુરંત માતાના ભવન પાસે પહોંચે છે. જુએ છે કે ત્યાં ગણેશ નથી. ભગવાન શિવ ભવનમાં પ્રવેશ કરે છે. જુએ છે કે માતા પાર્વતી તો તપમાં લીન છે.

ભગવાન શિવઃ 'દેવી શું થયું તપમાં કેમ લીન છો?'

માતા પાર્વતીઃ 'સ્વામિ હું તારાની અવસ્થા જોઈ ખૂબ દુઃખી છું. સ્ત્રીઓ ક્યાંય સુરક્ષિત નથી. મારી એવી કામના છે કે એક શક્તિ વન હોય જ્યાં દરેક સ્ત્રી સુરક્ષિત રહે, એ શક્તિવનમાં કોઈપણ પુરુષ પુરુષ ન રહેતાં સ્ત્રી બની જાય અને એ શક્તિવનમાં પ્રકૃતિની પ્રધાનતા રહે પુરુષની નહીં.'

ભગવાન શિવઃ 'જેવી તમારી ઇચ્છા દેવી.'

માતા પાર્વતીઃ 'ચાલો સ્વામી, જેથી શક્તિવનની પરીક્ષા પણ થઈ જાય.'

માતા પાર્વતી અને ભગવાન શિવ કામાખ્યા વન પહોંચે છે. કામાખ્યા વન પહોંચતાં જ ભગવાન શિવ પોતે સ્ત્રીરૂપ ધારણ કરે છે.

***

એક તરફ માતા તારા અને બુધ ભગવાન શિવની આરાધનામાં લીન હોય છે. એજ સમયે મહારાજ ઈલ અને મહારાણી વિજયાનો રથ ત્યાંથી પસાર થાય છે. મહારાણી વિજયા અને મહારાજ ઈલ પેલા યોગીને આરાધના કરતા જોઈ રોકાય છે.

મહારાજ ઈલઃ 'દેવી વિજયા આ એ જ યોગી છે જે મારી અનુમતી લેવા આવ્યાં હતાં, પ્રથમ તેમના આશિર્વાદ લેવા આવશ્યક છે.'

મહારાજ ઈલ અને રાણી વિજયા માતા તારા અને બુધ પાસે પહોંચે છે. તેમના આશિર્વાદ લે છે.

રાણી વિજયાઃ 'અમારા રાજ્યમાં આવેલા તપસ્વીઓના અમે દાસ છીએ, આપની ચાકરી કરવાનો મોકો આપો તો યોગ્ય કહેવાશે.'

બુધ અને તારાની અનિચ્છા યોગ્ય લાગતાં મહારાજ ઈલ અને રાણી વિજયા કામ્યાખ વનમાં પ્રવેશ કરે છે. કામ્યાખ વનમાં પ્રવેશ કરતાં જ મહારાજ ઈલ પણ સ્ત્રી બની જાય છે.

મહારાણી વિજયાઃ 'મહારાજ આ શું થયું? તમે સ્ત્રી કઈ રીતે બની ગયાં'.

મહારાજ ઇલઃ 'ભગવાન શિવની લીલા અપરંપાર છે, ભગવાન શિવના આશીર્વાદ મેળવવા તપસ્વીઓ અહીં આવતા હોય તો આપણે હવે અહીં જ તપસ્યા કરવી જોઈએ.'

મહારાજ ઇલ અને મહારાણી વિજયા તપસ્યામાં લીન થઈ જતાં માતા પાર્વતી અને ભગવાન શિવ ત્યાં ઉપસ્થિત થાય છે અને આશિર્વાદ આપતા કહે છે, 'મહારાજ ઈલ અને રાણી વિજયા તમારું કલ્યાણ થાઓ, કામ્યાખ વનમાં જે યુગલ તપસ્યા કરશે તેમની દરેક મનોકામના પૂર્ણ થશે.'

સાથે સાથે તેમણે બુધ અને તેની માતા તારાને આશિર્વાદ આપી કલંક દૂર કર્યો, એ જ સમયે દેવગુરુ બૃહસ્પતિનું આગમન થતાં તેમણે દેવી તારાને માફી આપવા જણાવ્યું. ભગવાન શિવની આજ્ઞાને શિરોમાન્ય કરી દેવગુરુ બૃહસ્પતિએ દેવી તારા અને પુત્ર બુધનો સ્વીકાર કર્યો.

***

રાજમહેલ પરત ફરેલા મહારાજ ઈલ અને રાણી વિજયાને તેમના શરીરમાં અનેરી શક્તિનો સંચાર થયેલો જણાય છે અને નવ મહિનાના ટૂંકા ગાળામાં જ તેઓને પુત્રરત્નની પ્રાપ્તિ થાય છે.

***

પરત કૈલાસ ફરેલા માતા પાર્વતી અને ભગવાન શિવને જોઈ શિવગણો આનંદિત થઈ ઉઠયાં. ભગવાન શિવ અને માતા પાર્વતીનો ઘરસંસાર સારી રીતે ચાલતો હતો. શબ્દોનું આદાન-પ્રદાન અને મજાકમશ્કરી એ સ્વાભાવિક છે પછી પૃથ્વી પરનાં પતિ-પત્ની હોય કે સ્વર્ગનાં દેવી-દેવતા.

ભગવાન શિવ વારે વારે માતા પાર્વતીને 'કાળી' કહીને ક્રોધિત કરતા, દેવી પાર્વતીને આ ગમતું નહીં, તેઓ અંદરથી ધૂંધવાઈ જતાં, પરંતુ પોતાના ક્રોધને કળાવાં દેતા નહીં. 'કાળી'નું બિરુદ મેણાટોણા રૂપે એમના અંતરને ઠેસ પહોંચાડતું હતું. ભગવાન શિવને માતા પાર્વતી આ પ્રકારે ગુસ્સો કરે એની મજા આવતી હતી. (ક્રમશઃ)■

ફોકસ

કવિતા યાજ્ઞિક
feedback@
bombaysamachar.com

# એ મંદિર જ્યાં ભગવાનની મૂર્તિને માનવની જેમ લોહી નીકળે છે!

ભગવાન નરસિંહ શ્રી વિષ્ણુના ચોથા અવતાર છે, જેમણે ભક્ત પ્રહલાદનું રક્ષણ કરવા માટે આ સ્વરૂપ ધારણ કર્યું હતું. જોકે, ભગવાન નરસિંહને સમર્પિત મંદિરો ભારતમાં ફક્ત થોડાં જ સ્થળોએ આવેલાં છે. તેમાંથી એક મંદિર અત્યંત વિશેષ છે. કારણકે એવું મનાય છે કે અહીં ભગવાન નરસિંહની પ્રતિમા જીવંત છે.

ભગવાન નરસિંહનું આ મંદિર તેલંગાણા રાજ્યમાં આવેલું છે. રાજ્યના મુલુગુ જિલ્લામાં આવેલા મલ્લુર ગામમાં સ્થિત શ્રી હેમચલા લક્ષ્મી નરસિમ્હા સ્વામી મંદિર એક એવું મંદિર છે, જ્યાં ઈશ્વરની પ્રતિમા જીવંત મનુષ્ય જેવી હોવાની માન્યતા છે. મંદિરની મૂર્તિ જેટલો જ રોચક આ મંદિરનો ઇતિહાસ પણ છે. એવી માન્યતા છે કે આ મંદિર લગભગ ૪૦૦૦ વર્ષ પૌરાણિક છે. મંદિરની રચના વિવિધ સ્થાપત્ય શૈલીઓનું મિશ્રણ છે અને મંદિરનું મુખ્ય પ્રવેશદ્વાર પરંપરાગત ગોપુરમ જેવું દેખાય છે, અને તેનું શિખર દક્ષિણ ભારતીય સ્થાપત્યની મુખ્ય શૈલી જેવું જ છે. આ મંદિર આશરે ૧૫૦૦ ફૂટ ઊંચા પર્વતની ટોચ પર આવેલું છે. આ દૈવી મંદિર સુધી પહોંચવા માટે, ભક્તોએ લગભગ ૧૫૦ પગથિયાં ચઢવા પડે છે. મંદિર પરિસરમાં સ્થાપિત ધ્વજસ્તંભ પણ ૬૦ ફૂટ ઊંચો છે.

એવું કહેવાય છે આ પર્વતને હેમચલા નામ અગસ્ત્ય ઋષિએ આપ્યું હતું. આ સ્થળ રાવણે પોતાની બહેન શૂર્પણખાને ભેટમાં



આપ્યું હતું. એવું પણ મનાય છે કે આ એ જ સ્થળ છે જ્યાં ભગવાન રામે ખર અને દુષણ સહિત ૧૪૦૦૦ રાક્ષસોનો વધ કર્યો હતો. તેથી આ સ્થળનું પૌરાણિક ધાર્મિક મહત્ત્વ ઘણું છે. સાથે, અહીં સ્થાપિત ભગવાનની ચમત્કારિક મૂર્તિ અહીંની દિવ્યતામાં વધારો કરે છે. લોકો માને છે કે આ મંદિરમાં રહેલી મૂર્તિ દૈવી ઊર્જાથી ભરેલી છે.

મૂર્તિની આંખો અને ચહેરો એક અનોખું તેજ અને ઊર્જા પ્રગટ કરે છે. અહીંની દિવ્યતાનું કેન્દ્રબિંદુ ભગવાનની વિશિષ્ટ મૂર્તિ છે. આ મૂર્તિ ૧૦ ફૂટ ઊંચી છે, અને તેની ત્વચા જીવંત માનવ જેવી જ મુલાયમ લાગે છે! જેવી રીતે મનુષ્યના શરીરની ત્વચાને જોરથી દબાવીએ તો થોડી ક્ષણો માટે ખાડો પડી જાય અને ક્યારેક નિશાન પણ રહી જાય. તેવી રીતે એવું કહેવાય છે કે આ મૂર્તિ પર દબાણ આપવાથી તેની ત્વચા પર એક નિશાન રહી જાય છે. એવું પણ કહેવાય છે કે આ મૂર્તિની ચામડી એટલી નરમ છે કે જો મૂર્તિ પર નખ લાગી જાય અથવા વધુ જોરથી દબાવવામાં આવે તો તેમાંથી લોહી નીકળવા લાગે છે. આ એક અદ્ભુત અને અકલ્પનીય ઘટના છે. એક બાજુ ભગવાન નરસિંહનું ઉગ્ર રૂપ અને બીજી બાજુ કમળપત્ર જેવી તેમની મુલાયમ ત્વચા! પરમાત્માની આવી નાજુક અને જીવંત પ્રતિમાના રક્ષણ માટે પુજારીઓ મૂર્તિ પર હંમેશાં ચંદનનો લેપ લગાવે છે. વર્ષમાં માત્ર એક વાર અક્ષય તૃતીયાના દિવસે ચંદનના લેપ વિના ભગવાનની પ્રતિમાના દર્શન થઇ શકે છે.

મંદિરની નજીક એક જળ પ્રવાહ વહે છે, જે ભગવાન નરસિંહના ચરણમાંથી નીકળતો હોવાનું માનવામાં આવે છે. રાણી રુદ્રમ્મા દેવીએ આ પ્રવાહને 'ચિંતામણિ' નામ આપ્યું હતું અને સ્થાનિક લોકો તેને 'ચિંતામણિ જલપથમ' કહે છે.

આ જળમાં ઔષધીય ગુણ હોવાની લોકોમાં શ્રદ્ધા છે. મૂર્તિની જીવંતતા એટલી માન્ય છે કે, મંદિર સાંજના ૫.૩૦ વાગ્યે દર્શન માટે બંધ કરી દેવામાં આવે છે. કારણકે માન્યતા છે કે તે પછી ભગવાન આસપાસના અરણ્યમાં ફરવા માટે નીકળે છે. દેશના મંદિરો સાથે જોડાયેલી આ શ્રદ્ધા ઈશ્વરમાં રહેલી અતૂટ શ્રદ્ધાનું પ્રતીક તો છે જ, સાથે ઈશ્વરને પોતીકા માનવાની ભાવનાનું પણ દર્શન કરાવે છે. ■

# મેચ રેફરીએ પાકિસ્તાનને ટોસ જીતાડ્યો? વીડિયો વાઈરલ થતા વિવાદ

કોલંબોઃ આઈસીસી મહિલા ક્રિકેટ વર્લ્ડકપ ૨૦૨૫માં ભારતીય ટીમ બીજી વખત આજે મેચ પાકિસ્તાન સામે મેચ રમી રહ્યું છે. કોલંબો ખાતેના આર. પ્રેમાદાસા સ્ટેડિયમમાં આયોજિત મુકાબલામાં પાકિસ્તાની કેપ્ટન ફાતિમા સનાએ ટોસ જીતીને પહેલા બોલિંગનો નિર્ણય લીધો હતો, જ્યારે ભારતીય ટીમ પહેલા બેટિંગમાં આવી હતી, પણ ટોસ મુદ્દે ટીમ ઈન્ડિયાનો દગો કર્યો હતો. ટોસ ઉછાળતી વખતે પાકિસ્તાની કેપ્ટન ફાતિમા સનાએ ટેલ્સ કહ્યું હતું, પરંતુ મેચ રેફરીએ એને હેડ કહીને પાકિસ્તાનને ટોસ જીતાડવામાં મદદ કરી હતી. એનો વીડિયો પણ વાયરલ થયા પછી લોકોએ તેના પર પ્રતિક્રિયા આપી હતી.

ભારતીય ટીમનાં કેપ્ટન હરમનપ્રીત કૌરે પાકિસ્તાન સામેની મેચમાં ટોસ ઉછાળવામાં આવ્યો હતો, ત્યારે પાકિસ્તાનની કેપ્ટન ફાતિમા સનાએ કોલ આપીને ટેલ્સ કહ્યું હતું, પરંતુ એના પછી મેચ રેફરીએ શાંન્દ્રે ફ્રિટ્ઝ અને ટોસ પ્રેઝન્ટર મેલ જોન્સે કહ્યું હતું કે હેડ્સ ઈઝ ધ કોલ અને હેડ્સ આવ્યું હતું. જોકે, ટોસ તો ભારત જીત્યું હતું, પરંતુ પાકિસ્તાન ટોસ જીત્યું હોવાનું જણાવતા પાકિસ્તાનના કેપ્ટનને પૂછવામાં આવ્યું હતું શું પસંદ કરવામાં આવશે અને સનાએ જવાબ આપવામાં વિલંબ કર્યા વિના કહ્યું કે બોલિંગ લેશે. વીડિયો પણ વાયરલ થયા પછી લોકોએ રેફરીની કામગીરી પર સવાલ કર્યા હતા.

# રોહિત-વિરાટની ઑસ્ટ્રેલિયા સિરીઝ માટે પસંદગી પાછળ છે 'એજન્ડા': ગાવસકર

નવી દિલ્હીઃ ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન સુનીલ ગાવસ્કરે રોહિત શર્મા અને વિરાટ કોહલીની વનડે ટીમમાં વાપસી અંગે આશ્ચર્યજનક નિવેદન આપ્યું છે. તેમનું માનવું છે કે બંને અનુભવી ખેલાડીઓએ ઓસ્ટ્રેલિયા સામેની વનડે શ્રેણી માટે પોતાને ઉપલબ્ધ કરાવ્યા છે, પરંતુ જો સિરીઝ વેસ્ટ ઈન્ડિઝ અથવા ઝિમ્બાબ્વે જેવી નબળી ટીમ સામે હોત તો તેઓ કદાચ રમ્યા ન હોત. ગાવસ્કરે તેને ૨૦૨૭ના વન-ડે વર્લ્ડ કપ માટે પોતાને યોજનાનો ભાગ બનાવવા કરતાં વધુ એજન્ડા આધારિત હોવાનું માન્યું હતું. ભારત ત્રણ વન-ડે અને પાંચ ટી૨૦ મેચ માટે ઓસ્ટ્રેલિયાનો પ્રવાસ કરશે. આ સિરીઝ ૧૯ ઓક્ટોબરથી શરૂ થશે.

પસંદગી સમિતિના વડા અજિત અગરકરે શનિવારે આગામી ઓસ્ટ્રેલિયા શ્રેણી માટે રોહિત અને કોહલીનું નામ આપ્યું, જે આ વર્ષની શરૂઆતમાં યુએઈમાં ચેમ્પિયન્સ ટ્રોફી પછી પ્રથમ વખત આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં વાપસી કરશે. જોકે, ગાવસ્કરનું માનવું હતું કે કોહલી અને રોહિત ફક્ત એટલા માટે રમવા માટે તૈયાર થયા કારણ કે તે ઓસ્ટ્રેલિયા સામેની શ્રેણી હતી, જેની સામે ભારત ૨૦૨૩ના વર્લ્ડ કપ ફાઇનલમાં ઘરઆંગણે હારી ગયું હતું. તેમણે ઉમેર્યું કે જો શ્રેણી વેસ્ટ ઇન્ડીઝ અથવા ઝિમ્બાબ્વે સામે હોત તો તેઓ રમવા માટે તૈયાર થયા ન હોત.

તેમણે કહ્યું હતું કે "મને ખાતરી છે કે જો આ ઝિમ્બાબ્વે અથવા વેસ્ટ ઇન્ડીઝનો પ્રવાસ હોત તો તે બંને રમવા માટે તૈયાર થયા ન હોત પરંતુ કારણ કે આ ઓસ્ટ્રેલિયામાં છે અને ભારત વર્લ્ડ કપ ફાઇનલમાં ઓસ્ટ્રેલિયા સામે હારી ગયું છે, કદાચ તે જ કારણ છે કે બંનેએ રમવાનો નિર્ણય લીધો છે. જોકે, ભારતના આ દિગ્ગજ બેટ્સમેને સ્વીકાર્યું હતું કે વર્લ્ડ કપમાં પસંદગીનો માર્ગ રોહિત અને કોહલી માટે ખરેખર મુશ્કેલ હશે, અને તે મોટાભાગે ફોર્મેટમાં તેમની રમત પર આધાર રાખશે. તે મોટાભાગે ભારત આગામી બે વર્ષમાં કેટલી વન-ડે મેચ રમશે તેના પર આધાર રાખે છે. અગરકરની જેમ ગાવસ્કરે પણ કોહલી અને રોહિતને તેમના વર્લ્ડ કપના સપનાઓને જીવંત રાખવા માટે વિજય હજારે ટ્રોફી માટે પોતાને ઉપલબ્ધ કરાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. ■

# આજે મહિલા વર્લ્ડકપમાં ન્યૂઝીલેન્ડ સામે ટકરાશે સાઉથ આફ્રિકા

ઇન્દોર : મહિલા વર્લ્ડકપમાં આજે ન્યૂઝીલેન્ડ અને દક્ષિણ આફ્રિકા ટકરાશે. તેઓ તેમની શરૂઆતની મેચોમાં મળેલી કારમી હારની નિરાશા ભૂલીને વિજય મેળવવાનો પ્રયાસ કરશે. જ્યારે ન્યૂઝીલેન્ડ તેના બોલરો પાસેથી વધુ સારા પ્રદર્શનની આશા રાખશે, ત્યારે દક્ષિણ આફ્રિકા તેના બેટ્સમેનોના ફોર્મ પર નજર રાખશે. ન્યૂઝીલેન્ડ ડિફેન્ડિંગ ચેમ્પિયન ઓસ્ટ્રેલિયા સામે પ્રથમ મેચ ૮૯ રનથી હારી ગયું હતું, જ્યારે દક્ષિણ આફ્રિકાને ઇંગ્લેન્ડ સામે ૧૦ વિકેટથી હાર મળી હતી.

બંને મેચોમાં હારેલી ટીમના બેટ્સમેનોએ નિરાશ કર્યા હતા. જોકે, ન્યૂઝીલેન્ડના બોલરોએ ઓસ્ટ્રેલિયાને ૨૨મી ઓવરમાં પાંચ વિકેટે ૧૨૮ રન હોવા છતાં ૩૨૬ રન સુધી મર્યાદિત રાખ્યું હતું. ઓસ્ટ્રેલિયાની ઓલરાઉન્ડર એશ્લે ગાર્ડનરે શાનદાર સદી સાથે તેની ટીમનો વિજય સુનિશ્ચિત કર્યો અને કેપ્ટન સોફી ડિવાઇનની ૧૧૨ રનની ઇનિંગ છતાં ન્યૂઝીલેન્ડ લક્ષ્યની નજીક પણ પહોંચી શક્યું નહીં. ન્યૂઝીલેન્ડે પોતાની છેલ્લી પાંચ વિકેટ માત્ર ૧૯ રનમાં ગુમાવી દીધી હતી. દક્ષિણ આફ્રિકા માટે આ એકતરફી મેચ રહી હતી કારણ કે તેઓ ૬૯ રનમાં ઓલઆઉટ થઈ ગયા હતા, જેમાં ફક્ત એક ખેલાડી બે આંકડા સુધી પહોંચી હતી. દક્ષિણ આફ્રિકાને લૌરા વોલ્વાર્ડ, તાજમિન બ્રિટ્સ, સુન લુસ અને મારિઝાન કૈપ પાસેથી વધુ સારા યોગદાનની આશા રહેશે. વર્લ્ડ કપ પહેલાની તેમની છેલ્લી મેચમાં દક્ષિણ આફ્રિકા પાકિસ્તાન સામે હારી ગયું. ■

# ભારતીય મહિલા ક્રિકેટરોની પણ નો હેન્ડશૅક પૉલિસી



કોલંબો : ભારતીય મહિલા વર્લ્ડકપમાં પણ ભારતીય ખેલાડીઓએ પાકિસ્તાનના ખેલાડીઓ સાથે હાથ મિલાવ્યા નહોતા. ભારતીય કેપ્ટન હરમનપ્રીત કૌરે મહિલા વર્લ્ડ કપ મેચ માટે ટોસ દરમિયાન પાકિસ્તાનના કેપ્ટન ફાતિમા સના સાથે હાથ મિલાવ્યો ન હતો. અગાઉ એશિયા કપમાં ભારતની પુરુષ ટીમે પણ પાકિસ્તાનના ખેલાડીઓ સાથે હાથ મિલાવ્યો નહોતો. બીસીસીઆઈએ ખેલાડીઓને પાકિસ્તાની ટીમના સભ્યો સાથે પરંપરાગત હાથ મિલાવવાનું ટાળવા જણાવ્યું હતું. પાકિસ્તાને ટોસ જીતીને ફિલ્ડિંગનો નિર્ણય લીધો હતો. વનડે ફોર્મેટમાં પાકિસ્તાન સામે ૧૧-૦નો રેકોર્ડ ધરાવનાર ભારતે પોતાની પ્લેઇંગ ઇલેવનમાં ફેરફાર કર્યો હતો જેમાં ઇજાગ્રસ્ત અમનજોત કૌરની જગ્યાએ રેણુકા સિંહને તક આપવામાં આવી હતી. પાકિસ્તાને ઓમૈમા સોહાલીની જગ્યાએ સદાફ શમાસને તક આપી હતી.

તાજેતરમાં પૂર્ણ થયેલા પુરુષોના એશિયા કપમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે ત્રણે મેચ રમાઈ હતી. ભારતના ખેલાડીઓએ વિરોધી ટીમ સાથે મેચ પહેલા કે પછી હાથ મિલાવ્યો ન હતો. ચેમ્પિયન ઇન્ડિયાએ એસીસીના વડા મોહસીન નકવી પાસેથી એશિયા કપ ટ્રોફી લેવાનો પણ ઇનકાર કર્યો હતો, જેઓ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના વડા છે અને ભારત વિરોધી રાજકીય વલણ ધરાવતા સરકારમાં ગૃહમંત્રી છે. પહલગામ આતંકવાદી હુમલા બાદ બંને પડોશીઓ વચ્ચેનો તણાવ ચરમસીમાએ પહોંચી ગયો છે, જેમાં પાકિસ્તાન સમર્થિત આતંકવાદીઓ દ્વારા ૨૬ ભારતીય પ્રવાસીઓની હત્યા કરવામાં આવી હતી. ત્યારબાદ ભારતે સરહદ પાર આતંકવાદી અડ્ડાઓને તોડી પાડવા માટે 'ઓપરેશન સિંદૂર' હેઠળ લશ્કરી કાર્યવાહી શરૂ કરી હતી. ■

# ભારત-પાકિસ્તાન જંગ દરમ્યાન લાખો જીવડાઓનું આક્રમણ



કોલંબોઃ ભારત અને પાકિસ્તાન વચ્ચેની રવિવારની મહિલા વન-ડે વર્લ્ડ કપની મેચ દરમ્યાન વિચિત્ર ઘટના બની હતી. અચાનક લાખો જીવડાઓનું આક્રમણ થતાં રમત થોડા સમય માટે અટકાવવી પડી હતી.

આ મેચ કોલંબોના આર. પ્રેમદાસા સ્ટેડિયમમાં રમાઈ અને એમાં પાકિસ્તાની બોલર નસરા સંધુ તેમ જ બીજી પાકિસ્તાની ખેલાડીઓ મેદાન પર અચાનક ધસી આવેલા ઝીણા તીડ જેવા જીવડાઓ વિશે અમ્પાયરને ફરિયાદ કરી ત્યારથી રમત અટકી હતી.

પાકિસ્તાનની એક ફીલ્ડર બગ સ્પ્રે છાંટી રહી હતી ત્યારે તમામ પાકિસ્તાની ખેલાડીઓ એકબીજાને મળી હતી અને રમત સંપૂર્ણપણે અટકી ગઈ હતી. કેપ્ટન ફાતિમા સનાએ સ્પ્રેની બોટલ પોતાની પાસે લઈને જીવડાઓને પોતાનાથી દૂર રાખવા છાંટ્યું હતું.

ભારતની બંને બેટર જેમાઈમા રોડ્રિગ્સ અને હર્લિન દેઓલ પણ જીવડાઓથી ત્રાસી ગઈ હતી. ■

# વિદર્ભ જીત્યું ઈરાની ટ્રોફી

નાગપુરઃ હર્ષ દુબેની શાનદાર બોલિંગની મદદથી રણજી ટ્રોફી ચેમ્પિયન વિદર્ભે રેસ્ટ ઓફ ઈન્ડિયાને ૯૩ રનથી હરાવીને ત્રીજી વખત ઈરાન ટ્રોફી જીતી હતી. પહેલા બેટિંગ કરતા વિદર્ભે તેના પ્રથમ દાવમાં ૩૪૨ રન કર્યા હતા અને રેસ્ટ ઓફ ઈન્ડિયાને પ્રથમ ઈનિંગમાં ૨૧૪ રનમાં ઓલઆઉટ કરી દીધું હતું. વિદર્ભને પ્રથમ દાવમાં ૧૨૮ રનની લીડ મળી હતી. વિદર્ભે બીજા દાવમાં ૨૩૨ રન કરીને રેસ્ટ ઓફ ઈન્ડિયાને ૩૬૧ રનનો લક્ષ્યાંક આપ્યો હતો. રેસ્ટ ઓફ ઈન્ડિયા બીજા દાવમાં ૨૬૭ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. વિદર્ભ સામેના લક્ષ્યનો પીછો કરતા રેસ્ટ ઓફ ઈન્ડિયાની બેટિંગ નબળી રહી હતી. તેણે માત્ર ૮૦ રનમાં પાંચ વિકેટ ગુમાવી દીધી હતી. યશ ધુલ સિવાય તમામ બેટ્સમેન નિષ્ફળ ગયા હતા અને ધુલ આઉટ થતા રેસ્ટની હાર પાકી થઈ ગઈ હતી. ■



**ધુલ અને યશ ઠાકુર વચ્ચે લડાઈ**

યશ ધુલને યશ ઠાકુરે આઉટ કર્યો બંને વચ્ચે લડાઈ થઈ અને બન્ને એકબીજાને મારવા દોડી ગયા હતા. અમ્પાયરે દરમિયાનગીરી ધુલ અને ઠાકુરને છૂટા પાડ્યા હતા. બંને ખૂબ ગુસ્સામાં જોવા મળ્યા હતા.


**PUBLIC NOTICE પબ્લિક નોટીસ**

BRIHANMUMBAI MAHANAGARPALIKA

બૃહન્મુંબઈ મહાનગરપાલિકા સાર્વત્રિક ચૂંટણી ૨૦૨૫

**જાહેર સૂચના**

માનનીય રાજ્ય ચૂંટણી પંચ, મહારાષ્ટ્ર રાજ્યની માન્યતા ક્રમાંક રાનિઆ/મનપા-૨૦૨૫ પ્ર. ક્ર. ૦૯/કા-૫ તારીખઃ ૩-૧૦-૨૦૨૫ નીચે મુજબ બૃહન્મુંબઈ મહાનગરપાલિકા સાર્વત્રિક ચૂંટણી-૨૦૨૫ માટે પ્રભાગ રચના અંતિમ કરવામાં આવી હોવાથી એની અધિસૂચના શાસન રાજપત્ર તારીખ ૦૬ ઑક્ટોબર, ૨૦૨૫ રોજ પ્રસિદ્ધ કરવામાં આવી છે.

સ્થળ : મુંબઈ
તારીખ : ૦૬ ઑક્ટોબર, ૨૦૨૫

સહી/-
(ભૂષણ ગગરાણી)
આયુક્ત
બૃહન્મુંબઈ મહાનગરપાલિકા

PRO/1801/ADV./2025-26

**પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.**

BRIHANMUMBAI MAHANAGARPALIKA

નં. ડે. ચી. એ./૬૮૭૮/SWD/ ES - તા. ૩૦.૧૦.૨૦૨૫

**પબ્લિક જાહેરાત**

ડેપ્યુટી ચીફ એન્જિનિયર (SWD) પૂર્વીય ઉપનગરોના અધિકાર હેઠળ ગટરોમાં સ્યૂએજ વહન કરતા વાહનોના વજન માટે બહુહેતુક કાર્યો માટે રજિસ્ટર્ડ મજૂર સંગઠનો દ્વારા સ્વયંસેવક સુપરવાઈઝર તરીકે કામ માટે કામદારોની જોગવાઈ અંગે નીચે મુજબ જાહેર સૂચના ઈશ્યૂ કરવામાં આવે છે.

આથી સલાહ આપવામાં આવે છે કે આ કાર્ય માટે રસ ધરાવતી સંસ્થાઓ તેમની લેખિત અરજીઓ રૂ. ૩,૬૩૦.૦૦ વત્તા ૧૮% GSTના ખર્ચે ડેપ્યુટી ચીફ એન્જિનિયર (SWD) પૂર્વીય ઉપનગરો, પરિવાર બિલ્ડિંગ, ૫મો માળ, નં. ૧૧૯/B, કાંજુર માર્ગ (પૂર્વ), મુંબઈ- ૪૦૦૦૪૨ની ઓફિસને મોકલી શકે છે જેથી તેઓ શક્ય તેટલી વહેલી તકે બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની ઓફિસ સુધી પહોંચી શકે. મહારાષ્ટ્ર સરકાર દ્વારા સમયાંતરે નિર્ધારિત નિયમો અને શરતો અનુસાર પૂરતું વેતન ચૂકવવામાં આવશે. પગાર, ફોર્મ-ડી લેટર ઓફ ગેરંટી, ફોર્મ-ઈ ઈન્ડેમ્નિટી બોન્ડ લેટર, વીલ નિયમો અને શરતો પત્ર વગેરે ડેપ્યુટી ચીફ એન્જિનિયર (SWD) પૂર્વીય ઉપનગરો, પરિવાર બિલ્ડિંગ, ૫મો માળ, નં. ૧૧૯/B, કાંજુર માર્ગ (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૪૨ના ઓફિસ સમય દરમિયાન (રજાઓ સિવાય) ૦૬.૧૦.૨૦૨૫થી ૧૩.૧૦.૨૦૨૫ સુધી સ્પષ્ટીકરણ નમૂના ઓફિસ મેળવવા માટે રસ ધરાવતી સંસ્થા તરફથી ડેપ્યુટી ચીફ એન્જિનિયર (પજવા) પૂર્વીય ઉપનગરોનું કાર્યાલય, પરિવાર બિલ્ડિંગ, ૫મો માળ, જમીન નં. ૧૧૯/B, કાંજુર માર્ગ (પૂર્વ), મુંબઈ- ૪૦૦૦૪૨. અરજીઓ સ્વીકારવાની છેલ્લી તારીખઃ ૧૩.૧૦.૨૦૨૫ના સાંજે ૪.૦૦ કલાક સુધી રહેશે.

છેલ્લી તારીખ : ૧૩.૧૦.૨૦૨૫ સાં. ૪.૦૦ ક. સુધી.
ડ્રોની તારીખ : ૧૭.૧૦.૨૦૨૫ના સાં. ૪.૦૦ ક. સુધી રહેશે.

સહી/-
ડે. ચીફ એન્જિનિયર (SWD) E.S.

PRO/1788/ADV./2025-26

**પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.**


# વેપાર વાણિજ્ય

# શૅરબજારને લગતી છેતરપિંડી અંગે સેબીની ચેતવણી, ગ્રામ્ય ભારતમાં જાગરૂકતાનું સ્તર નીચું

મુંબઇઃ બજાર નિયમનકાર સેબીએ રોકાણકારોને અનસર્ટિફાઇડ લોકોના અવાંછિત સંદેશાઓ સામે ચેતવણી આપી અને તેમને વોટ્સએપ ગ્રુપ્સ અથવા કોમ્યુનિટીમાં જોડાવાનું ટાળવાની સલાહ આપી છે. ભારત આજે વિશ્વનો ચોથી સૌથી મોટી ઇક્વિટી માર્કેટ છે. ડીમેટ એકાઉન્ટ્સની સંખ્યા ૨૦ કરોડને પાર કરી ગઈ છે. બજાર અને રોકાણકારોની સંખ્યા ઝડપથી વધી રહી છે, પરંતુ હકીકત એ છે કે મોટા ભાગના રોકાણકારો બજારમાં નુકસાન ભોગવે છે.

સર્વેક્ષણો દર્શાવે છે કે ગામડાંના ઘણા રોકાણકારો પૂરતા જ્ઞાન વિના માર્કેટમાં પ્રવેશ કરે છે. આ જ બાબત ધ્યાનમાં રાખીને વર્લ્ડ ઇન્વેસ્ટર અવેરનેસ વીકની ઉજવણીના ભાગરૂપે અવધૂત સાઠે ટ્રેડિંગ એકેડેમીએ યુવા ખેડૂતો અને ગ્રામીણો માટે નિઃશુલ્ક એજ્યુકેશન અને એવેરનેસ કાર્યક્રમ શરૂ કર્યો છે. પાછલા કેટલાક વર્ષોમાં ગ્રામ્ય ભારતમાં મૂડી અને કોમોડિટી બજારોમાં રસ વધ્યો છે. દેશના અનેક ગામડાંના યુવાનો પોતાના કઠિન પરિશ્રમથી કમાયેલા પૈસા શેરબજાર અને કોમોડિટીઝમાં રોકાણ કરવા લાગ્યા છે. પરંતુ યોગ્ય માહિતીના અભાવે તેઓ મૂડી ગુમાવી રહ્યા છે અને આ જ કારણે આ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો હોવાનું એકેટમીએ જણાવ્યું હતું. એકેડેમીએ અત્યાર સુધી ૫૧ દેશોમાંથી ૬૦,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓને તાલીમ આપી છે. ■

# આર્જેન્ટિના સાથે વેપાર વિકસાવવાની ભરપૂર તકો

મુંબઇઃ આર્જેન્ટિના અને ભારત વચ્ચે ખાદ્યતેલ ક્ષેત્રે વેપાર વધારવાની વિપુલ તકો મોજૂદ હોવાનો વિશ્વાસ મારિયાનો કાઉસિનોએ વ્યક્ત કર્યો છે. સોલ્વન્ટ એક્સ્ટ્રેક્ટર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયાના સહયોગથી ટેફલાઝ દ્વારા આયોજિત ગ્લોબોઇલ ઈન્ડિયા સમિટ ૨૦૨૫ના ૨૮મો સંસ્કરણ દરમિયાન તેમણે આ વાત કહી હતી. કાઉસિનોએ બંને દેશો વચ્ચે સહકાર વિસ્તારવાની શક્યતાઓ અંગે વાત કરતા કહ્યું હતું કે, ૨૦૨૩-૨૪માં આર્જેન્ટિનાએ ૮૭ લાખ ટન સોયાબીન તેલનું ઉત્પાદન કર્યું હતું, જેમાંથી ૨૧ લાખ ટન સોયાબીન તેલ અને ૪.૨૦ લાખ ટન સનફ્લાવર તેલ ભારતને નિકાસ કરવામાં આવ્યું હતું, જે પાછલા દાયકામાં સર્વોચ્ચ આંક છે.

આ સમિટમાં ૬૦થી વધુ દેશોના ૨,૦૦૦થી વધુ પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો, જેમાં નીતિગત ચર્ચા, વ્યાપારિક સંવાદ અને સાંસ્કૃતિક મનોરંજનનો સમન્વય જોવા મળ્યો હતો, અને વેજિટેબલ તેલ, તેલબિયાં અને ઓલીયોકેમિકલ ક્ષેત્રના બજારના વલણ, ટકાઉ વિકાસ અને નવીનતા પર ઊંડાણપૂર્વક ચર્ચા થઈ હતી. ■

# વાણિજ્ય ક્ષેત્રે મહિલાઓની ભાગીદારી નીચા સ્તરે

મુંબઈઃ ઓલ ઇન્ડિયા એસોસિએશન ઓફ ઇન્ડસ્ટ્રીઝના સહયોગથી વર્લ્ડ ટ્રેડ સેન્ટર મુંબઈ દ્વારા આયોજિત ગ્લોબલ વીમેન ટ્રેડ પ્રી સમિટ અને બીટુબી મીટિંગ્સમાં મહિલાઓની ભાગીદારી વધારવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

પરિષદમાં એવો મત વ્યક્ત થયો હતો કે, વેપાર અને વાણિજ્યમાં મહિલાઓના વિકાસને ટેકો આપવા માટે મહિલાલક્ષી નાણાકીય સંસ્થાઓ અને સાધનોને પ્રોત્સાહન આપવું જોઈએ. હાલમાં, વેપાર સંબંધિત સેવાઓમાં મહિલાઓની ભાગીદારી ઓછી છે, જેમાં પાંચ ટકા કરતા ઓછી ઔપચારિક રીતે સંકળાયેલી છે.

આંતરરાષ્ટ્રીય વેપાર જોડાણોને પ્રોત્સાહન આપવા માટે એક મહત્ત્વપૂર્ણ માધ્યમ બનનાર આ પરિચર્ચામાં વિશ્વભરના ૬૦થી વધુ પ્રતિનિધિ સાથે ૧૨ દેશોનાબિઝનેસ લીડર્સ અને ટ્રેડ ડેલિગેટ્સ એકત્ર થયા હતા. આ સત્રમાં ઇન્ટરનેશનલ વિમેન્સ ફેડરેશન ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના ઇન્ડિયા ચેપ્ટરના ચેરપર્સન શ્રીમતી ડાયના અબ્રુઝી અને પિલ્લાઈ ગ્રુપ ઓફ ઇન્સ્ટિટ્યુશન્સના મેનેજમેન્ટ બોર્ડ સભ્ય ડો. ડેફની પિલ્લાઈ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વૈશ્વિક વેપારમાં મહિલા નેતૃત્વ અંગેના પોતાના દ્રષ્ટિકોણ વ્યક્ત કર્યા હતા. ■

# મેક્રો ડેટા, ગ્લોબલ ટ્રેન્ડ અને ટીસીએસનાં પરિણામ પર નજર

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ ઇક્વિટી માર્કેટમાં ટ્રેડિંગ સેન્ટિમેન્ટ આ અઠવાડિયે મેક્રોઇકોનોમિક ડેટા જાહેરાતો, વિશ્વબજારના વલણ અને આઇટી સેક્ટરની અગ્રણી કંપની ટીસીએસના ત્રિમાસિક પરિણામ અને મેનેજમેમન્ટના ગાઇડન્સ તથા કોમેન્ટ્રી પર રહેશે. શેરબજારો સપ્ટેમ્બરમાં ભારતીય ઇક્વિટી બજારમાં એકધારી વેચવાલી કરી નેટ સેલર્સ બની રહેલા વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ટ્રેડિંગ પ્રવૃત્તિ પર પણ નજર રાખશે.

વિદેશી રોકાણકારો સપ્ટેમ્બરમાં ભારતીય ઇક્વિટીના ચોખ્ખા વેચાણકર્તા રહ્યા, તેમણે રૂ. ૨૩,૮૮૫ કરોડ (લગભગ ૨.૭ અબજ ડોલર)ના શેર ભારતીય બજારમાં ઠાલવ્યા છે અને વર્ષમાં અત્યાર સુધીના આઉટફ્લોને કુલ આંકડો રૂ. ૧.૫૮ લાખ કરોડ (૧૭.૬ અબજ ડોલર) સુધી પહોંચ્યો છે.

ટોચના ફંડ મેનેજરે કહ્યું હતું કે નાણાકીય વર્ષ ૨૦૨૬ના બીજા ક્વાર્ટરની કમાણીની મોસમ શરૂ થઈ રહી હોવાથી બજારની ચાલ માટે આ અઠવાડિયું મહત્વપૂર્ણ રહેશે, આઇટી અગ્રણી કંપની ટીસીએસ નવમી ઓક્ટોબરે પરિણામો જાહેર કરશે. મેક્રોઇકોનોમિક મોરચે, લોન અને ડિપોઝિટ વૃદ્ધિ પર બેંકિંગ ક્ષેત્રના ડેટા સાથે, એચએસબીસી સર્વિસિસ અને સંયુક્ત પીએમઆઇના ડેટા પર નજીકથી નજર રાખવામાં આવશે.

ટાટા કેપિટલ અને એલજી ઇલેક્ટ્રોનિક્સના મોટા આઇપીઓ સાથે, પ્રાથમિક બજારની પ્રવૃત્તિ પણ મજબૂત રહેવાની છે. વૈશ્વિક સ્તરે, અમેરિકાની વર્તમાન ખાસ કરીને ચાલુ સરકારી શટડાઉનની પૃષ્ઠભૂમિ સામે, મુખ્ય યુએસ મેક્રોઇકોનોમિક અપડેટ્સ, જેમાં એફઓએમસી મિનિટ્સ, બેરોજગારીના દાવાઓ અને ગ્રાહક ભાવના ડેટાનો સમાવેશ થાય છે, તેના પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. શટડાઉનને કારણે પહેલાથી જ કેટલાક આર્થિક ડેટાની જાહેરાતમાં વિલંબ થયો છે.

આ દરમિયાન, સ્થાનિક ચલણના વિક્રમી નીચા સ્તરે ગબડવાને કારણે રોકાણકારો દ્વારા યુએસ ડોલર સામે રૂપિયાની હિલચાલ પર પણ નજર રાખવામાં આવશે. મેક્રો સંકેતો સ્થિર થવા સાથે, બજારનું ધ્યાન બીજા ક્વાર્ટરની કમાણી અને મેનેજમેન્ટ ટિપ્પણી તરફ જશે, જે સેક્ટરલ સેન્ટિમેન્ટને અસર કરી શકે છે. સપ્ટેમ્બર ૨૦૨૫માં પૂરા થયેલા ક્વાર્ટર માટે ટીસીએસના કોર્પોરેટ પરિણામ જાહેર થશે ત્યારે આઇટી ક્ષેત્ર સ્પોટલાઇટમાં રહેશે. આ સમયગાળો છટણી, એક લાખ ડોલરની ભારેખમ એચ-વનબી વિઝા ફી વધારો અને ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા પ્રસ્તાવિત ૨૫ ટકા આઉટસોર્સિંગ ટેક્સથી ઘેરાયેલો છે.

આ પૃષ્ઠભૂમિ સામે, બજારો ટેરિફ અને વિઝા ખર્ચ, ભરતીના દૃષ્ટિકોણ, સોદામાં જીત, વિવેકાધીન ટેક ખર્ચ અને અઈ પહેલ પર પ્રગતિની અસર પર મેનેજમેન્ટ ટિપ્પણી પર ધ્યાન કેન્દ્રિત કરશે. ગયા અઠવાડિયે, બીએસઇ બેન્ચમાર્ક ૭૮૦.૭૧ પોઈન્ટ અથવા ૦.૯૭ ટકા વધ્યો અને નિફ્ટી ૨૩૯.૫૫ પોઈન્ટ અથવા ૦.૯૭ ટકા વધ્યો હતો.

ઇલેક્ટ્રિકલ, મિકેનિકલ અને ઇન્સ્ટ્રુમેન્ટેશન કાર્યોમાં વિશેષતા ધરાવતી અગ્રણી ઈપીસી કંપનીઓમાંની એક,એચઈસી ઇન્ફ્રા પ્રોજેક્ટ્સ લિમિટેડે રૂ. ૪૭.૯૮ કરોડના બે મહત્વપૂર્ણ વર્ક ઓર્ડર મેળવ્યા હોવાનું એક્સચેન્જને જણાવ્યું છે. બંને ઓર્ડરમાં અમલીકરણ સમયમર્યાદા ૧૨ મહિનાની છે અને પાવર ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને પાણી પુરવઠા પ્રોજેક્ટ્સ બંનેનો સમાવેશ થાય છે.

કેર એજ રેટિંગ્સ દ્વારા ઉત્સવ સીઝેડ ગોલ્ડ જ્વેલ્સ લિમિટેડની બેંક સુવિધાઓ માટે ક્રેડિટ રેટિંગ આપવામાં આવ્યું છે.લાંબા ગાળાની બેંક સુવિધાઓ માટે કેર ટ્રિપલબી સ્ટેબલ અને ટૂંકા ગાળાની બેંક સુવિધાઓ માટે કેર એ થ્રી પ્લસ રેટિંગ આપવામાં આવ્યું છે. કંપની ૧૮થી બાવીસ કેરેટના લાઈટ વેઈટ ઘરેણા અને રોસ ગોલ્ડ કાસ્ટિંગ પર ખાસ ફોકસ ધરાવે છે અને બીટુબી મોડલથી ઓપરેટ કરે છે.

ઇન્ટિગ્રેટેડ સ્ટીલ પ્રોડ્યુસર્સમાંની એક અને સિમ્હાદ્રી ટીએમટી બ્રાન્ડ હેઠળ ટીએમટી રિબાર્સનું ઉત્પાદન કરનાર, સ્ટીલ એક્સચેન્જ ઇન્ડિયા લિમિટેડએ નોન-કન્વર્ટિબલ ડિબેન્ચર્સ (એનસીડી)ના પ્રીપેમેન્ટ, રિડેમ્પશન અને ટર્મ લોન દ્વારા તેના નાણાકીય વ્યવસ્થાપનમાં પ્રગતિ સાથે અનુકૂળ શરતો પર રૂ. ૩૫૦ કરોડની રિફાઇનાન્સિંગ સુવિધા મેળવી હોવાની જાણ કરી છે.

કૃષિ અને ઓર્ગેનિક એફએમસીજી કંપનીઓમાંની એક, સર્વેશ્વર ફૂડ્સ લિમિટેડે, સિંગાપોર સ્થિત મોનાર્ડા કોમોડિટિઝ પાસેથી તેની સંપૂર્ણ માલિકીની પેટાકંપની ગ્રીન પોઇન્ટ પ્રાઈવેટ લિમિટેડ, સિંગાપોર દ્વારા રૂ. ૩૨૯ મિલિયનના મૂલ્યના નોંધપાત્ર નિકાસ ઓર્ડર મેળવ્યો છે. કંપની આંતરરાષ્ટ્રીય સ્તરે તેની હાજરીને વધુ મજબૂત બનાવવાનું લક્ષ્ય રાખે છે.

## એફપીઆઇએ ભારતીય બજારમાં ₹ ૧.૬૦ લાખ કરોડના શેર વેચ્યા

મુંબઇઃ સપ્ટેમ્બરમાં એફપીઆઇએ રૂ. ૨૩,૮૮૫ કરોડના મૂલ્યના ઇક્વિટી ઓફલોડ કર્યા અને ૨૦૨૫માં કુલ આઉટફ્લો રૂ. ૧.૬ લાખ કરોડ સુધી પહોંચ્યો હતો. વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (એફપીઆઇ) સપ્ટેમ્બરમાં ભારતીય શેરબજારના ચોખ્ખા વેચાણકર્તા રહ્યા, રૂ. ૨૩,૮૮૫ કરોડ (લગભગ ૨.૭૦ અબજ ડોલર) ઉપાડ્યા અને અત્યાર સુધીમાં આઉટફ્લો રૂ. ૧.૫૮ લાખ કરોડ (૧૭.૬ અબજ ડોલર) સુધી લઈ ગયા હતા.

ડિપોઝિટરીઝના ડેટા દર્શાવે છે કે, ઓગસ્ટમાં રૂ. ૩૪,૯૯૦ કરોડ અને જુલાઈમાં રૂ. ૧૭,૭૦૦ કરોડના ભારે આઉટફ્લો પછી, ઉપાડનો આ સતત ત્રીજો મહિનો છે. તાજેતરના વેચાણ પાછળ યુએસ વેપાર અને નીતિગત આંચકા, ભારતીય માલ પર પચાસ ટકા સુધીનો તીવ્ર ટેરિફ વધારો અને ૧૦૦,૦૦૦ ડોલરની એચ વનબી વિઝા ફી સહિતના અનેક પરિબળોનો સમાવેશ થાય છે, જેનાથી નિકાસલક્ષી ક્ષેત્રો, ખાસ કરીને આઇટી પ્રત્યેના અભિગમને નુકસાન થયું છે. રૂપિયાના વિક્રમી નીચા સ્તરે પતનથી ચલણનું જોખમ પણ વધ્યું છે, જ્યારે ભારતીય ઇક્વિટીના પ્રમાણમાં ઊંચા મૂલ્યાંકનને કારણે અન્ય એશિયન બજારોમાં નાણાં ખેંચાઇ રહ્યા છે. જોકે, વેચવાલીના ચાલુ દોર છતાં, કેટલાક વિશ્લેષકો માને છે કે પરિસ્થિતિઓ ધીમે ધીમે ભારતના પક્ષમાં ફેરવાઈ શકે છે. ■


BRIHANMUMBAI MAHANAGARPALIKA

સેન્ટ્રલ ખરીદી વિભાગ

ડે. ચી. એન્જિ./CPD/૨૫/TDR/ A.E.- ૧ તા. ૦૩.૧૦.૨૦૨૫

**ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર નોટિસ**

| | |
|---|---|
| વિભાગ | D.M.C. (સેન્ટ્રલ ખરીદી વિભાગ)ની ઓફિસ, ૫૬૬, N.M. જોષી માર્ગ, ભાયખલા (પ.), મુંબઈ-૪૦૦૦૧૧. |
| સેક્શન | ડે.ચીફ એન્જિનિયર (CPD) |

| ક્ર.નં. | ટેન્ડર ID | વિષય |
|---|---|---|
| ૧ | ૨૦૨૫_MCGM_૧૨૦૫૫૮૨_૧ | BMCના જંતુનાશક વિભાગ માટે લેમ્બડા સાયહાલોજિન ૧૦% W.P., ટેમેફોસ ૫૦% EC અને એલ્યુમિનિયમ ફોસ્ફાઈડ ૫૬% W.W.ની સપ્લાય માટે ટેન્ડર. ટેન્ડર નં. : ડે.ચી.એન્જિ./CPD/૨૫/TDR/AE-૧ ૨૦૨૫-૨૬ના. ઉપરોકત ટેન્ડર વિષય માટે પ્રી-બિડ મિટિંગ ૧૪.૧૦.૨૦૨૫ના ૧૫.૩૦ ક. યોજાશે, જેનું સ્થળ કોન્ફરન્સ હોલ, ૧લો માળ, સેન્ટ્રલ ખરીદી વિભાગ, ૫૬૬, N.M. જોષી માર્ગ, ભાયખલા (પ), મુંબઈ-૪૦૦૦૧૧ ખાતે છે. |

| | |
|---|---|
| ટેન્ડર તારીખ અને સમય | ૦૬.૧૦.૨૦૨૫ ૧૬.૦૦ ક. થી ૨૭.૧૦.૨૦૨૫ ૧૬.૦૦ ક. સુધી |
| | • બારડીની ઓનલાઈન ચૂકવણીની છેલ્લી તારીખ- ૨૭.૧૦.૨૦૨૫ ૧૬.૦૦ ક. સુધી. • ટેન્ડરરે નોંધ લેવી કે આ ટેન્ડર સૂચના અંગે ઈશ્યૂ કરાયેલ કોઈપણ સુધારા ફક્ત મહાટેન્ડર અને BMC પોર્ટલ પર પ્રકાશિત કરવામાં આવશે. |
| વેબસાઈટ | http://mahatenders.gov.in |
| સંપર્ક વ્યક્તિ નામઃ | શ્રી. ડિ.જે. જાધવ એક્ઝિક્યૂટિવ એન્જિનિયર (CPD) (i/c) |
| ઓફિસ નંબર | (૦૨૨) ૨૩૦૮૩૧૬૧/૬૨/૬૩ એક્ટે. નં. ૨૦૯/૨૨૬ |
| ઈમેલ ID | ae01.cpd@mcgm.gov.in |

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનરના આદેશથી
સહી/-
ડે. ચીફ. એન્જિનિયર (M&E) C.P.D.

PRO/1794/ADV./2025-26

**પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.**





# અજિત પવાર માટે ભંડોળના દુકાળ વચ્ચે લીલા દુકાળનો અધિકમાસ

## જીએસટીમાં સુધારાથી મહેસૂલ ઘટી, લાડકી બહેનોની વીરપસલી તો અકબંધ જ છે ત્યાં અતિવૃષ્ટિથી અસરગ્રસ્ત ખેડૂતોને સહાય ક્યાંથી આપવી

*વિપુલ વૈદ્ય*

મુંબઈઃ મહારાષ્ટ્રમાં અત્યારે ખેડૂતોને સહાય આપવાના મુદ્દે રાજ્યના વિપક્ષો સરકારને ઘેરી રહ્યા છે ત્યારે રાજ્યના નાણાંપ્રધાન અજિત પવારની હાલત અત્યંત કફોડી થઈ છે. એક તરફ રાજ્યની આર્થિક હાલત અત્યંત કફોડી છે. રાજ્ય સરકાર પહેલેથી જ ૯.૩૨ લાખ કરોડના દેવા હેઠળ ડૂબી જવાની આશંકા છે અને લાડકી બહેન યોજનાનો રૂ. ૩૬,૦૦૦ કરોડનો બોજ ઘટવાનું નામ લેતો નથી. આ બધાની વચ્ચે

(જુઓ પાનું ૪)

**રાજ્યની કફોડી આર્થિક સ્થિતિ**

| | |
|---|---|
| રાજ્યનું દેવું | ૯.૩૨ લાખ કરોડ |
| મહેસૂલી ખાધ (બજેટ મુજબ) | ૪૫,૦૦૦ કરોડ |
| લાડકી બહેન યોજનાનો બોજ | ૩૬,૦૦૦ કરોડ |
| જીએસટી સુધારાને કારણે મહેસુલી આવકમાં ઘટાડો | ૧૨,૦૦૦ કરોડ |

# કેન્દ્ર સરકાર ખેડૂતોને રાહત આપવા તૈયાર, પણ...: અમિત શાહ

પુણેઃ રાજ્યના મરાઠવાડા સહિતના અનેક વિસ્તારોમાં પૂરને કારણે ફેલાયેલી સ્થિતિને ધ્યાનમાં રાખીને મદદની માગણી થઈ રહી છે ત્યારે મહારાષ્ટ્રની મુલાકાતે આવેલા ગૃહ પ્રધાન અમિત શાહે એવી જાહેરાત કરી હતી કે કેન્દ્ર સરકાર ખેડૂતોને મદદ કરશે, પરંતુ રાજ્ય સરકારે પંચનામાનો વિસ્તૃત અહેવાલ મોકલવો જોઈએ, ત્યારબાદ મદદની જાહેરાત કરવામાં આવશે.

શિરડીના સાંઈ મંદિરમાં પગે લાગ્યા બાદ અમિત શાહ પ્રવરલોણીમાં એક કાર્યક્રમને સંબોધી રહ્યા હતા. તેમણે કહ્યું હતું કે હું પ્રવરનગરમાં આવ્યો છું. સહકારી ક્ષેત્રમાં આને પંઢરી માનવામાં આવે છે તેનું કારણ પદ્મશ્રી ડૉ.

(જુઓ પાનું ૪)



**બાબાને શરણે...**
ગૃહ પ્રધાન અમિત શાહે રવિવારે મહારાષ્ટ્રની મુલાકાત દરમિયાન શિરડીના સાંઈબાબાના દર્શન કર્યા હતા. (પીટીઆઈ)

## ફડણવીસ, શિંદે અને અજિત દાદા સાથે કરી બંધબારણે ચર્ચા

મુંબઈઃ મહારાષ્ટ્રમાં ખૂબ જ ભારે વરસાદને લીધે ખેડૂતોને પારાવાર નુકસાન ગયું છે અને ખેડૂતો સહિત ત્રણેય પક્ષના વિધાનસભ્યો પણ સરકારથી નારાજ છે. સરકારે હજુ લીલો દુષ્કાળ જાહેર કર્યો નથી અને ખેડૂતોના ખેતર ધોવાઈ જતા વળતર માટે સતત માગણી થઈ રહી છે. આ વચ્ચે કેન્દ્રીય પ્રધાન

(જુઓ પાનું ૪)

# આધાર નોંધણી-અપડેટ સર્વિસના દરમાં પચાસ ટકાનો વધારો

અકોલાઃ ભારતીય વિશિષ્ટ ઓળખ પ્રાધિકરણ (યુઆઇડીએઆઇ) દ્વારા પહેલી ઓક્ટોબર, ૨૦૨૫ થી આધાર નોંધણી અને અપડેટ સેવાઓના શુલ્કમાં ૫૦ ટકા સુધીનો વધારો થયો છે.

ભારતના દરેક નિવાસી નાગરિક માટે આધાર કાર્ડ ફરજિયાત છે. નવજાત શિશુથી લઈને વરિષ્ઠ નાગરિક સુધી દરેક વ્યક્તિ આધાર નોંધણી કરાવી શકે છે. આધારની વિગતો અપડેટ રાખવી પણ જરૂરી છે. આધાર નોંધણી અને અપડેટની સેવાઓમાં પહેલી ઓક્ટોબરથી વધારો કરવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓ, ખેડૂતો, બહેનો સહિત સામાન્ય નાગરિકોને તેનો મોટો આર્થિક બોજ સહન કરવો પડી રહ્યો છે. આ નવા દરો ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૮ સુધી લાગુ રહેશે.

નવી આધાર નોંધણી પહેલાની જેમ જ મફત છે. ૫ થી ૧૭ વર્ષના વયજૂથના વિદ્યાર્થીઓ માટે બાયોમેટ્રિક અપડેટ પણ મફત રાખવામાં આવ્યું છે. અન્ય બાયોમેટ્રિક અપડેટ માટેનો ચાર્જ હવે ૧૨૫ રૂપિયા કરવામાં આવ્યો છે, જે પહેલા ૧૦૦ રૂપિયા હતો. 'ડેમોગ્રાફિક' અપડેટ (સરનામું, વગેરે) માટે આધાર કેન્દ્ર પર અથવા ઓનલાઈન શુલ્ક હવે ૫૦ રૂપિયાને બદલે ૭૫ રૂપિયા કરવામાં આવ્યો છે. એડ્રેસ પુરાવો, ઓળખનો પુરાવો, દસ્તાવેજ અપડેટ કરવા માટે આધાર નોંધણી કેન્દ્ર અથવા પોર્ટલ પરનો શુલ્ક હવે ૫૦ રૂપિયાને બદલે ૭૫ રૂપિયા વસૂલવામાં આવી રહ્યો છે. ઇ-

(જુઓ પાનું ૪)

# 'સાયબર ગુલામી' કેસમાં મીરા રોડ, સુરતથી બે આરોપીની ધરપકડ

## ઊંચા પગારે નોકરીને બહાને યુવાનોને વિદેશ મોકલી સાયબર ફ્રોડ આચરવાની ફરજ પાડી

મુંબઈઃ મીરા રોડના બે યુવાનને ઊંચા પગારે નોકરીને નામે વિદેશી મોકલાવી સાયબર ફ્રોડ આચરતી કંપનીમાં બળજબરીથી કામ કરાવવાના 'સાયબર ગુલામી' કેસમાં ક્રાઇમ બ્રાન્ચના અધિકારીઓએ મીરા રોડ અને સુરતથી બે આરોપીની ધરપકડ કરી હતી.

ક્રાઇમ બ્રાન્ચ યુનિટ-૧ (કાશીમીરા)ના અધિકારીઓએ ધરપકડ કરેલા આરોપીની ઓળખ આસિફ ખાન ઉર્ફે નેપાળી અને રોહિતકુમાર મરડાણા તરીકે થઇ હતી. મીરા રોડમાં રહેતો આસિફ શેખ ઉર્ફે નેપાળી એજન્ટ તરીકે કામ કરતો હતો અને મ્યાનમારમાં તેના સાથીદાર અદનાનની મદદથી નોકરી

(જુઓ પાનું ૪)

# પાલઘર નજીક સમુદ્રમાં ૨૦૦ મુસાફરો અને ૭૫ વાહનો સાથે રો-રો ફેરી ફસાઈ

મુંબઈઃ મહારાષ્ટ્રના મુંબઈ નજીકના પાલઘર જિલ્લામાં સફાળે અને વિરાર વચ્ચે ૨૦૦ મુસાફરો અને ૭૫ વાહનોને લઈને જતી રો-રો ફેરીમાં રવિવારે સાંજે ઓવરલોડિંગને કારણે ટેકનિકલ ખામી સર્જાઈ હતી.

વધારે વજનને કારણે, રોલ ઓન-રોલ ઓફ ફેરીને સેવા આપતો હાઇડ્રોલિક રેમ્પ તૂટી ગયો, જેના કારણે જહાજ મ્હારામબલપાડા નજીક પાણીમાં અટકી ગયું હતું, એવી માહિતી અધિકારીઓએ આપી હતી.

'થોડા કલાકો સુધી મુસાફરો જહાજમાં ફસાયેલા રહ્યા જ્યારે ક્રૂ અને સ્થાનિક મરીન અધિકારીઓએ સંકલિત બચાવ પ્રયાસો માટે તેને સ્થિર કરવાનો પ્રયાસ કર્યો હતો. જિલ્લા વહીવટીતંત્રના પોલીસ કર્મચારીઓ અને મરીન રેસ્ક્યુ ટીમો પણ ઘટનાસ્થળે દોડી ગઈ. બચાવ અને સમારકામ ચાલુ છે,' એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

આ ઘટના યાંત્રિક ખામી,

(જુઓ પાનું ૪)

## દિવાળીમાં ડ્રોન, કંદીલ ઉડાવવા પર પ્રતિબંધ

મુંબઈઃ દિવાળી નિમિત્તે નાગરિકોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને મુંબઈમાં ડ્રોન તથા કંદીલ ઉડાવવા પર પોલીસ દ્વારા પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ આદેશનું ઉલ્લંઘન કરનારા વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૨૩ હેઠળ કાર્યવાહી કરવામાં આવશે. મુંબઈ અને ઉપનગરમાં દિવાળીમાં મોટા પ્રમાણમાં ફટાકડાની આતશબાજી

(જુઓ પાનું ૪)

# ઉદ્ધવ - રાજની ત્રણ મહિનામાં પાંચમી મુલાકાતઃ રાજકીય હલચલ તેજ

મુંબઈઃ આજકાલ મહારાષ્ટ્રના રાજકારણમાં સૌથી વધુ ચર્ચિત મુદ્દો કોઈ હોય તો ઠાકરે બંધુઓનું પુનર્મિલન જ છે. છેલ્લાં ત્રણ મહિનામાં પાંચ વખત તેમની વચ્ચે મુલાકાતો થયા બાદ બંને પાર્ટીઓ વચ્ચે રાજકીય હલચલ તેજ થઇ હોવાનું માનવામાં આવે છે.

રવિવારે શિવસેના સાંસદ સંજય રાઉતના પૌત્રના નામકરણ કાર્યક્રમમાં ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે સાથે જોવા મળ્યા હતા. આ કાર્યક્રમ બાંદ્રા-કુર્લા કોમ્પ્લેક્સ (બીકેસી) સ્થિત એમસીએ ક્લબમાં યોજાયો હતો. ઉદ્ધવ ઠાકરેએ પત્ની રશ્મિ ઠાકરે અને પુત્ર આદિત્ય ઠાકરે સાથે હતા. મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે) ના વડા રાજ ઠાકરે પણ તેમની પત્ની શર્મિલા ઠાકરે સાથે હાજર હતા.

આ પહેલી વાર નથી જ્યારે બંને ભાઈઓ તાજેતરમાં સામસામે આવ્યા હોય. છેલ્લા ત્રણ મહિનામાં આ તેમની પાંચમી મુલાકાત છે. સ્થાનિક સંસ્થા અને મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી

(જુઓ પાનું ૪)






# પાલિકાને લક્ષ્યના ૪૦ ટકા પ્રોપર્ટી ટેક્સ વસૂલવામાં સફળતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાને નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના પહેલા છ મહિનામાં ૩,૧૦૦ કરોડ રૂપિયાનો પ્રોપર્ટી ટેક્સ વસૂલ કરવામાં સફળતા મળી છે, જે તેના નિર્ધારીત વાર્ષિક લક્ષ્યાંક ૭,૭૦૦ કરોડ રૂપિયાના ૪૦ટકાથી વધુ રકમ છે. આર્થિક વર્ષના પહેલા છ મહિનામાં જ મોટી રકમ પાલિકાની તિજોરીમાં જમા થવા માટે ડિફોલ્ટરો સામે પાલિકાની આકરી કાર્યવાહીને જવાબદાર માનવામાં આવે છે.

અગાઉ પાલિકાની મુખ્ય આવક ઑક્ટ્રોય મારફત થતી હતી. ઓક્ટ્રોય બંધ થયા બાદ પ્રોપર્ટી ટેક્સને પાલિકાની આવકનો મુખ્ય સ્રોત ગણવામાં આવે છે. જોકે તાજેતરના વર્ષોમાં પાલિકાને પ્રોપર્ટી ટેક્સની વસૂલીમાં પણ અનેક પડકારોનો સામનો કરવો પડયો છે. મુંબઈમાં ૫૦૦ ચોરસ ફૂટ સુધીની રહેણાંક મિલકતોને પ્રોપર્ટી ટેક્સમાં છૂટ આપવાનો રાજ્ય સરકારે નિર્ણય લીધો હતો તેને કારણે પાલિકાની આવકને મોટો ફટકો પડ્યો છે. ઓછું હોય તેમ ૨૦૧૫-૧૬ની સાલથી ટેક્સમાં સુધારણા કરવામાં આવ્યો નથી.

પ્રોપર્ટી ટેક્સની ગણતરીની નવી પદ્ધતિમાં સંકળાયેલી કાયદાકીય ગૂંચવણને કારણે ૨૦૨૩-૨૪ના નાણાકીય વર્ષમાં પાલિકાની આવકને મોટો ફટકો પડ્યો હતો. જોકે ગયા વર્ષથી પાલિકાએ હવે પ્રોપર્ટી ટેક્સના ડિફોલ્ટરો પર પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું છે. ડિફોલ્ટરો પાસેથી બાકી રહેલા ટેક્સની વસૂલી માટે પાલિકાના અસેસમેન્ટ ડિપાર્ટમેન્ટના પ્રયાસને કારણે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ૬,૨૦૦ કરોડ

(જુઓ પાનું ૪)

# મુંબઈ મહાનગરપાલિકાની વોર્ડ રચનાનો અંતિમ પ્લાન આજે જાહેર થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાની આગામી ચૂંટણી માટે વોર્ડની ભૌગોલિક સીમા બાબતે અંતિમ પ્લાન સોમવાર, છ ઑક્ટોબરના જાહેર થવાનો છે. રાજ્ય સરકારે નિમેલા અધિકારીએ અંતિમ સ્વરૂપ આપીને કરેલી વોર્ડ રચના રાજ્ય સરકારને રજૂ કર્યા બાદ હવે તેનો ફાઈનલ પ્લાન રજૂ થવાનો છે. તેથી નાગરિકો આપેલા સુધારા-વધારાને વોર્ડ રચનાને અંતિમ સ્વરૂપ આપવા સમયે ધ્યાનમાં લેવામાં આવ્યો હતો કે નહીં તે ચોક્કસ રીતે જાણી શકાશે નહીં.

રાજ્યની રખડી પડેલી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણી બહુ જલદી અપેક્ષિત હોઈ મુંબઈ મહાનગરપાલિકાએ આગામી ચૂંટણી માટે વોર્ડની ભૌગોલિક સીમા બાબતનો ડ્રાફ્ટ પ્લાન ૨૨ ઑગસ્ટના જાહેર કર્યો હતો. આ ડ્રાફ્ટ પ્લાન પર વાંધા અને સૂચનો રજૂ કરવા માટે સામાન્ય નાગકોને ચાર સપ્ટેમ્બર સુધીની મુદત આપવામાં આવી હતી. મુદતના છેલ્લાં દિવસ સુધી મુંબઈ મહાનગરપાલિકા પાસે ૪૯૪ વાંધા અને સૂચનો નોંધાયા હતા, તેના પર સપ્ટેમ્બર મહિનામાં સુનાવણી થઈ હતી. ત્રણ દિવસ ચાલેલી સુનાવણીમાં મહારાષ્ટ્ર સરકારે એડિશનલ ચીફ સેક્રટરી (હોમ) ઈકબાલ સિંહની સત્તાવાર અધિકારી

(જુઓ પાનું ૪)


PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"


"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**